જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

## માસિક

## માર્ચ, એપ્રિલ, મે-૨૦૨૪



માનદ તંત્રી

## અહમદ યાકૂબ પટેલ

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| ખોફની નમાઝની રીત.. | ૫ |
| મઆરિફુલ હદીસ | ૧૦ |
| શરઈ હુકમો માટે ઈજતેહાદની શરતો | ૧૬ |
| અલ્લાહની બે નેઅમતો : જાન – માલ | ૨૨ |
| બુનિયાદી ઈસ્લામી ઈબાદતોનું માળખું | ૨૯ |
| શયતાન અને હઝ.અબુ હુરયરહ રદિ. | ૩૫ |
| ગઝએ હિન્દની વાસ્તવિકતા | ૩૮ |
| અનોખા નિકાહ | ૪૩ |
| ખુદા અને રસૂલ વિશે બુનિયાદી અકીદાઓ | ૪૭ |
| હજનું મહત્વ | ૫૨ |
| હજના પાંચ દિવસો | ૫૬ |
| હઝ. અલી રદિ.ની બહાદુરી | ૬૧ |
| ઘરકામમાં ઓરતોનો ફાળો | ૬૯ |
| બેગમ સુલતાન જહાં | ૭૬ |
| એહસાન, બરાબરી અને શોષણ | ૮૧ |
| કુરઆન અને વહીની સમજૂતી | ૮૩ |
| હઝ. મવ. મુહમ્મદ કાવી રહ. | ૮૭ |
| શેખ અબ્દુલ કુદૂસ ગંગોહી રહ. | ૯૫ |
| દીની તાલીમ | ૯૮ |
| મહમૂદુલ ખસાઈલ | ૧૦૧ |
| ફતાવા વિભાગ | ૧૦૫ |
| બોધકથા | ૧૦૯ |
| Stay Strong after Ramadan | ૧૧૦ |
| ગુનાહ અને ઈસ્લામી શરીઅત | ૧૧૨ |
| છેલ્લા પાને | ૧૧૪ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફ્તી અહમદ દેવલ્વી**

માર્ચ, એપ્રિલ, મે ૨૦૨૪ ઈ.

રમઝાન, શવ્વાલ, ઝીલ્કદ ૧૪૪૫ હિ.

વર્ષ : ૨૪, અંક : ૧,૨,૩

વાર્ષિક લવાજમ

રૂા. ૧૦૦–૦૦

છૂટક કિંમત : ૧૦–૦૦ રૂા.

www.jamiahjambusar.in/Al_Balag.php


અલ બલાગનો આ અંક માર્ચ, એપ્રિલ, મે, ત્રણ માસનો સંયુકત અંક છે. અમુક મહીનાઓથી અલબલાગનું સંપાદન અને પ્રકાશન અસ્ત વ્યસ્ત છે, એ બદલ અમે દીલગીર છીએ. આશા છે કે જૂન માસથી બધું વ્યવસ્થિત થઈ જશે.

<u>તંત્રી સ્થાનેથી</u>

માણસ આ દુનિયામાં બધી જ રીતે મુસાફર છે. એક ઘરેથી બીજા ઘેર ફરતો રહે છે. દાદીનું ઘર, નાનીનું ઘર. બાપનું ઘર, પોતાનુ ઘર. દીકરાનું ઘર. એક શહેર કે ગામડેથી બીજા શહેર કે ગામડે. માંનુ પેટ, દુનિયા, કબર, આખિરત.. આમ એક જગ્યાએથી બીજી જગ્યાએ આગળ વધતા રહેવું માણસની જિંદગીનું જરૂરી કાર્ય છે.

ઈસ્લામની નજરે પણ માણસ મુસાફર છે. હદીસ શરીફમાં પણ માણસને અજનબી મુસાફરની જેમ રહેવાની તાકીદ છે. પોતાને મહેમાન સમજતો માણસ સફરમાં કયાંયે કાયમના રહેવાનો ઈરાદો નથી કરતો, ન તો એના અસબાબ ભેગા કરે છે. બલકે છેલ્લી મંઝિલની તૈયારી કરતો રહે છે. માણસની આદત આ પણ છે કે જે મંઝિલે જવાનું હોય ત્યાં પોતાની ઓળખાણ શોધે છે. થોડા સમયે માટે જવાનું હોય તો પણ ઠેકાણું અને છત શોધે છે. આ માણસની ખાસિયત છે. એટલે જ જયાં જીવનભર રહેવાનું હોય ત્યાં મજબૂત ઘર બનાવે છે. સારા પાડોશીઓ શોધે છે. દોસ્તો અને સંબંધીઓ ભેગો રહે છે. આ બધું માણસના સ્વભાવ અને ફિતરતમાં છે.

અલબત્ત સમજદાર માણસ તે કહેવાશે, જે દુનિયાની જિંદગી પછી આવનારી આખિરતની મંઝિલ માટે તૈયારી કરે. દુનિયાને આખિરતની સફર સમજે અને આખિરતને આખરી મંઝિલ સમજીને એના માટે તૈયારી કરે. માણસે આખિરત માટે શેની તૈયારી કરવાની છે ? ફકત અલ્લાહને રાજી રાખવાની. અને અલ્લાહને રાજી રાખવો પણ સરળ છે. ઘરવાળા, બાળ બચ્ચાઓ, નોકર ચાકર, શેઠ, સાહેબ... આ બધાં કરતાં પણ અલ્લાહને રાજી રાખવા આસાન છે. નમાઝ, રોઝા, ઝકાત અને હજ, અને ગુનાહોથી બચવાથી અલ્લાહ રાજી થઈ જાય છે.

આમ છતાં માણસ દુનિયાના શોખમાં, નફસ અને દિલની મુરાદોમાં પરોવાયને અલ્લાહને ભૂલી જાય છે. કોઈ સદંતર ભૂલી જાય છે. કોઈ થોડા વધતા અંશે અલ્લાહને ભૂલે છે. કામ્યાબ માણસ એ છે કે જીવન પુરૂં થતાં પહેલાં પૂરી રીતે અલ્લાહનો થઈ જાય અને જીવનમાં જે કંઈ ભૂલો

થઈ હોય એની ભરપાય કરી લે.

ઈમામ અહમદ બિન હંબલ રહ. ફરમાવે છે કે એકવાર રસ્તે જતાં મેં એક ડાકૂ જોયો, તે લોકોનો માલ લુટી રહયો હતો. એના થોડા દિવસ પછી એ ડાકૂ મસ્જિદમાં નમાઝ પઢતો જોવા મળ્યો. મને નવાઈ લાગી. મેં એને નસીહત કરી કે આ કેવી નમાઝ ? અલ્લાહ તઆલા સાથે તમારો સંબંધ આવો ન હોવો જોઈએ કે એક તરફ તમે લોકોનો માલ લૂટો છો અને પછી નમાઝ પઢો ! અલ્લાહ તઆલા આવી નમાઝ કબૂલ કરે ? ડાકૂ કહેવા લાગ્યો કે, ભાઈ ! મારા અને અલ્લાહ તઆલા વચ્ચેના બધા રસ્તા બંધ થઈ ગયા છે. હું ચાહું છું કે અલ્લાહ તઆલા સાથેનો કોઈ દરવાજો ખુલ્લો રહે. એટલે નમાઝ પઢીને એ દરવાજો સાચવી રહયો છું.

ઈમામ અહમદ રહ. ફરમાવે છે કે આ ઘટનાના થોડા સમય પછી હું હજમાં ગયો. તવાફ કરતાં મેં જોયું કે કોઈ માણસ કાબા શરીફના પરદાને પકડીને દુઆ કરી રહયો છે : હે અલ્લાહ હું તોબા કરું છું. મને માફ કરી દે. હવે હું તારી નાફરમાની તરફ કદી નહીં જઈશ... મને થયું આટલી બેચેની સાથે દુઆ કરનાર આ માણસ આખર કોણ છે ? નજીક જઈને જોયું તો તે જ માણસ હતો જેને બગદાદના રસ્તે લુટમાર કરતો જોયો હતો.

હવે મને થયું કે આ માણસ પહેલેથી જ સમજદાર અને નસીબદાર હતો, એણે અલ્લાહ તઆલા તરફ જતા બધા રસ્તો બંધ કર્યા ન હતા. અને અલ્લાહ તઆલાએ એને શામ મુજબ એને બદલો આપ્યો અને પોતાના તરફ બોલાવવા માટે બધા દરવાજા ખોલીને એની તોબા કરાવી દીધી.

દુઃખી કે દદી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી
ગરીબની દાદ સાંભળવા, અવરના દુઃખને દળવા
તમારા કર્ણનેત્રોની ઉઘાડી રાખજો બારી
પ્રણયનો વાયરો વાવા, કુછંડી દુષ્ટ વા જાવા
તમારા શુદ્ધ હદયોની ઉઘાડી રાખજો બારી
થયેલાં દુષ્ટ કર્મોના છુટા જંજીરથી થાવા
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

# લડાઈ વેળા ખોફની નમાઝની રીત અને દુશ્મનનો પીછો કરવાની તાકીદ

بسم الله الرحمن الرحيم

وَإِذَا كُنتَ فِيهِمْ فَأَقَمْتَ لَهُمُ الصَّلَاةَ فَلْتَقُمْ طَائِفَةٌ مِّنْهُم مَّعَكَ وَلْيَأْخُذُوا أَسْلِحَتَهُمْ فَإِذَا سَجَدُوا فَلْيَكُونُوا مِن وَرَائِكُمْ وَلْتَأْتِ طَائِفَةٌ أُخْرَىٰ لَمْ يُصَلُّوا فَلْيُصَلُّوا مَعَكَ وَلْيَأْخُذُوا حِذْرَهُمْ وَأَسْلِحَتَهُمْ ۗ وَدَّ الَّذِينَ كَفَرُوا لَوْ تَغْفُلُونَ عَنْ أَسْلِحَتِكُمْ وَأَمْتِعَتِكُمْ فَيَمِيلُونَ عَلَيْكُم مَّيْلَةً وَاحِدَةً ۚ وَلَا جُنَاحَ عَلَيْكُمْ إِن كَانَ بِكُمْ أَذًى مِّن مَّطَرٍ أَوْ كُنتُم مَّرْضَىٰ أَن تَضَعُوا أَسْلِحَتَكُمْ ۖ وَخُذُوا حِذْرَكُمْ ۗ إِنَّ اللَّهَ أَعَدَّ لِلْكَافِرِينَ عَذَابًا مُّهِينًا ﴿١٠٢﴾ فَإِذَا قَضَيْتُمُ الصَّلَاةَ فَاذْكُرُوا اللَّهَ قِيَامًا وَقُعُودًا وَعَلَىٰ جُنُوبِكُمْ ۚ فَإِذَا اطْمَأْنَنتُمْ فَأَقِيمُوا الصَّلَاةَ ۚ إِنَّ الصَّلَاةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِينَ كِتَابًا مَّوْقُوتًا ﴿١٠٣﴾ وَلَا تَهِنُوا فِي ابْتِغَاءِ الْقَوْمِ ۖ إِن تَكُونُوا تَأْلَمُونَ فَإِنَّهُمْ يَأْلَمُونَ كَمَا تَأْلَمُونَ ۖ وَتَرْجُونَ مِنَ اللَّهِ مَا لَا يَرْجُونَ ۗ وَكَانَ اللَّهُ عَلِيمًا حَكِيمًا ﴿١٠٤﴾

તરજમહ : અને (હે નબી ) જ્યારે તમે પણ સફરમાં એમની સાથે હોવ (અને શત્રુનો પણ ભય હોય) અને આ સ્થિતિમાં તમે એમને નમાઝ પઢાવો તો (રીત આ છે કે) એમની એક ટુકડી તમારી સાથે ઊભી રહે, અને એમણે પોતાના હથિયાર સાથે રાખવાં જોઈએ, હવે જ્યારે આ લોકો સજદો (એક રકઅત પૂરી) કરી લે તો તેઓ તમારા પાછળ જતા રહે, અને નમાઝમાં ન હતી તે બીજી ટુકડી આવે અને તેઓ તમારા સાથે નમાઝ પઢે અને આ લોકોએ પણ પોતાના બચાવનાં સાધનો અને હથિયાર સાથે રાખવાં જોઈએ. (કારણ કે) કાફિરો ચાહે છે કે (કયાંક) તમે તમારાં હથિયારો અને સામાનથી ગાફિલ થઈ જાઓ તો તેઓ તમારા ઉપર એકસામટા તૂટી પડે. અલબત્ત પણ જો તમને વરસાદ વગેરેના કારણે (સશસ્ત્ર રહેવામાં) તકલીફ હોય અથવા તમે બીમાર

હોવ એ કારણે તમારા હથિયાર ઉતારી દો તો તમને કંઈ ગુનાહ નથી. પણ પોતાના બચાવનો સામાન તો સાથે જ રાખો. બેશક, અલ્લાહ તઆલાએ કાફિરો માટે અપમાનજનક અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૧૦૨) પછી જ્યારે તમે આ નમાઝ પૂરી કરી લ્યો તો હવે ઊભા, બેઠા અને પડખે પડીને પણ અલ્લાહને યાદ કરો. અને જ્યારે તમે નિર્ભય થઈ જાઓ તો નમાઝ (અસલ રીત મુજબ) અદા કરો. બેશક, નમાઝ મુસલમાનો પર નક્કી સમય મુજબ ફરજ છે. (૧૦૩) અને (દુશ્મન) લોકોનો પીછો કરવામાં સુસ્તી ન કરો. જો તમને કષ્ટ થાય છે તો એમને પણ એમને પણ તમારા જેમ કષ્ટ થાય છે, ઉપરાંત તમે અલ્લાહથી (સવાબ મળવાની) આશા રાખો છો, જે તેઓ રાખતા નથી. અને અલ્લાહ સઘળું જાણનાર હિકમતવાળો છે. (૧૦૪)

તફસીર : આ આયતોમાં શત્રુના ખોફ વેળા નમાઝ પઢવાની રીત અને એનાથી લગતા બીજા હુકમો વર્ણવવામાં આવ્યા છે.

હઝ. અબૂ અય્યાશ ઝુરકી રદિ. ફરમાવે છે અમે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે 'ઉસ્ફાન' મુકામે રોકાયેલા હતા. સામે પક્ષે મુશ્રિકો અને શત્રુઓ હતા, હઝ. ખાલિદ બિન વલીદ એમના અમીર હતા, તે વેળા હજુ તેઓ મુસલમાન થયા ન હતા. કિબ્લાની દિશા તરફ એમનો પડાવ હતો. એવામાં ઝોહરનો સમય થયો તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નમાઝ પઢાવી. નમાઝ પૂરી થઈ ગઈ તો તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે આપણે ભૂલ કરી, નમાઝ દરમિયાન મુસલમાનો ઉપર હુમલો કરી દેત તો એમને ખ્યાલ પણ ન આવત અને આપણે એમને મારી શકત. હવે અસર વેળા આપણે એમ જ કરીશું, નમાઝ એમને અવલાદ અને પ્રાણ કરતાં પણ વધારે પ્યારી છે, એટલે નમાઝમાં મશ્ગુલ થશે ત્યારે આપણે હુમલો કરીશું. અલબત્ત ત્યાર પછી ઝોહર – અસર વચ્ચે હઝ. જિબ્રઈલ અલૈ. ઉપરોકત આયત અલ્લાહ તઆલા તરફથી લઈને આવ્યા.

આયતમાં આ નમાઝની રીતનું ટુંકમાં વર્ણન છે. પૂરી નમાઝ સફરમાં હોય તો બે અન્યથા ચાર રકાત પઢવાની રીત હદીસ શરીફમાં વર્ણવવામાં આવી છે, હદીસ શરીફ અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અમલ પ્રમાણે આ નમાઝની અનેક રીતો હદીસની કિતાબોમાં વર્ણવવામાં આવી છે, અને દલીલના આધારે કે અન્ય મુદ્દાઓ ધ્યાનમાં રાખીને વિવિધ ઈમામોએ કોઈ

એક રીત અપનાવીને એ મુજબ અમલ કરવાને પસંદ કર્યું છે. હનફી મસ્લક મુજબ જે રીત છે એ અત્રે લખી રહયા છે. અલબત્ત એ પહેલાં અમુક જરૂરી વાતો સમજી લેવી જોઈએ.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉપસ્થિતિમાં દરેક માણસ એમની પાછળ જ નમાઝ પઢવા ઈચ્છે એ સ્વભાવિક છે, એટલે એક ઈમામ પાછળ બે જમાતની કરવાની રીત કુરઆનમાં અલ્લાહ તઆલાએ વર્ણવી છે, આ આધારે અમુક લોકોનું કહેવું છે કે કુરઆનમાં દર્શાવવામાં આવેલ રીતે (એક ઈમામ પાછળ બે જમાત એક સાથે) હવે મોતબર નથી. લડાઈ કે ખોફની સ્થિતિમાં બે ટુકડીઓ કરીને બે ઈમામો પાછળ પૂરી નમાઝ પઢવામાં આવશે. પણ સહીહ કથન આ છે કે આજે પણ જો મુસલમાનોની કોઈ જમાત સફરમાં કે મુકામે ખોફની સ્થિતિમાં હોય અને બધાને એક જ ઈમામ પાછળ નમાઝ પઢવાનો આગ્રહ હોય તો આ રીત મુજબ નમાઝ પઢી શકાય છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછીના ઝમાનમાં આવી સ્થિતિમાં લોકો અગર બે સમુહમાં વહેંચાયને બે ઈમામો પાછળ પૂરી પૂરી નમાઝ પઢે એ બેહતર છે.

લડાઈ લડતાં લડતાં નમાઝ પઢવી જાઈઝ નથી. લડાઈ લગાતાર ચાલુ રહે અને અલગ અલગ ટુકડીઓમાં પણ નમાઝ પઢવી શકય ન હોય તો બધા વારા ફરતી એક એક કરીને પોત પોતાની નમાઝ પઢે. અને એ પણ શકય ન હોય, લડાઈ ઘણી જ ઘમાસાન હોય તો નમાઝ કઝા કરી શકાય છે.

ખોફની નમાઝની રીત :

લશ્કરની બે ટુકડીઓમાં વહેંચવામાં આવે, એક દુશ્મન સામે રહે અને બીજી ટુકડી ઈમામ પાછળ નમાઝ શરૂ કરે. સફર હોય તો એક નહીંતર બે રકાત (એટલે કે અડધી નમાઝ) ઈમામ આ ટુકડીને પઢાવે, પછી આ ટુકડી આ જ સ્થિતિમાં સલામ ફેરવ્યા વગર દુશ્મન સામે કે મોરચે જતી રહે, અઅને બીજી ટુકડી ઈમામ પાછળ નમાઝ પઢવા આવે, એટલી વાર ઈમામ આ ટુકડીની રાહ જુએ, એ આવી જાય એટલે ઈમામ બાકીની અડધી નમાઝ પઢાવીને પોતાની નમાઝ પૂરી કરીને સલામ ફેરવી દે, આમ ઈમામની નમાઝની પૂરી થઈ, પણ બંને ટુકડીઓની નમાઝ અડધી અડધી થઈ છે. હવે આ બીજી ટુકડી મોરચે જતી રહે અને પહેલી ટુકડી આવીને 'લાહિક'ની જેમ નમાઝ પૂરી કરે, એટલે કે બાકીની અડધી નમાઝમાં કિરાત કર્યા વગર ત્રણવાર સુબ્હાનલ્લાહ કહી શકાય

એટલી વાર ઉભા રહીને રૂકૂઅ સજદો કરીને નમાઝ પૂરી કરે. આમ પહેલી ટુકડીની નમાઝ પૂરી થઈ, હવે તે મોરચે જતી રહે અને બીજી ટુકડી પાછી આવી અને મસ્બૂકની જેમ નમાઝ પૂરી કરે. મસ્બૂકની જેમ એટલે કે જેની આગલી રકાતો છુટી ગઈ હોય, અર્થાત આ ટુકડીની પહેલી અડધી નમાઝ બાકી છે, એટલે આ રકાતોમાં કિરાઅત (ફાતેહા, સુરત) પઢશે અને રૂકૂઅ, સજદો કરીને નમાઝ પૂરી કરશે.

આ આયતમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આવી રીતે નમાઝ પઢતી વેળા બંને ટુકડીઓ પોતાના હથિયાર સાથે જ રાખશે. હથિયાર ઉતારશે નહીં.

આ બધાથી એક ખાસ વાત આ પણ સમજમાં આવે છે કે નમાઝ ઘણી જ મહત્વની અને જરૂરી ઈબાદત છે. લડાઈની સ્થિતિમાં દુશ્મન સામે ઉભો હોય ત્યારે પણ જરૂરી છે. અને સહાબા રદિ. આ પ્રમાણે એને અદા પણ કરતા હતા. અલ્લાહ પાસે દુઆ છે કે મને અને સઘળા મુસલમાનોને પાબંદી સાથે જમાઅત સાથે નમાઝ પઢવાની તોફીક આપે.

આયતના છેલ્લે અલ્લાહ તઆલાએ બે વાતો ઈરશાદ ફરમાવી છે : એક તો આ કે આ રીત નમાઝની એટલા માટે બતાવવામાં આવી કે તમને નમાઝમાં એકચિત્તે મશ્ગૂલ જોઈને કાફિરો એમ ઈરાદો કરી રહયા હતા કે નમાઝ વેળા જ તમારા ઉપર એક સામટો હુમલો કરીને તમારું મોટું નુકસાન કરી દે. બીજી આ કે કોઈ તકલીફ ન હોય તો આ નમાઝમાં હથિયાર શરીરે સજાવીને જ રાખવાનાં છે. હા, જો કોઈ તકલીફ હોય, વરસાદ હોય, બીમારી કે કમઝોરી હોય, શરીરે કોઈ ઘા હોય વગેરે.. તો નમાઝમાં હથિયાર ઉતારી શકાય છે. એટલે કે નમાઝની રીત દરમિયાન હથિયાર સાથે રાખવાનો જે હુકમ છે એ નમાઝનો ભાગ નથી, પણ સાવચેતી માટેનો છે.

આયત નં ૧૦૩ માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, આ રીતે નમાઝ પઢયા પછી પણ અલ્લાહ તઆલાને દરેક સ્થિતિમાં યાદ કરતા રહો. ઉભા હોવ, બેસ્યા હોવ અને સૂતા હોવ ત્યારે પણ. એટલે કે નમાઝ પઢીને એમ ન સમજો કે અલ્લાહની ઈબાદત કરી લીધી, બહુ થયું. બલકે અલ્લાહને હરપળ યાદ રાખવાના છે, એનો ઝિક્ર, તસ્બીહ કરતા રહેવાનું છે, અને એના તરફ જ ધ્યાન હોવું જરૂરી છે, વિશેષ કરીને લડાઈની સ્થિતિમાં તો અલ્લાહની રહમત અને મદદ તરફ માણસનું ધ્યાન હોય એ ઘણું જ જરૂરી છે.

આયતમાં આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે : જયારે નમાઝ દરમિયાન

દુશ્મન આવી પડવાનો ખોફ ન હોય, કે લડાઈમાં સામસામે હોવાની સ્થિતિ ન હોય, ત્યારે તો પહેલાંની જેમ શાંતિથી નમાઝ પઢો. બધા એક સાથે પઢો, આખી નમાઝ લગાતાર પઢો. એમાં કોઈ ગફલત ન હોય. હથિયારો ઉતારીને પઢો જેથી રૂકૂઅ સજદહ, કવમહ જલ્સહ વગેરે બધું બરાબર અદા કરી શકાય.

નમાઝ માટે આ બધા હુકમો એટલે કે ખોફની સ્થિતિની અલગ રીત અને એના લગતા હુકમો વગેરે એટલા માટે આપવામાં આવ્યા છે કે એક તો નમાઝ ફરજ છે, એને અદા કરવી જરૂરી છે અને બીજું આ કે આ નમાઝ દરરોજ નિયમ સમયે પઢવી જરૂરી છે. એમાં આગળ પાછળ ન થવું જોઈએ.

છેલ્લી આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે લડવાની નોબત આવે કે દુશ્મન પાછળ દોડવા – પકડવાની નોબત આવે, કે પીછો કરવાની જરૂરત પડે કે લડાઈનું ચેલેન્જ કુબૂલ કરવાની અવસર હોય તો પાછા ન રહો, સુસ્તી ન કરો, કમઝોર ન પડો, બલકે આગળ રહો, ઉતાવળ કરો કે કયાંક રહી જ જઈએ. એમાં કંઈ તકલીફ પડી શકે છે, પણ તકલીફ તો દુશ્મનને પણ છે જ ને, ઉપરાંત મુસલમાનને અલ્લાહ તઆલા તરફથી સવાબનો વાયદો છે, પાકી ઉમ્મીદ છે, જયારે કે સામે પક્ષે સવાબ કે બદલાની કોઈ આશા – ઉમ્મીદ નથી. આમ તમે મુસલમાનો ફાયદામાં છે.

તફસીરકારો લખે છે કે ઉપરોકત આયત નં ૧૦૪ 'હમરાઉલ અસદ' નામની લડાઈ વેળા ઉતરી હતી. એની નોબત એટલા માટે આવી હતી કે ઉહદની લડાઈ પૂરી થઈ અને મુસલમાનો નુકસાન સાથે ઝખ્મી હાલતમાં મદીના પરત આવ્યા એના બીજા જ દિવસે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હુકમ ફરમાવ્યો કે દુશ્મનના મુકાબલા માટે નીકળો. અને જે લોકો ઉહદમાં હતા તેઓ આવે. ઉહદની લડાઈમાં શરીક સહાબા વધુ પડતા ઝખમી હતા, થાકેલા હતા, લડાઈમાં નુકસાનના કારણે થોડા માયૂસ પણ હતા. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો હુકમ હતો અને ઉપરથી ઉપરોકત આયત અલ્લાહ તઆલાએ ઉતારી, એટલે બધા જ તૈયાર થઈને ભેગા થઈ ગયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બધાને લઈને નીકળ્યા અને 'હમરાઉલ અસદ' નામી એક જગ્યા સુધી ગયા પણ દુશ્મન કોઈ લડવા આવ્યો નહીં, બલકે તેઓ મુસલમાનોના આવવાના સમાચારથી દૂર સુધી નાસી ગયા. અને મુસલમાનો શાંતિથી જીતની ખુશી લઈને પાછા આવ્યા.

———————————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

***અનુવાદ :*** *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૮૨

***<u>અલ્લાહના ઝિક્ર બાબતે ફરમાને નબવી (સ.અ.વ.)</u>***

ઝિક્ર નો અમલ દિલને સ્વચ્છ કરવામાં એવું જ કામ કરે છે જેવું તાંબાને સાફ કરવા અને માંજવા માટે રેતી, અને બીજી ઈબાદતો દિલની સફાઈ માટે એવા છે જેમકે તાંબાને સાફ કરવા માટે સાબુ.

અલ્લાહ તઆલાના ઝિક્રની બુઝુર્ગી અને બરકતો વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઈર્શાદ વાંચો :

(١) عَنْ اَبِى هُرَيْرَةَؓ وَ اَبِى سَعِيْدٍ قَالَا قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَايَقْعُدُ قَوْمٌ يَّذْكُرُوْنَ اللّٰهَ اِلَّا حَفَّتْهُمُ الْمَلٰئِكَةُ وَغَشِيَتْهُمُ الرَّحْمَةُ وَنَزَلَتْ عَلَيْهِمُ السَّكِيْنَةُ وَذَكَرَهُمُ اللّٰهُ فِيْمَنْ عِنْدَهٗ۔ (رواه مسلم)

હઝરત અબુ હુરૈરહ રદિ. અને હઝરત અબુ સઈદ ખુદરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : જયાં પણ અને જયારે પણ અમુક અલ્લાહના બંદાઓ બેસીને અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે છે તો જરૂર ફરિશ્તાઓ તેમનો ચોતરફ ભેગા થઈ જાય છે. અને તેમને ઘેરી લે છે. અને અલ્લાહ તઆલાની રહમત તેમના ઉપર છવાય જાય છે. અને તેને પોતાના છાંયામાં લઈ લે છે. અને તેમની ઉપર સકીના ઉતરે છે. અને અલ્લાહ તઆલા તેના ખાસ નજીકના ફરિશ્તાઓ વચ્ચે તેમનો ઝિક્ર કરે છે. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– આ હદીસથી વિગતવાર જાણવા મળ્યું કે અલ્લાહના અમુક બંદાઓનું એક જગ્યાએ એકત્ર થઈ ઝિક્ર કરવાની ખાસ બરકતો છે. હઝરત શાહ વલિયુલ્લાહ રહ.એ આજ હદીસની શર્હમાં ફરમાવ્યું છે :

એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે મુસલમાનોનું એકત્ર થઈ ઝિક્ર વગેરે કરવું રહમત, સકીનત, અને ફરિશ્તાઓની નજીક થવાનો ખાસ વસીલો છે. (હુજ્જતુલ્લાહિ લ્બાલિગાહ : પેજ ૭૦/૨)

આ હદીસમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર કરનાર બંદાઓ માટે ચાર નેઅમતોનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક એ કે ચારે તરફથી ફરિશ્તાઓ તેમને ઘેરી લે છે. બીજું એ કે અલ્લાહ તઆલાની રહમત તેમને પોતાના ખોળામાં અને છાંવમાં લઈ લે છે. અને એ બન્નેવ નેઅમતોના પરીણામે ત્રીજી નેઅમત તેમને એ મળે છે કે તેમના દિલો પર સકીનત (શાંતિ) ઉતરે છે. જે મહાન રૂહાની નેઅમતોમાંથી છે. અહીંયા સકીનતનો અર્થ ખાસ પ્રકારની દિલની શાંતિ અને આત્માનું ચેન, જે અલ્લાહ તઆલાના ખાસ બંદાઓને અલ્લાહ તઆલા તરફથી ખાસ ઈનામ રૂપે મળે છે. તેને જ સુફીઓ "જમીઅતે કલ્બી" (દિલની મજબુતી) પણ કહે છે. આ દોલત અને નેઅતનો જેના ઉપર સકીનાહ ઉતરે છે. તેને ભાસ પણ થાય છે. અને ઝિક્ર કરનાર બંદાઓને જે ચોથી નેઅમત મળે છે જેનો આ હદીસમાં સૌથી પાછળ ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ છે કે અલ્લાહ તઆલા પોતાના ખાસ ફરિશ્તાઓના ટોળામાં તે ઝિક્ર કરનાર બંદાઓનો ઝિક્ર કરે છે. જેમકે ફરમાવે છે કે જુઓ આદમની જ ઔલાદમાંથી મારા આ બંદાઓ છે. જેમણે મને જોયો નથી, ફકત ગેબ પર જ ઈમાન લાવ્યા છે. તે છતાં મહોબ્બત અને ભયની કેવી કેફિયત અને કેવા શોખ તેમ દિલ લગી સાથે મારી યાદ કરે છે. બેશક માલિકે મુલ્કે તેના ખાસ ફરિશ્તાઓ સામે તેના બંદાઓનો આ પ્રમાણે ઝિક્ર કરવો, એ સૌથી મહાન નેઅમત છે. જેથી સામે કોઈ નેઅમત ધ્યાનમાં પણ આવી શકતી નથી. અલ્લાહ પાક એનાથી મેહરૂમ ન રાખે.

ફાયદો :– આ હદીસથી એ પણ ઈશારો મળે છે કે અલ્લાહનો કોઈ ઝિક્ર કરનાર બંદો તેના અંતર આત્મામાં સકીનતની જે કેફિયતનો ભાસ ન કરે (જે ભાસ થાય એવી વસ્તુ છે) તો તેણે સમજવું જોઈએ કે હજુ તે ઝિક્રના તે સ્થાન સુધી પહોંચ્યો નથી, જયાં પહોંચી આ નેઅમતો પ્રાપ્ત થાય છે. અથવા તેના જીવનમાં અમુક એવો બગાડ છે. જે ઝિક્રના અસરમાં રૂકાવટ બને છે. મતલબ કે તેણે પોતાની સુધારણાની ફિકર કરવી જોઈએ. અલ્લાહના વાયદા સાચા છે.

(٢) عَنْ اَبِىْ سَعِيْدٍ قَالَ خَرَجَ مُعَاوِيَةُ عَلٰى حَلْقَةٍ فِى الْمَسْجِدِ فَقَالَ

مَـاأَجۡـلَسَـكُمۡ قَالُوۡا جَلَسۡنَا نَذۡكُرُ اللّٰهَ قَالَ آللّٰهِ مَا اَجۡلَسَكُمۡ اِلَّا ذَالِكَ ؟ قَالُوۡا آللّٰـهِ مَـا اَجۡـلَسَـنَا غَيۡرُهٗ قَالَ اَمَا اِنِي لَمۡ اَسۡتَحۡلِفۡكُمۡ تُهۡمَةً لَكُمۡ وَمَا كَانَ اَحَدٌ بِـمَنۡزِلَتِىۡ مِنۡ رَسُوۡلِ اللّٰهِ ﷺ اَقَلَّ عَنۡهُ حَدِيۡثاً مِنِّى وَاِنَّ رَسُوۡلَ اللّٰهِ ﷺ خَرَجَ عَـلٰـى حَـلۡـقَةٍ مِـنۡ اَصۡـحَـابِـهٖ فَقَالَ مَااَجۡلَسَكُمۡ هٰهُنَا قَالُوۡا جَلَسۡنَا نَذۡكُرُ اللّٰهَ وَنَـحۡمَدُهٗ عَلٰى هَدَانَا لِلۡاِسۡلَامِ وَمَنَّ بِهٖ عَلَيۡنَا قَالَ آللّٰهِ مَااَجۡلَسَكُمۡ اِلَّا ذَالِكَ ؟ قَـالُـوا آللّٰهِ مَا اَجۡلَسَنَا اِلَّا ذَالِكَ قَالَ اَمَا اِنِّىۡ لَمۡ اَسۡتَحۡلِفۡكُمۡ تُهۡمَةً لَكُمۡ وَلٰكِنَّهٗ اَتَانِى جِبرَئِيلُ فَاَخۡبَرَنِى اَنَّ اللّٰهَ عَزَّ وَ جَلَّ يُبَاهِىۡ بِكُمُ الۡمَلٰئِكَةَ۔(رواه مسلم)

હઝરત અબુ સઈદ ખુદરી રદિ.થી રિવાયત છે કે હઝરત મુઆવિયા રદિ. મસ્જીદમાં બેઠેલા એક હલ્કા પાસે પહોંચ્યા, અને તેમણે તે હલ્કાવાળાઓને પુછયું તમે અહીંયા કેમ બેઠા છો ? તેમણે કહ્યું અમે અહીં બેસી અલ્લાહ તઆલાને યાદ કરીએ છીએ, હઝરત મુઆવિયા રદિ.એ કહ્યું શું ? અલ્લાહ તઆલની કસમ ! તમે ફકત અલ્લાહ તઆલાની યાદ માટે જ બેઠા છો ? તેમણે કહ્યું ખુદાની કસમ ! અમારા બેસવાનો બીજો કોઈ હેતુ અલ્લાહની યાદ વગર નથી. હઝરત મુઆવિયા રદિ.એ કહ્યું તમો લોકોને ખબર હોવી જોઈએ કે મેં કોઈ બદગુમાનીના કારણે તમને કસમ નથી આપી, ખરીવાત એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે જેનો સંબંધ મારે હતો. તેવો સંબંધ ધરાવતો કોઈ માણસ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હદીસો મારાથી ઓછી વર્ણન કરનાર નથી, (એટલે હું હદીસ રિવાયત કરવામાં ઘણી જ સાવચેતી વર્તુ છું, એટલા માટે મારા જેવા બીજા લોકોના હિસાબે હું ઘણી જ ઓછી હદીસો વર્ણન કરૂં છું, પરંતુ અત્યારે એક હદીસ બયાન કરૂં છું, અને મેં તેની જ તાબેદારીમાં આપ લોકો પાસેથી કસમ લીધી હતી. (તે હદીસ એ છે કે) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એક દિવસે પોતાના સહાબાના એક હલ્કા પાસે પહોંચ્યા, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને પુછયું : આપ લોકો અહીં એકત્ર થઈ શા માટે બેઠા છો ? તેમણે અરજ કરી અમે અલ્લાહ તઆલાનો ઝિક્ર કરીએ છીએ. અને તેણે અમને જે હિદાયતથી માલામાલ કર્યા, તેમ ઈમાન અને ઈસ્લામની તોફિક આપી મહા ઉપકાર કર્યો તેના પર તેની હમ્દો સના કરીએ છીએ. આપ

(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : શું ખુદાની કસમ ! તમે એટલા માટે જ બેઠા છો ? તેમણે અરજ કરી અલ્લાહની કસમ ! અમે ફકત એટલા માટે જ બેઠા છે. અને એજ તેની યાદ કરી રહ્યા છીએ. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : તમને ખબર હોવી જોઈએ કે મેં તમારી સાથે કોઈ બદગુમાનીના કારણે તમારાથી કસમ લીધી નથી. પણ હકીકત એ છે કે હમણાં જ જિબ્રઈલ અમીન અલૈ. મારી પાસે આવ્યા અને તેમણે બતાવ્યું કે અલ્લાહ તઆલા ગર્વ સાથે ફરિશ્તાઓ સામે તમારો ઝિક્ર કરી રહ્યો છે.

ખુલાસો :– જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાના અમૂક બંદાઓનું એક જગ્યાએ બેસી ઈખ્લાસ સાથે ખુદાને યાદ કરવો, તેના સંબંધી વાતો કરવી, તેના વખાણ અને તસ્બીહ કરવી, અલ્લાહને ઘણું જ પસંદ છે. અને અલ્લાહ તઆલા તેના ખાસ ફરિશ્તાઓ સામે એવા બંદાઓ માટે પોતાની ખુશીની જાહેરાત કરે છે.

(٣) عَنْ اَبِی هُرَيْرَةَ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ تَعَالٰی يَقُوْلُ اَنَامَعَ عَبْدِیْ اِذَا ذَكَرَنِیْ وَ تَحَرَّكَتْ بِیْ شَفَتَاهُ۔ (رواه البخاری)

હઝરત અબુ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે જયારે મારો બંદો મારી યાદ કરે છે. અને મારી યાદમાં તેના હોઠ હાલે છે તે વખતે હું તે બંદા સાથે હોઉં છું.

ખુલાસો :– અલ્લાહ તઆલાનું સાથે હોવું એક તો એ છે કે સૃષ્ટીની દરેક સારી નઠારી વસ્તુને અને મો'મિન કાફિર દરેકને પ્રાપ્ત છે. કોઈ વસ્તુ પણ અલ્લાહ તઆલાથી કોઈ સમયે પણ દુર નથી. અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર કાબુ રાખેલો છે. દરેક જગ્યાએ અને કાયમ માટે હાજર, નાઝિર છે. અને એક સાથ ખુશી અને કબૂલ વાળા સાથ છે. અને હદીસનો ભાવાર્થ એ છે કે જયારે બંદો મારી નજદીકી અને ખુશી મેળવવા મારી યાદ કરે છે તો તેને મારી ખુશી અને નજદીકી તરત પ્રાપ્ત થઈ જાય છે. તે મારી મરજી મુજબ મારી યાદ કરે છે. અને હું તે સમયે બિલકુલ તેની સાથે હોઉં છું. એ રીતે તેને તે દોલત રોકડી મળી જાય છે. જે તે ઝિક્ર મારફત પ્રાપ્ત કરવા ઈચ્છે છે. અલ્લાહ તઆલાએ દોલતની તલબ, તેનો શોખ, અને તે દોલત ફરી નસીબ ફરમાવે.

(٤) عَنْ اَبِی هُرَيْرَةَ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَقُوْلُ اللّٰهُ تَعَالٰی اَنَا عِنْدَ ظَنِّ

عَبْدِیْ بِیْ وَاَنَا مَعَهٗ اِذْ ذَکَرَنِیْ فَاِنْ ذَکَرَنِیْ فِیْ نَفْسِهٖ ذَکَرْتُهٗ فِیْ نَفْسِیْ وَاِنْ ذَکَرَنِیْ فِیْ مَلَاءٍ ذَکَرْتُهٗ فِیْ مَلَاءٍ خَیْرٍ مِنْهُمْ۔ (رواہ البخاری و مسلم)

હઝરત અબુ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે મારો વર્તાવ બંદા સાથે તેના યકીન મુજબ હોય છે. અને બિલકુલ તેની સાથે હોઉ છું જયારે તે મને યાદ કરે છે. જો તે મને તેના દિલમાં એવી રીતે યાદ કરે કે કોઈ બીજાને ખબર ન થાય, તો હું પણ તેને એવી જ રીતે યાદ કરીશ. અને જો તે બીજાઓ સામે મને યાદ કરશે તો હું તેમનાથી સારા બંદાઓની જમાઅતમાં તેનો ઝિક્ર કરીશ. (એટલે ફરિશ્તાની જમાઅતમાં તેમની સામે)

ખુલાસો : હદીસના પહેલા વાકય (અન ઈન્દ ઝન્ને અબ્દિ બી)નો અર્થ એ છે કે બંદો મારા વિષે જેવું યકીન રાખશે, હું મારો વર્તાવ તેની સાથે બિલકુલ તે મુજબ રાખીશ. જેમકે અલ્લાહ તઆલા વિષે રહમ અને કરમનું યકીન રાખશે તો અલ્લાહ તઆલા રહીમ અને કરીમ જ મળશે. જેથી બંદાએ અલ્લાહ તઆલા સાથે સારૂ યકીન રાખવું જોઈએ. અને તે જ મુજબ અમલ પણ કરે.

હદીસના છેલ્લા ભાગમાં જે ફરમાવવામાં આવ્યું તેનો અર્થ એ છે કે જયારે બંદો મને એકાંતમાં એવી રીતે યાદ કરે છે કે તેના અને મારા સિવાય કોઈને ખબર થતી નથી. તો મારી મહેરબાનીઓ પણ તેની સાથે છુપી રીતે થાય છે.

میران عاشق و معشوق رمز لیست　　　کراماً کاتبین راہم خبر نیست

અને જયારે બંદો જાહેરમાં બીજાઓની સામે મારી યાદ કરે છે (જેમાં દઅવત ઈર્શાદ અને વઅઝ નસીહત પણ શામેલ છે) તો તે બંદા સાથે મારા સંબંધ અને મકબુલિયતનું વર્ણન હું ફરિશ્તાઓ સામે કરૂં છું જેના પછી તે બંદો ફરિશ્તાઓમાં મકબૂલ અને મેહબુબ બની જાય છે. તે પછી આ જગતમાં પણ તેને કબુલિય્યત અને મેહબુબીય્યત મળી જાય છે.

અલ્લાહ તઆલાની એ જ સુન્નતનો દેખાવ છે કે ઘણા કામિલ આરીફ લોકો જે અલ્લાહ તઆલા સાથે તેમના ખાસ સંબંધને છુપાવે છે. ભલે અલ્લાહ તઆલાને ત્યાં તેમને મકબુલિય્યતનું ખાસ સ્થાન પ્રાપ્ત છે. પરંતુ દુનિયામાં તેઓ ઓળખમાં પણ આવતા નથી. અને જેમના અલ્લાહ તઆલા સાથેનો સંબંધ અને અલ્લાહ તઆલા તરફ બોલાવવાનો અમલ જાહેર અને ખુલ્લો હોય છે. તેમને દુનિયામાં પણ આમ કબુલિયત પ્રાપ્ત થાય છે.

(٥) عَن اَبِی هُرَیْرَةؓ قَالَ کَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ یَسِیْرُ فِی طَرِیْقِ مَکَّةَ فَمَرَّ علٰی جَبَلٍ یُقَالُ لَهٗ جَمْدَانُ فَقَالَ سِیْرُوْا هٰذَا جَمْدَانُ سَبَقَ الْمُفَرِّدُوْنَ قَالُوْا وَمَا الْمُفَرِّدُوْنَ یَا رَسُوْلَ اللّٰهِ ؟ قَالَ الذَّاکِرُوْنَ اللّٰهَ کَثِیْراً وَّ الذّٰکِرَاتِ۔( مسلم)

હઝરત અબુ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એક સફરમાં મક્ક મુકર્રમા તરફ પધારી રહ્યા હતા. રસ્તામાં ''જમ્દાન'' નામના પહાદ પાસેથી પસાર થયા તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : આ ''જમદાન'' પહાડ છે. ''મુફર્રિદુન'' બાજી લઈ ગયા, અરજ કરી ''મુફર્રિદુન'' કોણ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાનો ઝિક્ર વધુ કરનારા બંદાઓ અને બંદીઓ. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– ''જમ્દાન'' એક પહાડનું નામ છે. જે મદીના તૈયબાથી એક દિવસના અંતરે છે. ઘણી હદીસોથી જાણવા મળે છે કે ધરતીના જે ભાગ પર અલ્લાહ તઆલાનું નામ લેવામાં આવે છે તેનું ભાન અને ભાસ તે ધરતીના ટુકડાને થઈ જાય છે. એક હદીસમાં છે કે એક પહાડ બીજા પહાડને પુછે છે કે શું આજે અલ્લાહ તઆલાનું નામ લેનાર કોઈ બંદો તારા ઉપરથી પસાર થયો ? એમ જણાય છે કે જમ્દાન પહાડ પરથી પસાર થતી વખતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ પર એ વાત જાહેર થઈ હોય કે વધુ ઝિક્ર કરનાર બંદા અને બંદીઓએ કબુલિયત અને ખુશીના મહાન શિખરો સર કરી લીધા અને તેઓ ઘણાં જ આગળ નિકળી ગયા, તો આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું કે 'મુફર્રિદુન' એટલે વધુ ઝિક્ર કરનારાઓ આગળ વધી ગયા. 'મુફર્રિદુન'નો ભાષાકીય અર્થ છે સૌથી અલગ અને એકલો, અને હલ્કા ફુલ્કા રહેનાર, તેનાથી તે લોકો છે જેઓ અલ્લાહ તઆલાની નજદીકી અને ખુશીની તલબમાં પોતાને આ દુનિયાની માયા જાળથી નિવૃત્તિ કરી લે. અને બધી બાજુથી સંબંધો કાપી એકલો અલ્લાહનો જ થઈ જાય, એ જ 'તફરીદ'નું સ્થાન છે. અને એ જ કુર્આન પાકની પરિભાષામાં ''તબત્તુલ'' છે. (વઝકુરિસ્મ રબ્બિક વ તબત્તલ ઈલૈહિ તબ્તીલા) બસ ''الذَّاکِرُوْنَ اللّٰهَ کَثِیْراً وَّ الذّٰکِرَات'' નો મતલબ તે બંદાઓ છે જેમની આવી હાલત હોય, અને જેમણે બધી બાજુથી કટાઈને અલ્લાહ જલ્લ શાનહુને પોતાનો હેતુ બનાવ્યો હોય. .. ● ● ●

# શરીઅતના હુકમો માટે ઈજતેહાદની શરતો

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફતી ફરીદ અહમદ કાવી*

ઈજતેહાદ માટે કેટલા વિષયોની જાણકારી જરૂરી છે ?

ફુકહાએ કિરામ રહ.એ લખ્યું છે કે ઈજતેહાદ માટે સૌપ્રથમ અલ્લાહની કિતાબ કુરઆનની સમજણ જરૂરી છે. એના ભાષાકીય અર્થો, પારિભાષિક મતલબ, આયત અને એના અર્થથી કોઈ હુકમ નક્કી કરવા માટે કુરઆની શબ્દો વપરાશને સમજવો જરૂરી છે. ઉસૂલે ફિકહ મુજબ શબ્દોના વિવિધ પ્રકારો છે. આમ, ખાસ, મુશતરક, મુઅવ્વલ, ઝાહિર, નસ, મુફસ્સર, મુહકમ, ખફી, મુશ્કિલ, મુજમલ, મુતશાબિહ, હકીકત, મજાઝ, સરીહ, કિનાયહ, ઈબારતુન્નસ, ઈશારતુન્નસ, દલાલતુન્નસ, ઈકતેઝાઉન્નસ, દરેક શબ્દનું મુળ સ્વરૂપ, વાકય રચનામાં એનો વપરાશ, એના પારિભાષિક અર્થ, શબ્દો થકી સમજમાં આવતી બાબતો કતઈ છે કે ઝન્ની ? અમ્ર – નહીના વિવિધ દરજાઓ, વગેરે બાબતોની જાણકારી આવશ્યક છે. આ બધી જ વસ્તુઓ હદીસને સમજવા અને હદીસ દ્વારા હુકમ સમજવા માટે પણ જરૂરી છે. હદીસમાં આ બધા ઉપરાંત હદીસના વિવિધ પ્રકારો સમજવા પણ જરૂરી છે. જેમ કે હદીસ સહીહ છે કે જઈફ ? હદીસ રિવાયત કરનાર રાવી, સહાબી, તાબેઈ વગેરેની જાણકારી પણ જરૂરી છે. કહેવાનો આશય આ છે કે કુરઆન કે હદીસ થકી કોઈ મસ્અલો કાઢવા માટે જે કંઈ જરૂરી હોય એની પૂર્વજાણકારી જરૂરી છે.

આ બાબત બધા જ સમજે છે કે કોઈ પણ બાબતમાં એનો જાણકાર અને વિદ્વાન જ કંઈ બોલી શકે છે. એન્જિન્યર ગમે તેટલો કાબેલ હોય પણ જો એક સમજવા માંડે કે હું મારી લાઈનમાં હોશિયાર છું એટલે તબીબી વિદ્યામાં પણ હાથ અજમાવી શકું છું તો આખરે એ લોકોની મોતનો જવાબદાર ગણાશે. અનેક હદીસોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આ ઈરશાદ છે કે જયારે ઉલમા નહીં રહે તો લોકો જાહિલોને

પોતાનો સરદાર બનાવી લેશે, જેઓ કોઈ જાણકારી વગર જ લોકોને ફતવા આપશે અને પોતે પણ ગુમરાહ થશે તેમજ અન્યોને પણ ગુમરાહ કરશે.

ધાર્મિક બાબતોમાં માંથું મારવા માટે ધાર્મિક બાબતોનું પુરું જ્ઞાન હોવું જરૂરી છે. જાણકારી વગર ફકત અક્કલ લડાવીને કે દિમાગ દોડાવીને શરીઅતના મસ્અલા ઉકેલી શકાતા નથી. ઉદાહરણ સ્વરૂપે બે મસ્અલા લખું છું : ફુકહાએ કિરામે મસ્અલો લખ્યો છે કે કોઈ માણસ કુરબાની માટે જાનવર ખરીદ કરે અને પછી એ જાનવર ગુમ થઈ જાય છે એટલે બીજું જાનવર કુરબાની માટે ખરીદે છે. પછી પહેલું જાનવર પાછું મળી જાય છે, તો હવે કેટલા જાનવરોની કુરબાની કરવી પડશે ? તો હુકમ આ છે કે આ માણસ ગરીબ હોય અને એના ઉપર કુરબાની વાજિબ ન હતી તો એણે બંને જાનવરોની કુરબાની કરવી પડશે. અને જો માલદાર હોય અને વાજિબ કુરબાની માટે જાનવર ખરીદયું હોય તો એણે કોઈ પણ એક જ જાનવરની કુરબાની કરવાની રહેશે. બીજા જાનવરને ચાહે તો વેચી દે કે જે ચાહે તે કરે. મસ્અલો બિલ્કુલ સાફ છે, સરળતાથી સમજી પણ શકાય છે, પણ દિમાગના ટુક્કાઓ ઉપર આધારિત નથી, શરીઅતના ઉસૂલો ઉપર આધારિત છે.

બીજો એક મસ્અલો અલ્લામહ શામી રહ.એ લખ્યો છે કે, કોઈ માણસ નમાઝમાં રૂકુઅ કરવાનું ભૂલી જાય અને નમાઝ પછી યાદ આવે તો..જોવામાં આવશે કે આ માણસ કેવો છે અને કેવી નમાઝ પઢે છે, જો આ માણસ સુન્નત તરીકા મુજબ નેક લોકોની જેમ નમાઝ પઢે છે તો આવી સૂરતમાં એની નમાઝ મોતબર નથી, ફરી પઢવી પડશે. અને જો આ માણસ નાદાન અને અભણ લોકોની જેમ નમાઝ પઢી રહયો હતો તો એની નમાઝ પૂરી અને મોતબર ગણાશે. શરીઅતના નિયમો, સિદ્ધાંતો, વગેરેની જાણકારી વગર ફકત દિમાગશકિત કે બોલવાની ચતુરતાથી આવા મસ્અલાઓ બતાવી શકાય નહીં. એટલે જ હઝ. અલી રદિ.નું કથન છે કે દીન–શરીઅતનો આધાર અક્કલ અને બુદ્ધિ ઉપર જ હોત તો મોજાઓની નીચેની બાજુ મસહ કરવાનો હુકમ હોત, પણ મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોયા છે કે તેઓ મોજાના ઉપરના ભાગે મસહ કરતા હતા.

એક વાત ખૂબ સમજી લેવાની છે કે માણસ જયાં સુધી કુરઆન વ હદીસ ઉપર અમલ કરવાની રીત જાણતો સમજતો ન હોય, ઝાહેરમાં એક બીજાથી વિરુદ્ધ લાગતી આયતો કે હદીસોના મતલબ સમજવા અને કયી હદીસ – આયત ઉપર કયારે અમલ કરવાનો છે અને કઈ આયત કે હદીસ આગળ રહેશે વગેરે બાબતોની જાણકારી ધરાવતો ન હોય તો આયત કે હદીસ થકી કોઈ હુકમ એ કેવી રીતે કાઢી શકે છે ? શાહ વલીયુલ્લાહ રહ.એ ઈઝાલતુલ ખિફામાં લખ્યું છે કે મુજતહિદ માણસ પાસે પાંચ વિષયો અને વિદ્યાઓની જાણકારી હોવી જરૂરી છે. જેની પાસે આ પાંચેવ વિદ્યાઓ એક સાથે ન હોય એ મુજતહિદ નથી હોય શકતો. ૧. કુરઆનની કિરાઅત અને તફસીરની વિદ્યા. ૨. હદીસની જાણકારી, રાવીઓ અને સનદની જાણકારી સાથે. ૩. કુરઆન અને હદીસની સમજૂતી બાબતે પાછલા બુઝુર્ગો વિશેષ કરીને સહાબા – તાબેઈન અને ઈમામોના કથનોની જાણકારી. જેથી કુરઆન હદીસના સ્પષ્ટીકરણ બાબતે એના કથન વિરુદ્ધ કોઈ નવી વાત ઉપજાવી ન કાઢે. ૪. અરબી ભાષા અને બોલીની પૂરતી જાણકારી. ૫. આયતો અને હદીસોમાંથી મસાઈલ કાઢવા અને સમજવા માટેની રીતો, કાયદાઓ વિવિધ આયતો – હદીસો વચ્ચે સમન્વય વગેરેના નિયમો.

## ***<u>વિરોધાભાસી લાગતી હદીસો ઉપર અમલના નિયમો</u>***

અલ્લામહ હાઝમી રહ. એ كتاب الاعتبار فى بيان الناسخ والمنسوخ من الأثار માં પરસ્પર વિરોધાભાસી લાગતી હદીસો વચ્ચે સમન્વય અને બેમાંથી કોઈ એક હદીસને આગળ કરીને અમલ માટે નક્કી કરવાના ૫૦ નિયમો વિગતવાર લખ્યા છે. અલ્લામહ સુયૂતી રહ.એ تدريب الراوى માં લખ્યું છે કે હાફિઝ ઈરાકી રહ.એ એકસો થી વધારે નિયમો દર્શાવ્યા છે. પછી ઘણીવાર એવું થાય છે કે આ કાયદાઓના કારણે ફરી વિરોધાભાસ ઉત્પન્ન થાય છે, એટલે કે એક નિયમ પ્રમાણે ફલાણી હદીસ ઉપર અમલ જરૂરી ઠરે તો બીજા નિયમ પ્રમાણે એનાથી વિપરીત લાગત હદીસ અમલને લાયક લાગે. આવી સ્થિતિમાં કયો નિયમ લાગુ પડે અને કયી હદીને આગળ કરીને અમલ માટે લાયક ગણાય, એની અલગ ચર્ચા અને નિયમો છે. જેમ કે

હઝ. ઉમર રદિ.ના બે કિસ્સા જોઈએ. એકવાર એક મુસલમાન અને ગેરમુસ્લિમ વચ્ચે લડાઈ થઈ ગઈ, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગેરમુસ્લિમ તરફે ફેસલો આપ્યો. મુસલમાનને થયું કે હું મુસલમાન છું એટલે ઉમર રદિ. મારા તરફે ફેસલો કરશે, એમ સમજીને અરજ કરી કે અમારો વિવાદ હઝ. ઉમર રદિ. પાસે મોકલી દયો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે ફેસલો કરી ચુકયા હતા છતાં એમને હઝ. ઉમર રદિ. પાસે મોકલી દીધા. ત્યાં જઈને ગેર મુસ્લિમે વિગત દર્શાવી કે મુહમ્મદ સાહેબે આ વિવાદનો ફેસલો મારા તરફે કર્યો હતો પણ આ મુસલમાને તમારી સેવામાં આવવાની દરખાસ્ત કરી છે. હઝ. ઉમર રદિ.એ મુસલમાનને પૂછયું કે આ વાત સાચી છે ? એણે એકરાર કયો. હઝ. ઉમર રદિ. તુરંત ઘરમાં ગયા, તલવાર લઈને આવ્યા અને એ મુસ્લિમની ગરદન ઉડાવી દીધી. અને ફરમાવ્યું : જે માણસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફેસલા ઉપર રાજી ન હોય એના માટે મારો આ જ ફેસલો છે.

હવે હઝ. ઉમર રદિ.નો બીજો કિસ્સો જોઈએ.

મુળ કિસ્સો લાંબો છે, આપણે ટુંકમાં જોઈએ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર હઝ. અબુ હુરૈરહ રદિ.ને પોતાની ચપ્પલો નિશાની સ્વરૂપે આપી અને ફરમાવ્યું : બહાર જાઓ અને જે કોઈ એવો માણસ મળે જે દિલથી લા ઈલાહ ઈલ્લલ્લાહ..નો એકરાર કરતો હોય (એટલે કે મુનાફિક વગેરે ન હોય) તો એને જન્નતની ખુશખબરી સંભળાવી દયો. તેઓ બહાર આવ્યા અને સહુપ્રથમ હઝ. ઉમર રદિ. એમને મળ્યા. પૂછયું કે આ ચપ્પલો તમારા હાથમાં કેમ ? એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ – ખુશખબરી સંભળાવી દીધી. હઝ. ઉમર રદિ.એ એમની છાતી ઉપર એટલા જોરથી ધબ્બો માર્યો કે હઝ. અબૂ હુરૈરહ રદિ. નીચે પડી ગયા અને પછી એમને પાછા મોકલી દીધા અને બીજા લોકો પાસે જવાથી રોકી દીધા. તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે પાછા આવ્યા અને જોરથી રડવાનું શરૂ કર્યું. અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આખી ઘટના કહી સંભળાવી.

પાછળ પાછળ હઝ. ઉમર રદિ. પણ આવી પહોંચ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને પૂછયું કે આમ કેમ કર્યું ? તેઓ કહેવા લાગ્યા કે હુઝૂર ! આમ હરગિઝ ન કરશો. લોકો આ ખુશખબરી ઉપર ભરોસો કરીને બેસી જશે અને નેકીના કામો કરવાનું છોડી દેશે. (મિશ્કાત, મુસ્લિમ શરીફ)

ખુદા ન કરે, કોઈ વિચારી શકે છે કે હઝ. ઉમર રદિ.એ રસૂલે ખુદાના હુકમનું અપમાન કર્યું કે વિરોધ કર્યો ? કે સામે થઈ ગયા ? પણ આ બે કિસ્સાઓ વચ્ચેનો ફરક સમજવો અને હઝ. ઉમર રદિ.ના બે વારના અલગ અલગ વર્તન વચ્ચે સમન્વય સમજવા માટે ઈલ્મ હોવું જરૂરી છે.

હજુ વધારે સાંભળો ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બદરની લડાઈમાં જઈ રહયા હતા, એક મશહૂર બહાદુર લડાઈમાં મદદ કરવાના ઈરાદે હાજર થયો, સહાબા રદિ. એ એનાથી ઘણી ખુશી થઈ, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એના માટે પરવાનગી માંગવામાં આવી તો ફરમાવ્યું કે હું મુશ્રિકની સહાય સ્વીકારીશ નહીં.

આ ઘટનાથી વિપરીત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ખૈબર અને હુનૈનન લડાઈ વેળા એક મુશ્રિક સફવાન બિન ઉમય્યહ પાસેથી જાન માલની મદદ મેળવી હતી.

હાલાંકે બદર વેળા મુસલમાનો ઘણા ઓછા અને કમઝોર હોવાથી મદદની જરૂરત હુનૈન અને ખૈબર કરતાં વધારે હતી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કયાંક જઈ રહયા હતા. એક સહાબી રદિ. રોઝાની હાલતમાં હિજામહ લગાવી રહયા હતા. આ જોઈને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હિજામહ કરનાર અને કરાવનાર બંનેનો રોઝો રહેશે નહીં. પરંતુ પછી હિજરી સન ૧૦ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે રોઝાની હાલતમાં હિજામહ કરાવ્યો.

આવી જ બીજી ઘટના આ પણ છે કે એક વાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે હિજામહ લગાવવાનું મેહનતાણું નાપાક છે, અને બીજી એક હદીસમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમે પોતે હિજામહ કરાવીને એને મહેનતાણું પણ આપ્યું.

એક હદીસમાં છે કે નમાઝ કોઈ પણ વસ્તુથી તૂટતી નથી. અને બીજી હદીસમાં છે કે નમાઝીની સામેથી ઓરત, ગધેડો, કુતરો પસાર થાય તો નમાઝ તૂટી જાય છે.

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જયારે નમાઝનો સમય થઈ જાય અને ખાવું તૈયાર હોય તો પહેલાં ખાણું ખાય લ્યો, અને બીજી હદીસમાં છે કે નમાઝને ખાવા વગેરેના કારણે મોડી ન કરવી જોઈએ.

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે કોઈ બીમારીમાં તારા ખબર અંતર ન પૂછે, તું પણ એની બીમારીમાં એના ખબર અંતર પૂછીશ નહીં. અને બીજી હદીસમાં છે કે કોઈ માણસે બીમારીમાં તારા ખબર અંતર ન પૂછયાં હોય છતાં તારે બીમારીમાં એના ખબર અંતર માટે જવાનું છે.

ખુલાસો આ કે શરીઅતના હઝારો હુકમ એવા હશે જેમાં વિવિધ કારણોએ અલગ અલગ વિપરીત હુકમ હોય છે. ફકત કુરઆનના તરજુમો પઢી લેવાથી કે કોઈ હદીસના તરજુમાની કોઈ કિતાબ પઢી લેવાથી અથવા અરબી ભાષાની ડિગ્રી મેળવી લેવાથી, આવી હદીસો અને હુકમોને સમજવા, આવી વિરાધાભાસી હદીસમાં કોઈને આગળ કરીને અમલ કરવો અને બીજીને છોડવાનો આધાર સમજી શકાય નહીં, એવી જ રીતે કયો હુકમ કાયમી અને કયો હુકમ કોઈ જરૂરત પૂરતો છે, એ પણ સમજી શકાય નહીં.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છેઃ ત્રણ માણસો દીનની આફત છે. ગનેગાર મુફતી. ઝાલિમ બાદશાહ. જાહિલ મુજતહિદ.

મતલબ આ આ છે કે શરીઅતને લાગતી વિદ્યાઓ – વિષયોથી અજાણ હોય છતાં મનમાની રીતે શરીઅતમાં પોતાનું મંતવ્ય રજૂ કરે. અનેક હદીસોમાં આવ્યું છે કે જે માણસ પોતાની સમજ અને મંતવ્ય મુજબ કુરઆન શરીફની તફસીર કરે, તો એણે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લેવું જોઈએ.

● ● ● ● ●

# અલ્લાહ તઆલાની બે નેઅમતો જાન અને માલ

ઈસ્લામી તારીખ : ૧૬ રમઝાન ૧૪૪૫ અને અંગ્રેજી તા. ૨૬ / ૩ / ૨૦૨૪ના રોજ "જામિઅહ ઉલૂમૂલ કુર્આન–જંબુસર ખાતે "ખાનકાહે મહમૂદિયહમાં" રાત્રે તરાવીહ પછી દાઈયે કબીર હઝરત મૌલાના ઈબ્રાહીમ સા. દેવલા (દા.બ.)એ ફરમાવેલી કિંમતી નસીહતો વાંચક મિત્રોના ફાયદા ખાતર અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

અલ્લાહ તઆલાએ આપણી હયાતીમાં બે નેઅમતો આપી છે.

(૧) જાનની નેઅમત અને (૨) માલની નેઅમત.

માથાથી લઈ પગ સુધી જાન છે, જે શરીરમાં એક તાકત છે અને બીજી તાકત માલની તાકત છે, તે બહાર છે. આ મોટી તાકત છે, બીજી તરફ માણસને પોતાની બંદગી માટે પેદા કર્યો છે એટલા માટે બંને પ્રકારની ઈબાદતની જવાબદારી આપી છે, જાનથી જાની ઈબાદતો કરો અને માલથી માલ સંબંધિત ઈબાદતો કરો. રોઝા અને નમાઝ વગેરે જાની ઈબાદતો છે, આમાં રૂપિયા ખર્ચ નથી થતા બલકે તાકત ખર્ચ થાય છે. અને ઝકાત, સદકહ અને હજ વગેરે માલ સંબંધિત ઈબાદતો છે, આમાં માલ ખર્ચ થશે. આ અલ્લાહ તઆલાનું ઈનામ છે, કે અલ્લાહ તઆલા જાન અને માલથી પોતાની મહેચ્છાઓ પર આપણને ચલાવવા માંગે છે, કે જાનથી અલ્લાહની પ્રસન્નતા અને ખુશી મેળવો તથા માલથી પણ અલ્લાહ તઆલાની ખુશી અને પ્રસન્નતા પ્રાપ્ત કરો. માટે અંબિયા (અલૈ.) લોકોને એવી દાવત ન આપતા હતા કે માલ ભેગો કરો, ما أوحى إلى أن أكون تاجرًا الخ મારા ઉપર એવી વહી નથી આવી કે હું સોદાગર અને વેપારી બનું અને માલ એકત્ર કરું ! બલકે મને તો અલ્લાહની પાકી –પવિત્રતા બયાન કરવાનો આદેશ છે. તેઓ માલ ભેગો કરવાની દાવત નથી આપતા, હા, માલનો ઉપયોગ કેવી રીતે કરવો તે બતાવે છે. માલ તો માણસને તેના નસીબમાં જે છે તે મળશે જ, જે રીતે જીવન મળે છે એ રીતે અસ્બાબ અને માધ્યમો પણ મળે છે, અલ્લાહ તઆલાએ માલનું સર્જન આપણા માટે જ કર્યું છે એટલે માલ તો મળશે.

માલથી શું કરવાનું છે ?

આ દુનિયા હક્કો અદા કરવાનું સ્થાન છે, "દારૂલ હુકૂક" છે. અને દુનિયા "દારૂલ ઉજૂર" એટલે કે દુનિયા હક્કો અદા કરવાની જગ્યા છે અને આખિરત બદલો મેળવવાની જગ્યા છે, આ ક્રમ છે, કે અહીં હક્કો વાજિબ થશે, હક્કો અદા કરવા બદલ અલ્લાહ તઆલા તેના હિસાબથી તેને સવાબ અને ઈનામ આપશે, અને સૌ પ્રથમ અલ્લાહ તઆલાનો હક છે, કેમ કે અલ્લાહથી પહેલા કોઈ નથી અને તેની બંદગી કરવામાં આવે.

માલને અલ્લાહ તઆલાએ હક્કો અદા કરવા માટે પેદા કર્યો છે, માણસને કુદરતી રીતે માલ પ્રત્યે મુહબ્બત હોય છે, وانه لِحب الخير لشديد "બંદો માલની મુહબ્બતમાં ઘણો તેજ છે" નાનું બાળક પણ કે તેને પૈસા આપવામાં આવશે તો ખુશ થઈને ભાગી જશે. માલથી મુહબ્બત સારી પણ હોય છે અને ખરાબ પણ છે. જયારે માલ સાથે એવી મુહબ્બત હોય કે જેનાથી હક્કો અદા ન થાય તો તેને બખીલાઈ કહે છે, આવી બખીલાઈ અને કંજૂસાઈ હરામ છે, તેનાથી તૌબા કરવી જરૂરી છે. અને આવી કંજુસાઈ હશે તો માલ આપત્તિજનક – અઝાબ બનશે, મસ્નૂન દુઆ છે :

أللهم إنى أعوذبك من ولد يكون على وبالا و أعوذبك من مال يكون على عذابا

હે અલ્લાહ ! હું એવી અવલાદથી હું પનાહ માંગું છું જે મારા માટે વબાલ બને અને એવા માલથી પનાહ માંગું છું જે મારા માટે અઝાબ બને.

જયારે માલથી હક્કો અદા નહીં થાય તો તે માલ અઝાબ બનશે, જેથી માલ હોવો ખરાબ વસ્તુ નથી પરંતુ માલનો ઉપયોગ કયાં થાય છે તે જોવામાં આવશે, જો માલનો ઉપયોગ સારી જગ્યાએ થશે અને માલનો ઉપયોગ કરનાર ઈમાનવાળો એટલે કે મુસલમાન હશે તો એ ખૂબ સરસ બાબત છે.

હદીસ શરીફમાં છે : نعم مال صالح لرجل صالح અર્થ :માલ એ ખૂબ સારી વસ્તુ છે જો તે નેક માણસ પાસે છે તો..! હઝરત અમ્ર બિન આસ (રદિ.) ને નબીએ કરીમ (સલ.)એ બોલાવ્યા કે હું તમને એક કામ માટે મોકલવા માંગુ છું, એના બદલામાં તમને માલ પણ મળશે, તો હઝરત અમ્ર બિન આસ (રદિ.) એ જવાબ આપ્યો કે હે અલ્લાહના રસૂલ (સલ.)! હું આપનું કામ માલ ખાતર કરું ? મને માલની લાલચ નથી, ફરમાવ્યું : ઠીક છે પરંતુ જયારે

કોઈ નેક માણસને સારો માલ મળે તો તે સારી વાત છે આના ઉપર ફરમાવ્યું : نعم مال صالح لرجل صالح .

માટે માલ ખરાબ વસ્તુ નથી બલકે માલ વિશે અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : "માલ જીવનનો શ્રેષ્ઠ સહારો છે, માણસ બીમાર થાય તો માલ કામ આવે છે, સફરમાં જાય તો માલ કામ આવે છે, અંગત જરૂરત વખતે તે કામ આવે છે, તેનાથી રાહતો મળે છે, પરંતુ જો તેની સાથે લાલચ અને કંજુસાઈ આવી જાય તો તે ખરાબ છે. તેને ભેગો કર્યા પછી તેનો સંગ્રહ કરે તે ખરાબ છે, માટે માલને સંગ્રહિત કરવાને બદલે તેને અલ્લાહના રસ્તામાં તથા લોકોના હક્કો પૂર્ણ કરવામાં ખર્ચ કરવામાં આવે, જે વિશે અલ્લાહ તઆલા તરફથી ખુશખબરી છે કે اَنـفـق يُـنفق عليك "તુ ખર્ચ કર અલ્લાહ તારી ઉપર ખર્ચ કરશે".

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મહેમાનોની ખિદમતની જવાબદારી હઝરત બિલાલ (રદિ.) ઉપર હતી, એક વખતે તેમણે માલ ભેગો કરીને મુકયો તો નબીએ કરીમ (સલ.) એ ફરમાવ્યું કે આ માલ કેમ ભેગો કર્યો છે ? આવું ના કરો, અલ્લાહના રસ્તમાં આપી દો, અલ્લાહ તઆલા ઘણો જ કરીમ છે તેના તરફથી તંગીનો ખતરો કરશો નહીં, આ રીતે નબી (સલ.)એ માલમાં સખાવત કરવાની તાલીમ આપી છે.

અલ્લાહના રસૂલ (સલ.) મદીનામાં રહેતા હતા, મદીનાવાળાઓને જે નસીહતો કરી હતી તેમાંથી એક આ પણ હતી કે સખી બનો, તમે જહાલતકાળમાં તો બહુ માલ ઉડાવતા હતા ! હવે તો તમે મુસલમાન છો હવે કેમ સખી નથી બનતા ? જયારે મદીનાના અન્સારે આ નસીહત સાંભળી તો તેમણે પોતાના મોટા મોટા બાગોમાં અનેક જગ્યાએથી પ્રવેશ રસ્તાઓ ખોલી નાંખ્યા, તે સમયે બાગની ચારે બાજુ માટીની દીવાલો હોતી, જેમ આપણે ખેતરની આસપાસ કાંટાની વાડ કરીએ છીએ, જેથી કોઈ જાનવર તેમાં પેસી ન જાય, પરંતુ જેવો અલ્લાહના રસૂલ (સલ.)નો હુકમ થયો તો સહાબા (રદિ.)એ તેમાં રસ્તાઓ બનાવી દીધા, યાત્રીઓ ત્યાંથી પસાર થાય તો તેમને ખાવાનું આપતા હતા, તો ઈસ્લામમાં સખવાતની તાલીમ છે, ઈસ્લામમાં માલ ભેગો કરવાની તાલીમ નથી. માલ ખર્ચ કરવા માટે છે જેટલો ખર્ચ કરશો

એટલો અલ્લાહ તઆલા આપશે.

અલબત્ત કયાં ખર્ચ કરવામાં આવે અને કયાં ખર્ચ કરવામાં ન આવે, એ જોવું પડશે. એટલા માટે દીન શીખશો તો ખબર પડશે કે માલ કયાં ખર્ચ કરવો ? દા.ત. ઝકાત કે ઝકાત માટે અલ્લાહ તઆલાએ કુર્આનમાં આઠ જગ્યાઓ બતાવી છે કે આ લોકો ઝકાતના હકદાર છે, ઝકાત ખર્ચ કરવાની રેહબરી કરી છે. માટે માલનો સંગ્રહ કરનાર નાદાન છે કેમકે ન તો તે પોતાની ઉપર ખર્ચ કરે છે અને ન તો બીજાઓ પર ખર્ચ કરે છે, બલકે તેને તે ભેગા કરેલા માલની હિફાજતની ચિંતા રહે છે કે ચોરી ન થઈ જાય, કોઈ ઉધાર માંગવા ન આવે. પોતાની જાત પર ખર્ચ કરવાનો પણ સવાબ મળશે, પોતાના ઘરવાળાઓ પર માલ ખર્ચ કરશો તો તેનો પણ સવાબ મળશે, પોતાના સંબંધીઓ પર ખર્ચ કરશો તો તેનો પણ સવાબ મળશે બલકે સંબંધીઓ પર માલ ખર્ચ કરવાથી ડબલ સવાબ મળે છે, એક તો તેમનો હક અદા કરવાનો સવાબ મળે છે અને બીજું જાતે માલ ખર્ચ કરવાનો સવાબ પણ સવાબ મળે છે, કેમકે સિલા રહમી તો સંબંધીઓનો હક છે. સંબંધીઓ સાથે સદ્વર્તન કરવામાં ઘણી બરકત છે, નફલ જગ્યા છે તો નફલ વર્તન કરો, ફર્ઝ જગ્યા છે તો ફર્ઝ વર્તન કરો, અમુક રિશ્તેદારો એવા છે કે તેમને ફર્ઝ ઝકાત આપી શકાય છે, તો ફર્ઝ અને નફલ માટે પ્રથમ હક નજીકના લોકોનો છે.

તો માલને અલ્લાહ તઆલાએ એટલા માટે પેદા કર્યો છે કે તેનાથી હક્કોની અદાયગી થાય અને હક્કોની અદાયગી ફર્ઝ છે, બીજું કે માલ એહસાન કરવા માટે પણ છે કે ફર્ઝ તો નથી પરંતુ તેમને પોતાની ખુશીથી આપો. કોઈની જરૂરત પુરી કરવી, કોઈને રાહત પહોંચાડવી આ એહસાન છે.

الدنیا دار من لا دار له، ومال من لا مال له ولها یجمع من لا عقل له

'દુનિયા એવા માણસનું ઘર છે જેનું કોઈ ઘર નથી, માણસનું ઘર દુનિયા નથી આ તો પસાર થવાની જગ્યા છે, દુન્યા જન્મથી લઈ મોત સુધીનો સફર છે, માણસનું અસલ ઘર તો આખિરત છે.

હે અલ્લાહ મારી આખિરત બનાવી દે કેમકે તે તો મારું અસલ ઠેકાણું છે. દા.ત. મુસાફિર પોતાનો જરૂરી સામાન તૈયાર કરે છે કે ઈબાદત થઈ જાય તો આ જરૂરત માલ માટે સારી કે હક્કો અદા થઈ જાય, કોઈના પર એહસાન

થઈ જાય. અને માલની ખરાબ હાલત એ છે કે માલને ભેગો કરી કંજૂસાઈ કરવામાં આવે એટલે કે કોઈના હક્કો અદા કરવામાં ન આવે. તો આ કંજૂસાઈ ના જાઈઝ છે, શૈતાન માણસને બીવડાવે છે કે તુ માલ ખર્ચ કરી દઈશ તો તું શું કરીશ ? મોહતાજી અને લાચારીથી બીવડાવે છે. الشيطان يعيدكم الفقر અને અલ્લાહ તઆલા તમને વાયદો કરે છે કે તમે ખર્ચ કરશો હું તમારી ઉપર ફઝલ કરીશ અને તમારા ગુનાહોને પણ માફ કરી દઈશ, માટે અલ્લાહ તઆલાએ માલ ખર્ચ કરવા માટે આપ્યો છે, તેના માટે નિખાલસતા પેદા કરવી પડે છે, કે જયાં જયાં ખર્ચ કરવાનો હુકમ છે ત્યાં અલ્લાહની પ્રસન્નતા માટે માલ ખર્ચ કરવામાં આવે. એટલા માટે જ અલ્લાહના રસૂલ (સલ.)એ મદીના જઈને ત્યાંના લોકોને નસીહત કરી કે સખી બનો તો તેઓ સખી બની ગયા, બલકે ત્યાં સુધી પહોંચી ગયા કે પોતાની જરૂરત પર બીજાઓની જરૂરતને અગ્રીમતા આપતા.

દરેક માણસને માલ સાથે કુદરતી મુહબ્બત હોય છે પરંતુ તેમાં એ જોવાનું છે કે માલ વિશે અલ્લાહનો હુકમ શું છે ? આ જાણવું જરૂરી છે. જેથી આ માલ વબાલ ન બને, જો આવું કરવામાં ન આવ્યું તો માલથી સંબંધ બંધાય જાય છે, પછી માલના કારણે શોખ પૂરા કરવામાં આવે છે. આપણો માલ મોજ શોખમાં લાગે છે અને જીવનમાં અય્યાશી આવે છે અને જયારે જિંદગીમાં અય્યાશી આવશે તો અલ્લાહના આદેશો પર ચાલવું મુશ્કેલ બની જશે, બલકે અન્ય બેકાર અને વ્યર્થ વસ્તુઓ જિંદગીમાં આવશે. દા.ત. જુગાર, વ્યાજનું લેન દેન, આ તેના નુકસાનો છે કે બિનજરૂરી વસ્તુઓમાં માલ ખર્ચ થાય છે.

જયારે નબીએ કરીમ (સલ.)નો પવિત્ર જન્મ થયો તો શૈતાનો જે આસમના તરફ ઉપર જતા હતા તેમનું જવાનું બંધ થઈ ગયું, એમને થયું કે કેમ બંધ થઈ ગયું ? ખબર કાઢો તો ખબર પડી કે જમીન પર એક નબીનો જન્મ થયો છે, ખાલી નબી નહીં બલકે તેની ઉમ્મત પણ હશે, તો શૈતાને કહયું નબી તો થવા દો, ઉમ્મત તો થવા દો, અમે પણ કંઈ કરીશું ! તો અન્ય શૈતાનોએ પૂછયું કે તમે શું કરશો ? તો કહયું અમે તેના ઉમ્મતીને નબી જયાં ખર્ચ કરવાનું કહેશે ત્યાં માલ ખર્ચ કરવા નહીં દઈએ, અને જયાં નબી ખર્ચ કરવાની મનાઈ કરશે ત્યાં અમે તેમને ખર્ચ કરાવીશું, જેથી માલના લીધે

ઉમ્મત પોતાના નબીના વિરોધમાં આવી જશે.

એટલે જ કહેવાય છે કે માલ હક વાત સમજવા દેતો નથી, માલની મુહબ્બત અને અય્યાશીમાં હક વાત સમજમાં નથી આવતી, જેમકે કારૂનને હક વાત સમજમાં ન આવી, હાલાંકે કારૂન હઝરત મુસા (અલૈ.)નો સંબંધી હતો, પરંતુ માલના લીધે તેને હક વાતની સમજ ન પડી, માટે માલની મુહબ્બત ખોટા રવાડે ચઢાવે છે, વ્યર્થ ખર્ચાઓ, ખાવામાં, કપડાંઓમાં, મકાનોમાં, સવારીઓમાં, શાદીઓમાં....

આ પાંચ વસ્તુઓમાં મુસલમાનો ખોટા ખર્ચાઓ કરે છે, જયારે તેમની પાસે માલ આવે છે તો આ પાંચ વસ્તુઓ આગળ આવે છે, અને જયારે માલમાં ખોટા અને વ્યર્થ ખર્ચાઓ થશે તો તેની બરકત નીકળી જશે અને તેઓ અંતે રસ્તા પર આવી જશે કારણ કે ખોટા ખર્ચા છે. પાંચની જગ્યાએ પચાસ ખર્ચ કરે છે, તો તેને વધારે કમાણી કરવી પડશે અને જયારે વધારે કમાણી કરશે તો દીનથી સંબંધ નહીં રહે બલકે દૂરી થતી જશે, બધો સમય તેની પાછળ જતો રહશે, જેમ કે આજે છે.

આજે મુસલમાનો પાસે કમાવાનો સમય છે, દીનની શીખવાનો સમય નથી કેમકે કમાણીઓએ બધો સમય લઈ લીધો છે. અલ્લાહના નબી (સલ.) નું ફરમાન છે : "મારી ઉમ્મતનો ફિત્નો માલ છે." અલ્લાહ તઆલા માલ આપીને કસોટી લેશે, માટે માણસે માલનું શોખીન બનવું ન જોઈએ બલકે માલ ભેગો કરે તો પોતાની આખિરત બનાવવા માટે ભેગો કરે અલ્લાહ તઆલાનું ફરમાન છે : وابتغ فيما آتاك الله الدار الاخرة "જે કઈ અલ્લાહે તને આપ્યું છે તેનાથી આખિરત બનાવો" આ ઈસ્લામની તાલીમ છે. માટે પોતાના માલથી આખિરત બનાવવી એ આપણું અસલ કામ છે.

માટે મુસલમાનોએ પોતાને દીનદાર બનાવવા, દીની માહોલમાં રહેવું, દીની વાતોને સાંભળવી, શિખવી જરૂરી છે. જેથી આ માલ આપણા માટે રહમત બને અઝાબ અને મુસીબત ન બને, માલ અઝાબ પણ બની જાય છે, ઝકાત રોકાય જાય છે, આજકાલ એવું જ થઈ રહયું કે પુરી ઝકાત મુસલમાન અદા કરતો નથી, કેમ કે ઝકાતને ગરીબની જરૂરત સમજવામાં આવે છે, જયારે કોઈ ગરીબ અને ચંદાવાળો આવશે તો આપી દઈશું ! ઝકાતને ગરીબની

જરૂરત સમજીએ છીએ, પોતાની જરૂરત નહીં, હાલાંકે ઝકાત ગરીબની જરૂરત નથી, બલકે માલદારની જરૂરત છે. માલમાંથી ઝકાત અદા થાય એ માલદારની જરૂરત છે, જેથી તેનો માલ પાક અને પવિત્ર થાય, જો ઝકાત કાઢવામાં નહીં આવે તો તેનો માલ ખબીસ (નાપાક) થઈ જશે. કેમકે ગરીબનો હક દબાવી રાખ્યો છે, માટે ઝકાતને અદા કરવી ઘણું જરૂરી છે, અને તે પણ ઉલમાથી પૂછી પૂછીને કરવામાં આવે, દા.ત. દુન્યવી બાબતોમાં વકીલોને આપણે પૂછીએ છીએ, કે કયાંક સરકારી પકડમાં ન આવી જઈએ, તેમાં તો વકીલોને પૂછવા જઈએ છીએ, પરંતુ અહીં આલિમોથી નથી પૂછતા કે મારી પાસે આટલો માલ છે એમાંથી મારે કેટલી ઝકાત આપવી પડશે ? આ પૂછવું જરૂરી છે,પોતાની રીતે આપી દીધી એ કાફી નથી બલકે આલિમોને પૂછીને સંપૂર્ણ ઝકાત અદા કરવામાં આવે. જેથી આ ઝકાત ઈબાદત બને અને મુકિતનું કારણ બને.

અલ્લાહ તઆલાએ જાની–માલી તાકતો જાની–માલી ઈબાદતો માટે આપી છે, જાનની તાકત, માલની તાકત, કેમકે માણસને ઈબાદત માટે પેદા કરવામાં આવ્યો છે અને આના બે જ રસ્તા છે જાન અને માલ ! તો જાન થી જાની ઈબાદતો થશે અને માલથી માલ સંબંધિત ઈબાદતો થશે. જો આ રીતે થશે તો જિંદગી એકદમ સાફ રીતે પસાર થશે અને કોઈના હક્કોનું હનન પણ નહીં થાય "અલ્લાહુમ્મ ઈન્ની ઈશતન્નકીઆ" અર્થઃ અય અલ્લાહ હું તારાથી એકદમ સાફ જિંદગી માંગુ છું" અને સાફ જિંદગી આ છે કે ન કોઈ ગુનોહ થાય, ન તો કોઈનો હક દબાવવામાં આવે, ન તો અલ્લાહનો હક તોડયો હોય, આ છે સાફ જિંદગી. દુઆઓમાં આ નસીહત અને હિદાયત છે. જયારે જિંદગીમાં આ બધું આવશે તો મોત આસાન થશે અને જિંદગી ગુજારવી પણ સરળ બનશે. (અલ્લાહ તઆલા દરેકને તૌફીક અતા ફરમાવે.)

---

# બુનિયાદી ઇસ્લામી ઇબાદતોનું માળખું

ઈસ્લામ દ્વારા ઈબાદતોનું જે વિશેષ માળખું આપવામાં આવ્યું છે, એનો ધ્યેય બંદા અને પરવરદિગાર વચ્ચે નિખાલસ સંબંધોની સ્થાપના છે. માણસને પરવરદિગારની આજ્ઞાઓ સામે આજ્ઞાંકિત બનાવવાનો છે. અંતર અને મનની (રૂહાની) કેળવણી પણ એનો મુખ્ય હેતુ છે. સરળ રીતે કહેવામાં આવે તો ઈસ્લામી ઈબાદતો દ્વારા બે મુખ્ય હેતુઓની પ્રાપ્તિનું લક્ષ્ય છે.

(૧) અલ્લાહ સાથે દૃઢ સંબંધ.

(૨) આખિરતનો ખોફ.

ઈબાદત વડે બંદો અલ્લાહની નિકટતા મેળવે છે, જેટલી વધારે ઈબાદત અને જેટલી વધારે નિખાલસતા, એટલી વધારે નિકટતા મળે છે. એના થકી જ અલ્લાહની મુહબ્બત અને ડર દિલમાં વસે છે. અલ્લાહની આવી નિકટતાનું નામ જ તો રૂહાનિયત અને આધ્યાત્મિકતા છે. એને જ તઝકિયહ, તસવ્વુફ, એહસાન અને સૂફીવાદ કહેવામાં આવે છે. આ રૂહાનિયત અને આધ્યાત્મિકતા ઈસ્લામની બુનિયાદ છે. સાદા શબ્દોમાં એને ધર્મપરાયણતા કહેવામાં આવે છે. એના વગર માણસ અને ધર્મ એક ખાલી ખોખાની જેમ રહી જાય છે.

આજના માનવીમાં કરપ્શન, સંસ્કારોની પડતી, દુરાચાર અને કુરિવાજોનું જે ચલણ છે, એનું બુનિયાદી કારણ માનવીમાં રૂહાનિયત અને ધર્મપરાયણતાની ઉણપ છે. અલ્લાહ તઆલા સાથે ગાઢ સંબંધ અને આખિરતના ખોફ વગર રૂહાનિયત નથી મળી શકતી અને રૂહાનિયત ઈબાદત વગર પેદા નથી થતી, માટે ઈબાદત ઘણી જરૂરી બાબત છે.

ઈબાદતોનું આ માળખું સુવ્યવસ્થિત, દિવ્ય આયોજન વાળું અને પરિપૂર્ણ છે. ઈસ્લામનો આશય જ માણસને એના પરવરદિગારનો આજ્ઞાકિત બંદો બનાવવાનો છે. એટલે દરેક ઈબાદત અલ્લાહ અને બંદાનો સંબંધ મજબૂત બને એ જ પ્રમાણેની રાખવામાં આવી છે. ઈસ્લામી

ઈબાદતો દ્વારા અલ્લાહ પ્રત્યે શ્રદ્ધા અને યકીન ઉપરાંત જીવનના અન્ય આદેશોમાં અલ્લાહના આજ્ઞાપાલનની કેળવણી મળે એનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. એટલે જો કોઈ માણસ ઈબાદતો દ્વારા મળતી કેળવણીને અનુસરે તો એના દિવસ – રાતનો સઘળો સમય ઈબાદતમાં જ પસાર થશે.

નમાઝ, રોઝા, ઝકાત, અને હજ, ઈસ્લામની બુનિયાદી ઈબાદતો છે. ઈસ્લામી ઈબાદતોના માળખાના આ ચાર મુખ્ય સ્થંભો છે. એમને ઈસ્લામી ફરજો પણ કહેવામાં આવે છે.

***નમાઝ***

પ્રથમ ફરજ 'નમાઝ' છે. રાત – દિવસમાં પાંચ નમાઝો પઢવી ફરજ છે. નમાજ પઢતી વેળા કાબા તરફ મોઢું કરવામાં આવે છે. 'કાબા' ભારતથી પશ્ચિમે અરબસ્તાનના મક્કા શહેરમાં આવેલ એક પવિત્ર સ્થાન છે. બાલિગ અને પુખ્તવયના થવા પછી મૃત્યુ સુધી દરેક મુસલમાન – મો'મિન ઉપર દરેક સ્થિતિમાં એક દિવસમાં પાંચ સમયે નમાઝો પઢવી ફરજ છે, આ નમાઝોનો સમય નક્કી છે, આ ઈસ્લામની અતિ મહત્વની ઈબાદત છે, એમાં સૌ પ્રથમ શરીરને પાક સાફ કરવાનું હોય છે, આ માટે હાથ, મોં, પગ ધોવા પડે છે, જેને વુઝૂ કહે છે, ત્યાર પછી નમ્રતા પૂર્વક ખુદા સમક્ષ થોડીવાર ઉભા રહીને નમાઝમાં કુરઆનની સૂરતો અને આયતો પઢવાની હોય છે. થોડીવાર ધરતી પર માથું મૂકી અલ્લાહના જ સાચા માબૂદ હોવાનો એકરાર કરવાનો છે, આ દરમિયાન અલ્લાહથી ઈમાન પર બાકી રહેવા અને જહન્નમથી બચવાની દુઆ કરવાની છે.

આ પાંચ નમાઝોનો ફાયદો એ છે કે આદમી દિવસભર કેટલોયે પ્રવૃત રહે, અલ્લાહ તઆલાથી ગાફેલ રહેશે નહીં, સવારે ઉઠીને એને યાદ કરવામાં આવે છે, સૂતાં પહેલા એને યાદ કરીને સુવાનું છે, દિવસમાં કારોબાર, નોકરી અને વેપાર અને હરવા ફરવાના વચ્ચે પણ એને ભૂલવાનો નથી.

નિયત સમય ટાણે નમાઝો પઢવાનો બીજા ફાયદો એ છે કે જેમ દિવસભરમાં પાંચવાર નહાવાથી માણસના શરીરનો મેલ ધોવાય જાય છે, એ જ પ્રમાણે પાંચ સમયની નમાઝો દ્વારા માનવી દિવસભરના પાપોથી પવિત્ર થઈ જાય છે.

નમાઝ દ્વારા દુનિયાના મુસલમાનો અને ગેર મુસ્લિમો વચ્ચે ભેદ રેખા દોરાય છે, મૃત્યુ પછી સૌ પ્રથમ એનો જ હિસાબ થશે, જે આ કાર્યમાં સફળ નીકળી ગયો, તેના અન્ય બધા જ તબક્કાઓ સરળતાથી પાર પડી જશે.

મુસલમાનના માથેથી નમાઝ કોઈ પણ રીતે માફ નથી, ઊભા રહેવાની શકિત નથી તો બેસીને, બેસીને પઢવાની શકિત નથી તો સૂતાં સૂતાં પઢવાની છે, ઉઠક બેઠક નથી કરી શકતો તો હાથ પગના ઈશારા વડે પણ નમાઝ પઢવાની જ છે, પાણી દ્વારા વુઝૂ શકય નથી તો 'તયમ્મુમ' કરી પઢવામાં આવશે, આમ દરેક પ્રકારે નમાઝ પઢવાની જ રહે છે, કારણ કે નમાઝ દ્વારા જ અલ્લાહને યાદ કરી એનું ધ્યાન રહે એ ઈચ્છવામાં આવે છે, અને અલ્લાહની યાદની જરૂરત તંદુરસ્તની જેમ બીમારને પણ હોય છે. શરીઅતે નક્કી કરેલ લાંબા અંતરનો પ્રવાસ હોય તો ટુંકી નમાઝની છૂટ શરીઅત તરફથી આપવામાં આવી છે.

જો કોઈ અડચણ ન હોય, માણસ અશકત ન હોય તો મહોલ્લાની મસ્જીદમાં જઈ સૌ સંગાથે ઈમામ પાછળ નમાઝ અદા કરવામાં આવે, આવી જમાઅત સંગાથે પઢવામાં આવેલ નમાઝનો સવાબ (પુણ્ય) એકલા પઢવામાં આવેલ નમાઝ કરતાં સત્તાવીસ ગણો વધારે છે, આ જ પ્રમાણે અઠવાડિયામાં એક વાર જુમ્આની નમાઝ ગામના બધા જ લોકો ભેગા મળી એક જ સ્થળે પઢવા માટે બનતા પ્રયત્નો કરે.

દરરોજ જમાઅત સાથે અને જુમ્આની નમાઝ ભેગી પઢવાથી મુસલમાનો માંહે એક બીજા સાથેના સંબંધો, સ્નેહ, હમદર્દી વાળા બને છે. અને એક આગેવાનને અનુસરવાની ભાવના ઉત્પન્ન પણ થાય છે અને એક જ લાઈનમાં અમીર ગરીબના ઉભા રહેવાથી ઊંચ નીચનો ભેદભાવ

પણ નષ્ટ થઈ જાય છે.

જમાઅતની નમાઝ પહેલાં અઝાન પોકારવામાં આવે છે, જેમાં અલ્લાહની મોટાઈ, મહાનતા, સાચા માબૂદ અને પૂજનીય હોવાનો પોકાર તેમજ એલાન હોય છે, આમ અઝાન દ્વારા મુસલમાનોને નમાઝનો સંદેશ આપવાની સાથે અન્યોને પણ ઈસ્લામનો સંદેશ – આમંત્રણ પણ આપવામાં આવે છે.

લોકોને નમાઝનો સમય થવાની જાણ કરવા અને નમાન માટે મસ્જિદમાં બોલાવવાના હેતુસર ઊંચી અવાજે પોકારવામાં આવતી અઝાનના શબ્દો ચોમેર વાતાવરણમાં પ્રસરી જાય છે. અને આમ દિવસના આરંભે, અંતે અને દિવસભરમાં અનેકવાર વાતાવરણમાં ઈશ્વરની મહાનતાનો સાદ ગુંજતો રહે છે.

***રોઝા***

નમાઝ પછી બીજી ફરજ રોઝો છે, ઈસ્લામી વરસ મુજબ રમજાન માસમાં દરેક મુસલમાને રોઝા રાખવા જરૂરી છે, પુખ્તવય, તંદુરસ્ત અને પોતાના રહેવાના સ્થાને રહેતા દરેક માણસ ઉપર રોઝા ફરજ છે, મુસાફિર હોય તો તાત્કાલિક છૂટ છે, પરંતુ મુકામે પરત ફર્યા પછી રાખવા જરૂરી છે, રોઝામાં સુબ્હે સાદિક (પરોઢ)થી લઈ સૂર્યાસ્ત સુધી ખાવા, પીવા અને પત્નિ સાથે સંભોગ કરવાથી બચવું જરૂરી છે.

રોઝાના માધ્યમથી માણસને કેળવવામાં આવે છે કે માણસ અમૂક દિવસો સુધી અલ્લાહના આદેશોને અનુસરી જાઈઝ કામો (ખાવા–પીવા સંભોગ)થી બચે છે તો પછી અલ્લાહે હરામ ઠરાવેલ વસ્તુઓથી જીવનભર કેમ ન બચી શકે ?

રોઝા વડે માણસમાં સબ્ર, સહનશીલતા, તકવા, પરહેઝગારીના ગુણો ઉત્પન્ન થાય છે. રોઝા દ્વારા દિલની સફાઈ અને અંતરને કામના અને વાસના જેવા દુર્ગુણોથી પવિત્ર કરવામાં મદદ મળે છે.

એક લાભ આ પણ છે કે રોઝા દ્વારા ભૂખ તરસની વેદનાનો એહસાસ થાય છે, પરિણામે ગરીબીના લઈ ભૂખ તરસ વેઠતા ગરીબો પ્રત્યે હમદર્દી

વધે છે.

રોઝા રાખનારાઓ માટે અલ્લાહ તઆલા તરફથી વિશેષ ઈનામનો વાયદો છે.

### ઝકાત

ત્રીજી ઈબાદત ઝકાત આપવાની છે, ઝકાતનો અર્થ છે વર્ષાંતે માલદાર મુસલમાને એની કમાઈ, આવક અને ધંધાકીય સંપત્તિમાંથી ૨.૫ ટકા (ચાલીસમો ભાગ) અલ્લાહ ખાતર ગરીબોને આપવો. એનાથી વધારે આપવું મરજિયાત છે, જે સદકહ ખૈરાત કહેવાશે. કુર્આનમાં અલ્લાહે કહ્યું છે કે ઝકાત ન આપવાથી મૃત્યુ પછી કડક શિક્ષા (અઝાબ) થશે અને આ જ માલ એના માટે યાતનાનું કારણભૂત બનશે. જે રૂપું—સોનું એણે અલ્લાહ ખાતર ખર્ચ કરવાના બદલે સંઘરી રાખ્યું, આખિરતમાં એ જ ઓગાળીને એના કપાળે દઝાડવામાં આવશે.

મુસલમાને માન્યતા રાખવી જોઈએ કે માલ સંપત્તિ તો અલ્લાહ તઆલાએ આપેલ અમાનત છે, એને અલ્લાહની રાહમાં ખર્ચ કરવાથી ઓછી ન થશે, આ તો અલ્લાહનો ઉપકાર કહેવાય કે એણે સઘળો માલ એની રાહમાં ખર્ચ કરવાના સ્થાને થોડોક જ માલ ગરીબો અને મોહતાજોને વહેંચવાનો આદેશ આપ્યો, ઉપરાંત એના ઉપર સવાબ અને પુણ્ય આપવાનો વાયદો પણ કર્યો.

ઝકાત કાઢવાના આદેશ પાછળ મુળ આશય માણસમાં બલિદાન, ત્યાગ અને સખાવતની ભાવના કેળવવાનો છે. કંજુસાઈ અને લાલચની બુરાઈથી માણસને પવિત્ર રાખવાનો છે.

ઈસ્લામી માન્યતા અનુસાર દોલતનું સ્થાન 'લક્ષ્મી દેવી' નથી. એની પૂજા નથી કરવામાં આવતી. બલકે ઉલટું માલ ખર્ચ કરવાનો આદેશ આપીને દિલને એની મુહબ્બતથી પાક રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઝકાતનો મોટો ફાયદો આ છે કે સમાજમાં આર્થિક અસમાનતા ઓછી થાય છે. માલદારોની ઝકાત સીધી રીતે ગરીબોને મળે છે એટલે ગરીબો અને માલદારો વચ્ચે અંતર ઘટે છે અને બન્ને પોતાને એકબીજાના

પૂરક સમજે છે.

હજ

શારીરિક અને આર્થિક રીતે શકિતશાળી દરેક મુસલમાન ઉપર જીવનમાં એકવાર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વતન, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ વસાવેલ શહેર, મક્કા જઈ હજ કરવી ફરજ છે. મક્કા શહેરમાં કઅબહ છે, ધરતી ઉપર સૌ પ્રથમ અલ્લાહની ઈબાદત માટે બનાવવામાં આવેલ આ પ્રથમ સ્થાન છે. નમાઝમાં મુસલમાનો અલ્લાહના આદેશાનુસાર એના તરફ જ મોઢું કરે છે. હજ અદા કરવાથી માણસના પાછલા બધા જ ગુનાહો માફ થઈ જાય છે અને માણસ ગુનાહોથી એવો પવિત્ર થઈ ઘરે પરત ફરે છે, જાણે માના પેટમાંથી હમણાં જ પેદા થયો હોય, હજમાં બધા જ મુસલમાનો બે સફેદ ચાદરો ઓઢીને હજના બધા કાર્યો પૂરા કરે છે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને એમના કુટુંબીજનોએ અલ્લાહની રાહમાં આપેલ બલિદાનો અને સફળ કસોટીઓની યાદગારો નિહાળે છે, અરફાત નામી મેદાનમાં એક દિવસ પસાર કરવાનો હોય છે, અહિંયા આ ટાણે વિશ્વમાં સૌથી વધુ માત્રામાં મુસલમાનો ભેગા થાય છે, દુઆ કબૂલ થવા માટેનું આ સૌથી શ્રેષ્ઠ સ્થાન છે, આ દિવસ પણ સૌથી ઉત્તમ છે. હજનો ફાયદો એ છે કે વૈશ્વિક રીતે એક કેન્દ્ર સ્થાને બધાના ભેગા મળવાથી સમાજની આંતરરાષ્ટ્રીય એકતા અને સામુહિકતા પ્રગટ થાય છે અને તેઓ એક બીજાની સંસ્કૃતિ, અને ધાર્મિક તેમજ સામાજિક પરિસ્થિતિઓથી વાકેફ થાય છે.

હજમાં માણસ અલ્લાહના આદેશ મુજબ એની ઈબાદત કરવા માટે કષ્ટો વેઠીને લાંબી મુસાફરી કરે છે અને મોટી રકમ ખર્ચ કરે છે. આમ શારિરીક અને આર્થિક બલિદાન આપીને માણસ જયારે મંઝિલે (મક્કા) પહોંચે છે તો એના અંતરમાં ઈશ્કે ઈલાહીની આગ પ્રજવલિત થાય છે, ફળસ્વરૂપ અલ્લાહ અને ઈસ્લામના આદેશો પ્રતિ એની શ્રદ્ધા વધારે દઢ બને છે.

■ ■ ■

# શયતાન ચોર અને હઝ. અબૂ હુરૈરહ રદિ.

હઝરત અબૂહુરયરહ રદિ. ફરમાવે છે કે,

એકવાર મને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રમઝાનની ઝકાત સાચવવાની જવાબદારી સોંપી.

એક રાત્રે મેં જોયું કે કોઈ ચોર અચાનક આવ્યો અને ખોબે ખોબા ભરીને અનાજ ભરવા માંડયો. મેં એને પકડયો અને કહયું કે ખુદાની કસમ ! હું તને જરૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે લઈ જઈશ.

ચોર કરગરવા લાગ્યો કે અલ્લાહના સોગંદ ! હું ઘણો જ ગરીબ, મોહતાજ અને બચરવાળ છું. મને જવા દયો, ફરીવાર ચોરી નહીં કરું.

હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે એને કરગરતો જોઈને મેં એને જવા દીધો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સવારે પૂછયું કે, અબૂ હુરયરહ ! તમારા રાત વાળા કેદીનું શું થયું ?

હઝરત અબૂ હુરયરહ રદિ.એ કહયું કે યા રસૂલલ્લાહ ! એણે મોહતાજી અને બાળબચ્ચાઓની જરૂરત દર્શાવી એટલે મેં એને છોડી દીધો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : એ તમારી સામે જૂઠું બોલીને ગયો છે. ધ્યાન રાખજો ફરીવાર આવશે.

હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કહેવાથી મને યકીન હતું કે એ ફરીવાર આવશે જ. એટલે બીજા દિવસે હું એની તાકમાં જ હતો. જયારે બીજી રાત્રે આવીને એ અનાજ ભરવા લાગ્યો તો મેં એને પકડી લીધો અને કહયું કે આ વેળા તો હું તને જરૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે લઈ જઈશ.

આ વેળા પણ ચોર એ જ રીતે કરગરવા લાગ્યો, મોહતાજી અને બાળબચ્ચાઓની જરૂરત બતાવીને કહેવા લાગ્યો કે આ બધાની જવાબદારી મારા શિરે છે, એટલે મને જવા દયો, ફરીવાર ચોરી નહીં કરું. હઝરત અબૂ હુરયરહ રદિ.ને એના ઉપર દયા આવી ગઈ એટલે ફરીવાર એને છોડી દીધો.

સવારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે, અબૂ હુરયરહ તમારા રાત વાળા કેદીનું શું થયું ?

હઝરત અબૂ હુરયરહ રદિ.એ કહયું કે યા રસૂલલ્લાહ ! એણે એ જ હાજત અને ઘરવાળાઓની જરૂરત દર્શાવી એટલે મેં એને છોડી દીધો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : એ જૂઠો છે. ફરીવાર આવશે. હઝરત અબૂહુરયરહ રદિ. ફરમાવે છે કે ત્રીજા દિવસે હું એની તાકમાં હતો કે એ જરૂર આવશે.

રાતે એ આવ્યો અને અનાજ ભરવા લાગ્યો તો મેં એને પકડી લીધો અને કહયું કે આ ત્રીજીવાર છે. હવે હું તને નહીં છોડું. દરેક વાર વાયદો કરીને જાય છે. માટે હવે તને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે લઈ જ જવો પડશે.

એણે જોયું કે આ વેળા છુટી શકાય એમ નથી તો કહેવા લાગ્યો કે, અબૂ હુરયરહ ! મને છોડી દો તો હું તમને એક એવી દુઆ શીખવાડીશ જેનાથી તમને ઘણો જ ફાયદો થશે.

હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે મેં એને કહયું કે એ કઈ દુઆ છે ?

એણે બતાવ્યું કે, જયારે તમે રાત્રે બિસ્તર ઉપર સુવા જાઓ તો પૂરી 'આયતુલ કુરસી' પઢયા કરો. એની બરકતથી અલ્લાહ તઆલા ફરિશ્તાઓને તમારી હિફાઝત માટે નક્કી કરી દેશે અને સવાર સુધી શયતાન તમારી પાસે આવી શકશે નહીં.

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ اَلْحَیُّ الْقَیُّوْمُ لَا تَاْخُذُهٗ سِنَةٌوَّلَا نَوْم“ لَهٗ مَا فِی السَّمٰوٰتِ

وَمَا فِی الْاَرْضِ مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْهِمْ

وَمَا خَلْفَهُمْ وَلَا يُحِيطُونَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا بِمَاشَآءَ وَسِعَ كُرْسِيُّهُ
السَّمٰوٰتِ وَالْاَرْضَ وَلَايَئُوْدُهٗ حِفْظُهُمَا وَهُوَالْعَلِيُّ الْعَظِيْمُ .

તરજમહ : અલ્લાહ સિવાય કોઈ પણ ઈબાદતને લાયક નથી. તે હયાત વાળો છે. (મૃત કે મુર્તિ નથી.) તે જગતનો રક્ષક છે, ન તેને ઝોકું આવે છે અને ન ઊંઘ. આકાશો અને પૃથ્વીમાં જે કંઈ છે તે તેનું જ છે. એવો કોણ છે જે તેની રજા વગર તેની પાસે ભલામણ કરી શકે ? તે લોકોની આગલી અને પાછલી સૌ હાલતોને જાણે છે અને બધા લોકો મળીને પણ તેના જ્ઞાનમાંથી કોઈ ચીજને જાણી શકતા નથી, સિવાય એવી બાબતો જેને અલ્લાહ પોતે લોકોને જણાવવા ચાહે. તેની કુરસી આકાશો તથા પૃથ્વીને આવરી લેનારી છે. અને તે બન્નેનું રક્ષણ તેને કંઈ ભારે નથી અને તે જ સર્વોપરી (અને) મહાનતાવાળો છે.

એણે દુઆ બતાવી એના બદલામાં હઝરત અબૂ હુરયરહ રદિ.એ એને છોડી દીધો.

સવારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે, અબૂ હુરયરહ તમારા રાત વાળા કેદીનું શું થયું ?

હઝરત અબૂ હુરયરહ રદિ.એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! એણે મને એક દુઆ શીખવાડી એટલે મેં એને છોડી દીધો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે, શી દુઆ એણે તમને શીખવાડી ?

હઝરત અબૂ હુરયરહ રદિ.એ બતાવ્યું કે રાતે આ પ્રમાણે આયતુલ કુરસી પઢવાનું બતાવી ગયો છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

એ જૂઠો છે. પણ તમને આ સાચી વાત બતાવી ગયો છે.

અને હે અબૂ હુરયરહ ! તમને ખબર છે ? ત્રણ રાતો સુધી તમને પરેશાન કરનાર આ કોણ હતો ? એ શયતાન હતો.

*(બુખારી શરીફ/નસઈ શરીફ)*

---

# ગઝવએ હિંદની વાસ્તવિકતા

*હઝ. મવ. ખાલિદ સયફુલ્લાહ સા. દા.બ.*

---

નબીનો અર્થ 'સત્ય ખબર આપનાર' થાય છે. એટલા માટે દરેક નબીએ લોકોને આખિરતની સાચી ખબરોથી ખબરદાર કર્યા છે. જન્નત અને દોઝખ વિશે બતાવ્યું છે, આખિરતમાં મળનાર બદલા અને સજા વિશે પણ જાણકારી આપી છે અને અમુક અદ્રશ્ય મખ્લૂક દા.ત. ફરિશ્તાઓ વિશે પણ ખબરદાર કર્યા છે. સાચી ખબરોનું એક બીજું પાસું ભવિષ્યવાણીઓ પણ છે. અલ્લાહ તઆલા દરેક ઘટનાઓનો સર્જક છે અને આ સૃષ્ટિમાં નબીઓ તેના સંદેશવાહક છે, જેથી તેઓ અલ્લાહ તઆલા તરફથી મળતી અમુક માહિતી–ભવિષ્યવાણીઓ તેઓ લોકો સમક્ષ રજૂ કરે છે તેમાંથી અમુક ભવિષ્યવાણીઓ – આગાહીઓ તો મોઅજિઝા સ્વરૂપે હોય છે. દા.ત. હુઝૂર (સલ.)એ બદ્રની લડાઈ પૂર્વે હુમલો કરનાર અમુક મુશ્રિક માણસો વિશે બતાવી દીધું હતું કે લડાઈમાં કોને કયાં કતલ કરવામાં આવશે ? અને આ આગહી સંપૂર્ણપણે સાચી પડી અને અમુક આગાહીઓ તંબીહ અને ચેતવણી માટે હોય છે, જેમાં અમલની દાવત પણ હોય છે, દા.ત. ઈમામ મેહદીનું જાહેર થવું, દજ્જાલનું નીકળવું, હઝરત ઈસા (અલૈ.)નું આકાશથી ઉતરવું, પશ્ચિમ દિશાએથી સૂર્યોદય થવું વગેરે.

આ બીજા પ્રકારની આગાહીઓમાં એ પણ છે કે આપ (સલ.) એ વિશ્વના વિભિન્ન પ્રદેશોમાં ઈસ્લામી વિજયનો પણ ઈશારો પણ ફરમાવ્યો, દા.ત. રોમ, કોન્સ્ટેન્ટિનોપલ, ઈરાન વગેરે. આવી ભવિષ્યવાણીઓમાં એક ભારત ઉપર વિજય અને અહીં ઈસ્લામનો પ્રચાર પણ છે. આ વિશે અમુક કથનો નકલ કરવામાં આવ્યા છે, જેમાંથી અમુક કથનો તો હદીસકર્તાઓના મત મુજબ વિશ્વાસપાત્ર નથી અને અમુક મહદઅંશે વિશ્વાસપાત્ર પણ છે.

આ ઘટનાઓ કયારે બનશે? ચોક્કસપણે હદીસમાં આ બતાવવામાં આવ્યું નથી. અમુક રિવાયતોમાં છે કે જયારે દજ્જાલ જાહેર થશે ત્યારે બયતુલ મુકદસનો એક રાજા ભારતમાં સૈન્ય મોકલશે. (નુઐમ બિન હમ્માદ ફીલ ફિતન : હદીસ નંબર : ૪૧૨૧) અને અમુક કથનો મુજબ આ લડાઈ સહાબાના સમયકાળ અથવા તેની આસપાસ થશે. કેમ કે હઝરત અબૂ

હુરયરહ (રદિ.)ની તમન્ના હતી કે મને આ લડાઈમાં શહાદત મળી જાય. આ રિવાયતને હદીસની બે વિશ્વાસપાત્ર કિતાબોમાં નકલ કરવામાં આવી છે. (મુસ્નદે અહમદ : ૨ / ૯૨૨,સુનને નસાઈ : હદીસ નં. ૩૭૧૩–૪૭૧૩ પ્રકરણ : ગઝવએ હિંદ) જો કે આ રિવાયત કમજોર (ઝઈફ) છે, પરંતુ તેનાથી અંદાજો કાઢી શકાય કે ઈર્શાદે નબવીને સીધી રીતે સાંભળનાર સહાબા સમજતા હતા કે આ ઘટના ટુંક સમયમાં બનશે.

આ સમયગાળા પછી નજીકના સમયમાં ભારતીય શાસકો સાથે આરબ શાસકો સાથેનું યુદ્ધ મુહમ્મદ બિન કાસિમ દ્વારા સિંધના વિજયના રૂપમાં આપણી સામે છે. આ જ આધારે સિંધ પ્રદેશને 'ઈસ્લામનો દ્વાર' કહેવામાં આવે છે હજ્જાજ બિન યૂસુફ તાઈફ શહેરના એક પરિવાર 'બનૂ ષકીફ'ના સભ્ય હતા. બનૂ ઉમૈયાના શાસકોમાં જુલ્મ અને અત્યાચાર માટે પ્રખ્યાત હતા. અહીં સુધી કે હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે તમામ પ્રજાઓના અત્યાચારને એક પલ્લામાં મુકવામાં આવે અને હજ્જાજના અત્યાચારને બીજા પલ્લામાં રાખવામાં આવે તો હજ્જાજવાળું પલ્લું નમી જશે. પરંતુ તેણે પોતાના જીવનમાં અમુક સદ્કાર્યો પણ કર્યા છે, તે પૈકી એક આ પણ છે કે પોતાના પિત્રાઈ ભાઈ અને જમાઈ મુહમ્મદ બિન કાસિમને ઈરાનની તે સમયની રાજધાની ''શીરાજ''ના ગવર્નર બનાવ્યો હતો. તેનું કારણ આ હતું કે તેણે ઈ.સ. ૮૦૭માં કુર્દિશ વિદ્રોહને ડામવા માટે માત્ર ૧૫ વર્ષની ઉમરમાં જ સૈન્ય વડાની જવાબદારી સોંપવામાં આવી હતી. અને તેમણે અણધારી અને અસંભવ સફળતા મેળવી હતી. આ અદ્‌ભૂત પરાક્રમ બદલ તેમને સિંધ પ્રદેશના અમુક રાજાઓ સાથે યુદ્ધ માટે સિંધ અભિયાનની જવાબદારી સોંપવામાં આવી. તે સમયે તેમની ઉમર ૧૭ વર્ષની હતી, ઈ.સ.૧૧૭ થી ઈ.સ. ૩૧૭ સુધી તેમણે આ ચળવળ ચાલું રાખી અને સિંધના મોટા ભાગના વિસ્તારો અહીં સુધી કે ''મુલતાન'' (જે તે સમયે સિંધનો ભાગ હતો) ને પણ જીતી લીધું. ચાર વર્ષ સિંધમાં રહી ત્યાંની વ્યવસ્થા–વહીવટમાં સુધારો કર્યો અને ન્યાય આધારિત સરકાર સ્થાપી.

સિંધનું યુદ્ધ શા માટે લડવામાં આવ્યું અને અહિંયા સત્તા સ્થાપવાની ચળવળ શા માટે ચલાવવામાં આવી ? આ વિશે પણ જાણવું અત્યંત જરૂરી છે, જેથી ખબર પડે કે શું આ અત્યાચારી ઘટના હતી ?

ઈતિહાસથી ખબર પડે છે કે આના ઘણા કારણો છે, તે સમયે સિંધનો રાજા દાહિર હતો, મકરાન પર મુસલમાનોનો કબજો હતો, ઈ.સ. ૩૦૭માં અમુક લોકોએ મકરાનના ગવર્નર સઈદ બિન અસ્લમની હત્યા કરી નાંખી અને રાજા દાહિરની પનાહ મેળવી, હજ્જાજ બિન યુસુફ જે ઈરાકનો ગવર્નર હતો, તેણે પરત કરવાની માંગણી કરી, બીજું કે શ્રીલંકાના રાજાએ હજ્જાજને અમુક કિંમતી સોગાદો મોકલી જે જળમાર્ગે આવી રહી હતી, આ જહાજમાં કેટલાક આરબ મુસલમાન પણ હતા આ જહાજ દેબલ (કરાચી) સ્થળે આવ્યું તો ડાકુઓએ આ કાફલાને લૂંટી લીધો, આ વિસ્તારનો રાજા દાહિર હતો, અમુક લોકો બચીને હજ્જાજના દરબારમાં પહોંચ્યા અને રાજા દાહિર સમક્ષ છોકરીઓને મુકત અને સામાન પરત કરવાની માંગણી કરી, પરંતુ રાજા દાહિરે આ તરફ ધ્યાન ન આપ્યું અને એ બહાને મદદની ના પાડી દીધી કે તેમના પર મારી કોઈ સત્તા નથી.

ત્રીજી બાત એ કે રાજા દાહિરથી પહેલા અહીં ચંદ્ર અને ચચ રાજા હતા, જેઓ બૌદ્ધ હતા, પરંતુ રાજા દાહિરે કટ્ટર હિંદુ હોવાથી બૌદ્ધો પર ખૂબ અત્યાચારો ગુજાર્યા, તેની હાલત એ હતી કે તેના પરિવાર સિવાય કોઈને પણ પાઘડી બાંધવાની પરવાનગી ન હતી, પ્રજાને ઘોડા સવારી કરવાની મનાઈ હતી, સંસ્કારની એ દશા હતી કે તેણે પોતાની સગી બહેન સાથે વિવાહ કર્યા હતા, જનતા તેના અત્યાચારથી ત્રાસી ગઈ હતી, એટલા માટે સિંધના મઝલૂમોના એક સમુહે હજ્જાજ બિન યુસુફને રાજા દાહિરની ફરિયાદ કરી અને સિંધ પર આક્રમણ કરવાનું કહયું.

જેથી હજ્જાજે સિંધ પર હુમલો કરવાની પરવાનગી આપી દીધી, પ્રથમ ઉબૈદુલ્લાહની આગેવાનીમાં એક સૈન્ય રવાના કર્યુ, તેઓ શહીદ થઈ ગયા, ત્યાર પછી ૩૦૦૦ હઝારનું સૈન્ય બુદેલની આગેવાનીમાં રવાના કર્યુ, તેઓની પણ હાર થઈ. હવે તેમની નજર મુહમ્મદ બિન કાસિમ પર પડી અને આ ચળવળ માટે ૧૨ હજાર મુજાહિદોને, જેમાં છ હઝાર શામી અને છ હઝાર ઈરાકી ફોજી હતા અને આ સૈન્ય સાથે પથ્થર ફેંકનાર એક ગોફણ જેનું નામ 'ઉરુસ' હતું, રવાના કરી, અને ત્યાંના સ્થાનિક લોકો પણ આ સૈન્ય સાથે જોડાયા અહીં સુધી કે આ સૈન્ય દબીલની બંદરગાહ પર પહોંચી તો તેમની

સંખ્યા ૧૮૦૦૦ હઝાર થઈ ચુકી હતી, અંતે એમણે દેબલને જીતી લીધું, અને દાહિર પોતાના સૈન્ય સહિત આગળ ભાગતો ગયો, તેની સાથે ૧૦ હઝાર સવાર અને તીસ હઝાર પગપાળા સૈનિકો હતા, વળી તેને પોતાના હાથીઓવાળા સમુહ પર ખૂબ અભિમાન હતું. મુહમ્મદ બિન કાસિમે આગળ વધી બાહમાબાદ પછી અરોળ પર વિજય મેળવ્યો, અહીં સુધી કે મુલતાન જે તે સમયે સિંધનું કેન્દ્ર હતું અને ત્યાં મોટા મોટા મંદિરો હતા, તેને પર ફતહ કર્યા. મુહમ્મદ બિન કાસિમે રાજા દાહિરે બનાવેલ હિન્દુ ઊંચ–નીચની વ્યવસ્થાને બંધ કરી, બધાની સાથે ન્યાય અને બરાબરીનો વર્તાવ કર્યો, હિન્દુ મંદિરો તેમજ પુજારીઓને ભેટ – સોગાદો આપી, સ્થાનિકો તેમની હમદર્દીથી ખૂબ જ પ્રભાવિત થયા, ઈતિહાસકારો નોંધે છે કે જયારે મુહમ્મદ બિન કાસિમ સિંધથી પરત ફર્યા તો તેમની વિદાયથી ત્યાંના બિન મુસ્લિમો રડી રહયા હતા, અને લોકોના અભિપ્રાયોની સ્થિતિ એ હતી કે વર્તમાન 'કચ્છ' જેનું નામ તે સમયે 'કીરચ' હતું માં તેની મુર્તિ બનાવી લાંબા સમય સુધી તેની પૂજા કરવામાં આવી.

જાહેરમાં તો આ તે જ લડાઈ છે જેને અલ્લાહના રસૂલ (સલ.)ની આગાહીમાં 'ગઝવએ હિંદ' કહેવામાં આવી છે. આ જ સિંધ અને હિંદ પર પ્રથમ સૈન્ય આક્રમણ હતું, આમ ખુલાસો એ થયો કે હિંદ ઉપર આક્રમણ અથવા ગઝવએ હિંદની જે ભવિષ્યવાણી હતી એ પૂરી થઈ ચુકી છે.

અત્રે આ પણ ઉલ્લેખનીય છે કે અત્યારનું ભારત તે સમયના ભારત કરતા ઘણું અલગ હતું, બલકે ઈતિહાસથી ખબર પડે છે કે હઝારો વર્ષો પહેલાં જયારે આર્યો આ દેશમાં આવ્યા તો તેમણે આ વિસ્તારનું નામ સિંધ રાખ્યું, કેમકે તેઓ તેમની ભાષામાં દરિયાને 'સિંધુ' કેહતા હતા, પ્રારંભમાં તેઓ આ દેશને સિંધુ કહેતા રહયા, પરંતુ ધીરે ધીરે સિંધ કહેવા લાગ્યા. ઈરાનીઓએ પોતાની વાણીમાં સિંધને "હિંદ" બનાવી દીધું અને યુનાનીઓએ "હ" ની જગ્યાએ 'અ' લગાવી દીધો અને તેઓ 'ઈન્દ' કહેવા લાગ્યા, રોમન ભાષામાં આ શબ્દ 'ઈન્દ' થી ઈન્દિયા થઈ ગયો, અને અંગ્રેજી ભાષામાં જો કે 'દ' નથી એટલે તે 'ઈન્ડિયા' બની ગયું. (તારીખે હિંદ : ૪૨, સંપાદક : એજાઝુલ હક કુદુસી–લાહોર ૬૭૯૧) અર્થાત જયાં આક્રમણ થવા અને ફતેહ થવાની

ભવિષ્યવાણી છે એ 'હિંદ' અત્યારના પાકિસ્તાનનો વિસ્તાર હતો, જે સિંધુ નદીના એક તરફનો ભાગ છે. આ જ નદીનો બીજી તરફનો ભાગ હિંદ કહેવાતો હતો. માટે હદીસમાં જે હિંદનો ઉલ્લેખ છે તે અત્યારનું હિન્દુસ્તાન નથી જેમાં અત્યારે આપણે વસીએ છીએ, અને જેની રાજધાની દિલ્લી છે. બલકે હદીસમાં જેની ભવિષ્યવાણી ગઝવએ હિંદ બાબત છે એ ભાગ વર્તમાન પાકિસ્તાન છે. જયાં સદીઓથી મુસલમાનો વસવાટ કરે છે અને જયાં એટલી બધી હિન્દુ વસ્તી નથી જેને વશ કરવા માટે સૈન્ય કાર્યવાહીની જરૂરત હોય અને ન તો આ વિસ્તારમાં હિંદુ રાજાઓની હુકૂમત છે.

મતલબ કે 'ગઝવએ હિંદ'ની ભવિષ્યવાણી અમુક અમુક હદીસોમાં આવી છે અને તેમાં અમુક એકંદરે વિશ્વાસપાત્ર છે, પરંતુ આ 'ગઝવહ–લડાઈ' થઈ ચુકી છે, માટે જે લોકો આ ભવિષ્યવાણીને લોકો સમક્ષ એ રીતે રજૂ કરે છે કે મુસ્લિમો ભારત પર આક્રમણ કરશે તે માત્ર ભ્રામક અને માત્રને માત્ર મુસ્લિમો વિરુધ્ધ નફરતનું ઝેર ઓકવા અને નફરતની રાજનીતિ કરી પોતાનો રોટલો શેકવાના પ્રયાસો છે. 'ગઝવએ હિંદ' તે જ સૈન્ય કાર્યવાહી હતી જે સિંધને ફતેહ કરવા માટે કરવામાં આવી હતી, ઉપરાંત આ સૈન્ય કાર્યવાહી સંપૂર્ણ પણે ન્યાય પર આધારિત હતી અને મજલૂમોને મુકિત આપવા માટે જ હતી. અને તે સદીઓ પહેલાં પૂરી થઈ ચુકી છે.

અત્રે આ પણ વિચારવાનું છે કે ગઝવએ હિંદ ઉપર તો બરાડા પાડવામાં આવી રહયા છે, પરંતુ ધાર્મિક પુસ્તકોમાં કૌરવો અને પાંડવોનું યુધ્ધ કોટુંબિક સર્વોચ્ચતા માટેની લડાઈ સિવાય બીજું કંઈ ન હતું અને હિંદુ ધાર્મિક પુસ્તકોમાં દર્શાવ્યા મુજબ તેમાં માર્યા ગયેલા લોકોની સંખ્યા એટલી વધારે હતી કે તે વર્તમાન વસ્તી કરતા વધી ગઈ હતી, અને વળી આ પુસ્તકોમાં નાત – જાત – જ્ઞાતિના આધારે ઊંચ–નીચને દર્શાવવામાં આવી છે જે રીતે આજે ભારતમાં પ્રચલિત છે. તેમજ સ્ત્રીઓ વિશે તિરસ્કારપૂર્ણ વાતો લખવામાં આવી છે. મિડીયાવાળા આ વિષયે બરાડા નથી પાડતા. વર્તમાન ભારતનો મુખ્ય મુદ્દો અને સમસ્યા તો આ છે. આ ભેદભાવનું જ પરિણામ છે કે દેશના રાષ્ટ્રપતિ પણ મંદિરોમાં પ્રવેશી શકતા નથી.

## હઝ. મવ. રશીદ અહમદ ગંગોહી રહ.ના સાહબઝાદહ
## હકીમ મસ્ઉદ અહમદ સાહેબ રહ.ના

# અનોખા નિકાહ

હઝ. મવ. રશીદ અહમદ ગંગોહી રહ.ના સાહબઝાદહ હકીમ મસ્ઉદ અહમદ સાહેબનો જન્મ ૧૪ જમાદિલ અવ્વલ,૧૨૭૮ હિ., જુમ્અહના દિવસે થયો હતો. તઝકિરતુર્રશીદમાં લખવા મુજબ સાહબઝાદા હકીમ સાહેબ પોતાના વાલિદ હઝરત ઈમામે રબ્બાની રહ. જેવી જ સૂરત અને સીરત ધરાવતા હતા. અને અવાજ પણ આપ રહ. જેવો જ હતો.

આપ રહ.ને પણ દીકરા મસ્ઉદ પ્રત્યે ઘણી જ મહોબ્બત હતી. અને બીજા દીકરા મહમૂદના ઈન્તેકાલ પછી ઓર વધી ગઈ હતી. આપ રહ. જયારે પહેલી બીમારીથી તંદુરસ્ત થયા તો આપ રહ.ના મુરીદો અને સંબંધીઓ દ્વારા અનેક મુકામે ખુશી અને શુક્ર સ્વરૂપે ખાવું પકાવીને લોકોની દાવત કરવામાં આવી. પીર જીયો અબ્દુલ મજીદ રહ.એ ગંગોહમાં ખાવું બનાવીને લોકોની દાવત કરી. અમુક લોકો હકીમ મસ્ઉદ સાહેબથી નારાજ હતા, તેઓ આ દાવતમાં શરીક થયા નહીં. હઝરત ઈમામે રબ્બાની રહ.ને ખબર પડી તો ઘણા નારાજ થયા અને ફરમાવ્યું : જેને મસ્ઉદ અહમદથી અદાવત છે, એને મારાથી અદાવત છે. અને જે એને દોસ્ત સમજે છે એ મારો પણ દોસ્ત છે.

હકીમ સાહેબ રહ. કારી, આલિમ અને પાકા હાફિજ હતા. દિલ્હીમાં દર્સે નિઝામી અને તબીબી વિદ્યાની તાલીમ મેળવી હતી. તરાવીહમાં હઝરત રહ.ને કુરઆન શરીફ આપ રહ. જ સંભળાવતા હતા. અલબત્ત તબીબી વિદ્યામાં કાબેલિયતના કારણે 'હકીમ મસ્ઉદ અહમદ'ના નામે મશ્હૂર થયા.

તકવા, તહારત, ઈલ્મ, અમલમાં ઘણા જ મજબૂત – ચુસ્ત હતા. હઝરત ઈમામે રબ્બાની રહ.ના મુરીદો આપ રહ.નો ખાસ એહતેરામ

ફરમાવતા હતા. અને વાલિદ રહ.ની વફાત પછી દારૂલ ઉલૂમ દેવબંદની મજલિસે શૂરાના સભ્ય પણ રહયા હતા.

તબીબી વિદ્યામાં ઘણા કાબેલ હતા. નાડી પારખવામાં અને નુસ્ખો નક્કી કરવામાં બેજોડ હતા. એકવાર એક અંગ્રેજ એમની ડિસ્પેન્સરીમાં સારવાર માટે આવ્યો અને કહયું કે બે વરસથી માથામાં દુખાવો રહે છે. હકીમ મસ્ઉદ સાહેબે એને કહયું કે અહિંયા બેસો, હું તમને છેલ્લે જોઈશ. પછી અન્ય બીમારોને જોઈ તપાસીને દવા આપતા રહયા, છેલ્લે ડિસ્પેન્સરી બંધ કરવાનો સમય આવ્યો તો અંગ્રેજને કહયું કે તમે કાલે આવજો, કાલે તમારી સારવાર કરીશું. તે નારાજ થઈને ચાલ્યો ગયો અને બીજા દિવસે વહેલી સવારે જ આવી ગયો. હકીમ સાહેબે આજે પણ એને બેસાડી રાખ્યો અને સાંજે કહયું કે કાલે આવજો. અંગ્રેજ વધારે નારાજ થયો અને કહેવા લાગ્યો કે કાલે પણ બેસાડી રાખ્યો, હવે આજે પણ કંઈ તપાસ કે સારવાર કરી નહીં, આવું કેમ ? હકીમ સાહેબે કહયું કે બેસો. બેસો, ચાલો તમારી સારવાર કરી લઈએ. પછી એક પાવડર સુંઘવા આપીને કહયું કે એને સુંઘીને રૂમાલમાં છીંક કરજો. એણે અચરજથી પાવડર લીધો અને સુંઘ્યો. તુરંત છીંક આવી તો એણે રૂમાલ આગળ કરી દીધો. હકીમ સાહેબે એને કહયું કે રૂમાલ ખોલીને જુઓ, એમાં શું છે ? એણે જોયું તો રૂમાલમાં મોટો કાનખજૂરો હતો. અંગ્રેજ તો આ જોઈને ડરી ગયો. હકીમ સાહેબે જણાવ્યું કે આ કાનખજૂરો ઘણો નાનો હતો ત્યારનો તમારા દિમાગમાં પેસી ગયો હતો અને તમારું દિમાગ ચાટીને મોટો થતો હતો, તમને એનો જ દુખાવો રહેતો હતો. હું તમને એટલા માટે ટાળતો હતો કે તમને ગુસ્સો આવે, એનાથી દિમાગ સંકોચાય છે, આમ થવાથી કાનખજૂરો એના પગ બહાર કાઢે છે, એટલે મેં તમને ગુસ્સે કરીને કાનખજૂરાને હલાવ્યો અને પછી છીંક વડે બહાર કાઢયો. અંગ્રેજ અફસરે માફી માંગી અને ઘણો શુક્રિયા અદા કર્યો. (ઉમ્મત કે રોશન ચિરાગ :૩/૧૦૯)

હકીમ સાહેબ રહ.ના નિકાહ હઝરત ઈમામે રબ્બાની રહ.ના મોટા કાકા મીયાં હુસૈન અલી સાહેબ રહ.ના દીકરા એટલે કે હઝરત રહ.ના

પિત્રાઈ ભાઈ મુન્શી અબ્દુલ્લાહની દીકરી મહમૂદુન્નિસા સાથે નક્કી કરવામાં આવ્યા હતા.

તઝકિરતુર્રશીદમાં લખવા મુજબ હઝરત રહ.ના કાકા એટલે કે મહમૂદુન્નિસાના દાદાને આ બાબતે પ્રથમ વાત કરવામાં આવી. મુન્શી અબ્દુલ્લાહ એ વેળા પંજાબમાં નોકરીએ હતા. જયારે વતન આવ્યા તો કાકા મીયાં હુસૈન અલીએ એમ કહીને વાત પાકી કરી દીધી કે મીયાં અબ્દુલ્લાહ ! સાંભળો, હું તમારો પણ બાપ છું અને રશીદ અહમદનો પણ બાપ છું. (બાપ ન હોય તો કાકા પણ બાપના દરજામાં ગણાય છે.) છોકરા – છોકરી બંને મારા છે. રશીદ અહમદ તરફથી માંગું છું અને તમારા તરફથી આપું છું. બસ મેં આ સગાઈ નક્કી કરી દીધી.

મુન્શી અબ્દુલ્લાહ દુનિયાવી રિવાજો પૂરા કરવા ચાહતા હતા, એટલે કહેવા લાગ્યા કે મને કોઈ વાંધો નથી, ફકત આટલું કહેવું છે કે મારાથી જે થઈ શકશે એ એમના ઘરે મોકલાવીશ, તેઓ કંઈ પાછું ન મોકલાવે. હઝરત ઈમામે રબ્બાની રહ.એ જવાબ આપ્યો કે, એમાં શું વાંધો છે ? જે કંઈ આપશો એ બધું લઈ લેશું, મારો ખર્ચ ઘણો વધારે છે, બધું વપરાય જશે. મુન્શી અબ્દુલ્લાહ ઈમામે રબ્બાની રહ.નો સ્વભાવ અને રિવાજો વિશે આપ રહ.નું વલણ જાણતા હતા, એટલે કહેવા લાગ્યા કે તમે કયાં ખર્ચ કરશો ? બિરાદરી જેવું તો તમારે ત્યાં કંઈ છે નહીં ? આપ રહ.એ ફરમાવ્યું કે, બિરાદરીને શી લેવા દેવા ? ગરીબો, મોહતાજો અને તાલિબે ઈલ્મો ઘણા બધા મારા મહેમાન હોય છે. મારે કંઈ પણ પાછું કરવું નહીં પડે. આમ આ નિકાહ નક્કી થઈ ગયા અને અમુક વરસો પછી એટલે કે દીકરી સફિય્યહના નિકાહના ચાર વરસ પછી ૨૦ સફર ૧૨૯૨ હિ.માં આ નિકાહનો અવસર આવ્યો. હકીમ મસ્ઉદ સાહેબ રહ.ની ઉમર આ વેળા ૧૬ વરસની હતી.

નિકાહની તારીખના અમુક દિવસ પહેલાં હઝરત ગંગોહી રહ.એ પોતાના તરફથી હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. અને જનાબ હકીમ ઝિયાઉદ્દીન સાહેબને નિકાહની જાણ કરી. આ દીની ભાઈઓ જ આપ રહ.ના સગાઓ સમાન હતા. બિરાદરી અને સગાઓને આપ રહ.

સિલા રહમી વગેરે સંબંધોમાં તો યાદ રાખતા હતા, પણ રિવાજી કામોમાં એની ફિકર કરતા ન હતા. આપ રહ. તરફથી કોઈને દાવત આપવામાં આવી ન હતી, આમ છતાં અનેક સંબંધીઓ, અકીદતમંદો વગેરે ગંગોહ પહોંચી ગયા હતા.

આપ રહ. તરફથી કોઈ પણ પ્રકારના રિવાજને અનુસરવામાં આવ્યો નહીં, દુલ્હનના કપડાં અને ઝેવર વગેરે થોડું કંઈ જે હતું એ આપ રહ.ના દીકરીના હાથે મોકલાવી દીધું. સાંજે નિકાહની મજલિસ થઈ, મવલાના યાકૂબ રહ.એ નિકાહ પઢાવીને બરકતની દુઆ માંગી. બીજા દિવસે છોકરીની વિદાય થઈ, રિવાજ મુજબ આપ રહ.એ વહુની ડોલી સાથે ચાલવાનું હતું, પણ આપ રહ.એ રિવાજ તોડવા ખાતર આમ કર્યું નહીં.

મુન્શી અબ્દુલ્લાહ સાહેબે એમના તરફથી દરેક પ્રકારના રિવાજોની ખૂબ પાબંદી કરી. અલબત્ત સામસામે જે રિવાજો કરવાના હતા, એ રિવાજો હઝરત રહ. તરફથી અનુસરવામાં આવ્યા નહીં એટલે મુન્શી અબ્દુલ્લાહ તરફથી પણ જીદ અને જવાબમાં એ રિવાજ છોડી દેવામાં આવ્યો. મુન્શી સાહેબે જહેજનો સામાન રિવાજ મુજબ લોકોની સામે મુકયો અને દરેક વસ્તુ, દુલ્હનના કપડાં, વાસણો વગેરે કાઢીને લોકોને બતાવવા લાગ્યા. હઝરત રહ. આ વેળા મજલિસ છોડીને ખાવા ચાલ્યા ગયા અને ફરમાવ્યું કે, કપડાંની જોડ પણ ખોલીને બતાવવામાં આવી રહી છે, કેવા બેકાર કામો છે.

આમ એક નવા પ્રકારના નિકાહ જોવાનો અવસર ગંગોહ વાસીઓને મળ્યો. એક તરફ બધા જ રિવાજો અને બીજી તરફથી બિલ્કુલ સાદગી અને દીનદારી. એક પક્ષે રિવાજો તોડવા ખાતર સામા પક્ષના રિવાજો બરદાશ્ત કર્યા તો બીજા પક્ષે પોતાની વાત ઉપર અડગ રહીને હઝરત ગંગોહી રહ.ની દીનદારી અને સમાજ સુધારણાની સાચી નિયતનું સન્માન કર્યું. શાદી વિવાહમાં ચડસાચડસીમાં સંબંધો ખરાબ કરતા લોકો માટે આ નિકાહમાં ભારે બોધપાઠ છે. દીનદારો માટે પણ અને રિવાજના પાબંદ લોકો માટે પણ.

● ● ● ● ● ● ●

# ખુદા તઆલા અને રસૂલે ખુદા વિશે બુનિયાદી અકીદાઓ

'ઈસ્લામ'ની બુનિયાદ ગણાતો કલિમહ (વાક્ય) 'લા ઈલાહ ઈલ્લલ્લાહ, મુહમ્મદુર્રરસૂલુલ્લાહ' છે.

આ કલિમહના બે ભાગ છે.

પ્રથમ ભાગ : 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'નો મતલબ આ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદત (પૂજા)ને લાયક નથી.

આ વાક્ય ઈસ્લામનો પ્રથમ પાયો છે. એનો મતલબ આ છે કે સઘળી સૃષ્ટિઓનો સર્જનહાર અને પાલનહાર ફકત તે એક જ છે. તે કોઈનો મોહતાજ નથી. અને બીજા બધા એના મોહતાજ છે. એની કોઈ અવલાદ નથી અને એને પણ કોઈએ જણ્યો નથી. એ બધાનો સર્જક – સ્વામી છે. એટલે ઈબાદત, પૂજા, ઉપાસના, ફકત એક અલ્લાહની જ કરવામાં આવે.

એની ઈબાદત છોડીને દેવી – દેવતાઓ, પથ્થરો – નદીઓ, ગ્રહો – તારાઓ, અને બીજી કોઈ પણ વસ્તુ કે શકિતની પૂજા અને ઈબાદત કરવી ભયંકર પાપ છે. અલ્લાહ સિવાય અન્યની પૂજા કરવાને ઈસ્લામમાં શિર્ક કહેવામાં આવે છે અને મહાપાપ ગણાય છે. જે કોઈ માણસ શિર્કને છોડયા વગર એટલે એ જ સ્થિતિમાં મરી જાય તો એ સદાને માટે નર્કમાં રહેશે.

અલ્લાહના અસ્તિત્વ અને એક હોવાની નિશાનીઓ સઘળી સૃષ્ટિમાં ફેલાયેલી છે. તે આંખોથી દેખાતો નથી, પણ એના અસ્તિત્વના પુરાવા દરેક સ્થળે જોઈ શકાય છે. પર્વતોના શિખરો, સમુદ્રોના તળિયા, આકાશીય ગુંબદ, જમીનની ચાદર, અને લહેરાતી ખેતીઓ, રંગબેરંગી ફળો – ફૂલો અને સ્વંય માણસના પાંચ ફૂટના શરીરની રચના અલ્લાહના અસ્તિત્વ અને એકત્વનો મજબૂત પુરાવો છે. તે જ સર્જનહાર છે અને તે જ પાલનહાર છે તો પછી ઈબાદત અને આરાધના પણ એની જ કરવામાં આવશે, એ સ્પષ્ટ છે. માથું એની સામે જ નમશે અને ફકત એની જ આજ્ઞા માથે ચડાવવામાં આવશે.

એક પરિપૂર્ણ ખુદાઈ ધર્મ અને સર્વગ્રાહી જીવનવ્યવસ્થા ધરાવતો ધર્મ હોવાના કારણે દરેક બાબતે ઈસ્લામ પાસે પોતાનું સ્વતંત્ર માળખું છે. એટલે

ઈસ્લામી ધાર્મિક માન્યતાઓ પણ વિશિષ્ટ છે. આ બધી માન્યતાઓનો પાયો તવહીદની માન્યતા (અકીદા) ઉપર છે. માનવ વિશ્વ ઉપર ઈસ્લામનો સૌથી મોટો ઉપકાર 'તવહીદ' (એકેશ્વરવાદ)ની માન્યતા છે. એકેશ્વરવાદની માન્યતા અન્ય ધર્મોમાં પહેલાંથી જ હતી, પણ કાળક્રમે માનવીય સ્વાર્થના કારણે એમાં ભેળસેળ થઈ ગઈ અને લોકો શિર્કમાં પ્રવૃત થઈ ગયા. હિંદુ ધર્મમાં આવું જ છે. આ ધર્મ પાસે પોતાની આગવી ફિલોસોફી છે. આત્મા અને અધ્યાત્મને લગતી વિશેષ તાલીમ છે. પરંતુ હવે આ ધર્મ અનેક પ્રકારના વિરોધાભાસ અને વિસંગતાઓનો ધર્મ બની ગયો છે. એમાં એકેશ્વરવાદ (તવહીદ) અને મુર્તિપૂજા (શિર્ક) બન્ને સાથે સાથે ચાલે છે. ધર્મની કોઈ ઓળખ અને બંધારણ ન હોવાથી નાસ્તિકને પણ હિંદુ માનવામાં આવે છે. ઈસાઈ ધર્મ પણ પોતાને એકેશ્વરવાદી કહે છે, પણ એની માન્યતાઓમાં ત્રિનિટી (Trinity) એક એટલે ત્રણ અને ત્રણ મળીને એક, એવી અજીબો ગરીબ ભેળસેળ વાળી માન્યતા પેસી ગઈ છે. ઈસ્લામ જ એક એવો ધર્મ છે જે સંપૂર્ણ રીતે એકેશ્વરવાદી છે.

ઈસ્લામના મતે એક સાચા ઈશ્વર (અલ્લાહ)ની ઈબાદત, માનવીય સન્માન અને ઉચ્ચતાનો આધાર છે. દુનિયાની સઘળી વસ્તુઓ કરતાં માનવ શ્રેષ્ઠ છે, એટલે એ ખુદા સિવાય કોઈ બીજી શકિત સામે શીદને શીશ નમાવે ?

કુરઆનમાં અનેક સ્થળે શિર્ક કરવાની અને અલ્લાહ સિવાય બીજી તુચ્છ વસ્તુઓની પૂજા કરવાની નિંદા કરવામાં આવી છે. એના નુકસાનો પણ કુરઆનમાં વર્ણવવામાં આવ્યા છે.

ઈસ્લામી કલિમહ મુજબ તવહીદની માન્યતા ઉપર શ્રદ્ધા ધરાવવાનો મતલબ આ છે કે અલ્લાહ સિવાય કોઈ અન્ય શકિતશાળી નથી. દરેક પ્રકારના લાભ કે નુકસાન કરવાની શકિત એની પાસે જ છે. આવી શ્રદ્ધા અને ઈમાન માણસને બહાદુર અને નિડર બનાવે છે. આવો માણસ ફકત એક હસ્તી એટલે કે અલ્લાહથી જ ડરે છે. બાકી બધી વસ્તુઓનો ખોફ એના દિલમાંથી નીકળી જાય છે. તવહીદના પ્રતાપે માણસની માન્યતા બંધાય છે કે એને પ્રાપ્ત બધી જ સવલતો અને નેઅમતો ફકત અલ્લાહે આપેલી છે. એક ખુદાથી જ મળવાની માન્યતા અને શ્રદ્ધા માણસને અભિમાન અને અહંકારથી બચાવે છે. માલ દોલત અને સાધન – સામર્થ્ય મેળવીને માણસ અકડાતો નથી, બલકે વિનમ્ર

બને છે, કારણ કે એ સમજે છે કે જો તે એક હસ્તી આ બધું છીનવી લેશે તો પછી કોઈ બીજી શકિત મને કંઈ પણ આપી શકવાની નથી. આ જ પ્રમાણે કોઈ બાબતે નાકામી અને અસફળતા એને નાસીપાસ નથી થવા દેતી, કારણ કે માણસ સમજે છે કે બધું તે એક ખુદાના કરવાથી જ થાય છે.

હરપળે દેખરેખ રાખનાર અને દરેક સ્થળે મોજૂદ ખુદા તઆલા ઉપર ઈમાન અને શ્રદ્ધા માણસને ખોટા કામો કરવાથી બચાવે અને ડરાવે છે. કારણ કે માણસને યકીન હોય છે કે એ જે કંઈ કરે છે, ખુદા તઆલા એ બધું જુએ છે અને જાણે છે. અને તે પાછળથી બુરા કામોની સજા આપશે. આ યકીન માણસને એકાંતમાં પણ ગુનો કરવાથી રોકે છે અને નેકી – સદકાર્ય કરવાની પ્રેરણા આપે છે.

કલિમહનો બીજો ભાગ છે : મુહમ્મદુર્રરસૂલુલ્લાહ.

એટલે કે પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહના રસૂલ – સંદેશવાહક છે, એવો એકરાર કરવો.

તવહીદ પછી આ બીજા નંબરની જરૂરી માન્યતા (અકીદહ) છે. આ અકીદહનો મતલબ આ છે કે

• અલ્લાહ તઆલાએ સઘળી રીતે શકિતશાળી હોવા છતાં લોકો સુધી પોતાના આદેશો અને પસંદ – નાપસંદની વાતો પહોંચાડવા માટેની એક વ્યવસ્થા નક્કી કરી છે, એ મુજબ અલ્લાહ તઆલા માણસોમાંથી જ કોઈ એક માણસને પોતાના રસૂલ, પયગંબર અને સંદેશવાહક તરીકે નક્કી કરે છે. એના ઉપર પોતાની વહી (ઈશવાણી) ઉતારે છે. પછી તે રસૂલ લોકો સમક્ષ અલ્લાહની વાત રજૂ કરે છે અને સમજાવે છે. જીવનમાં કરવા, ન કરવાના કામો, પુણ્ય અને પાપની સમજણ આપે છે. આખિરત (પરલોક)માં સ્વર્ગ અને નર્કની વાતો બતાવે છે. વગેરે..

• રસૂલ અને પયગંબર લોકોને પોતાના આજ્ઞાપાલનની ફરજ પાડે છે. કારણ કે તે અલ્લાહ તરફથી લોકો ઉપર નિયુકત કરવામાં આવ્યા હોય છે. રસૂલનું આજ્ઞાપાલન અને અનુસરણ દરેક માટે જરૂરી હોય છે.

• માણસ બુદ્ધિ અને સમજદારીમાં ગમે તેટલો પાકો હોય છતાં અલ્લાહ (ઈશ્વર)ના આદેશ, આશય અને આદર્શને સમજવામાં અસમર્થ છે. અને જે વ્યવસ્થા માનવ વિશ્વ માટે અલ્લાહ તઆલાએ માનવીના સર્જન અને પ્રકૃતિને

સામે રાખીને નક્કી કરી છે એ મુજબ કોઈ એક માણસ થકી જ અલ્લાહ તઆલા પોતાની વાત એના બંદાઓ સુધી પહોંચાડે છે.

• મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અને એમના પૂર્વે પણ અલ્લાહ તઆલાએ નક્કી કરેલા બધા મહાપુરૂષોને રસૂલ અને નબી (અલ્લાહના પયગંબર) માનવાને ઈસ્લામી પરિભાષામાં 'રિસાલત'નો અકીદહ કહેવામાં આવે છે. લોકોમાંથી જ એક માણસને રસૂલ નક્કી કરવા પાછળનો તર્ક આ છે કે અલ્લાહ તઆલા તરફથી એના આદેશો ઉપર અમલ કરનાર કોઈ હસ્તી લોકોમાંથી જ લોકો સામે રજૂ કરવામાં આવે. જેથી લોકો એની વાત પણ સમજી શકે અને લોકોને એ પણ ખબર પડે કે અલ્લાહના આદેશો ઉપર અમલ કરી શકાય છે.

• માનવીનો સર્જક અને સ્વામી અલ્લાહ (ઈશ્વર) માણસને પેદા કરવા ઉપરાંત એની દરેક જરૂરત પૂરી કરે છે, જમીન, આસમાન, અનાજ, પાણી અને કપડાંની વ્યવસ્થા પૂરી પાડે છે. તો પછી એ માનવીના માર્ગદર્શન માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નક્કી ન કરે ? માણસને ગુમરાહ થવા દે, ભટકવા દે, એ શકય નથી. માટે જેમ એક અલ્લાહનું અસ્તિત્વ તર્કબદ્ધ અને દલીલસિદ્ધ છે એ જ પ્રમાણે એના દ્વારા રસૂલો અને નબીઓ નક્કી કરવાની પરંપરા પણ સીધી રીતે જ સમજમાં આવે એવી વાત છે.

• કુરઆનમાં અલ્લાહના અમુક રસૂલોનો નામ સાથે ઉલ્લેખ છે. એ દરેકને અલ્લાહના રસૂલ માનવા જરૂરી છે. જેમનો કુરઆનમાં કોઈ ઉલ્લેખ નથી, એવા કોઈ નક્કી વ્યકિતને અલ્લાહના રસૂલ માનવામાં પણ ન આવે અને એના રસૂલ હોવાનો ઈન્કાર પણ ન કરવામાં આવે. એમના વિશે મોંઘમ રીતે એટલું યકીન રાખવું જરૂરી છે કે જે કોઈ અલ્લાહના રસૂલ હોય એ દરેકને હું અલ્લાહના રસૂલ માનું છું. દરેક ધર્મના મહાપુરૂષો વિશે ઈસ્લામની આ જ માન્યતા છે.

• દરેક કાળે વિશ્વના દરેક પ્રદેશમાં અલ્લાહના રસૂલો થયા છે. અને કયો માણસ અલ્લાહનો સાચો રસૂલ છે, એની ખાતરી વિવિધ રીતે અલ્લાહ દ્વારા લોકોને કરાવવામાં આવે છે.

પયગંબરનું ચોખ્ખું ચરિત્ર, એની નિખાલસતા, અને દરેક કાર્ય એના સાચા હોવાની ખાતરી કરાવે છે. તે પોતે નેક હોય છે અને લોકોને નેકી – સચ્ચાઈની

શિખામણ આપે છે. જે કંઈ કહે એ મુજબ પોતે પણ અમલ કરે છે. એની આગાહીઓ સાચી હોય છે. પોતાના મિશન અને કાર્ય માટે દરેક પ્રકારની તકલીફ અને કષ્ટો વેઠે છે. લોકો પાસે એના બદલે કંઈ માગતા નથી. અલ્લાહ તરફથી એમના દ્વારા ચમત્કારો પણ બતાવવામાં આવે છે. આ બધું મળીને પયગંબરની સચ્ચાઈ પૂરવાર કરે છે.

રસૂલને નબી અને પયગંબર પણ કહેવામાં આવે છે. તેઓ લોકોને હિદાયત (ખુદાનો અને સચ્ચાઈ)નો રસ્તો બતાવે છે. વ્યકિતગત અને સામુહિક જીવનને લગતા ખુદાઈ આદેશો અને ખુદાની પસંદ – ના પસંદની બાબતો વિશે લોકોને જાણકારી આપે છે. ઉપરાંત ખુદાઈ આદેશો અને આદર્શો ઉપર પોતે અમલ કરીને લોકો સમક્ષ શ્રેષ્ઠ ઉદાહરણ (આઈડીયલ અને રોલ મોડલ) પૂરું પાડે છે.

તેઓ એવો દાવો નથી કરતા કે માનવતાને નવી નવી શોધો આપશે, વિજ્ઞાન અને ટેકનોલોજી વિકસાવશે અને ભૌતિક જીવનને વધુ સુખમય બનાવશે, બલકે એમની સાચી સેવા ધર્મ અને સંસ્કારનું શિક્ષણ હોય છે. સૃષ્ટિના સર્જનહારની ઓળખ આપે છે, એના અસ્તિત્વનો એહસાસ કરાવે છે. ગુણોનો પરિચય આપે છે. શ્રદ્ધાને દઢ કરે છે અને કરણીને કથનીમાં ઉતારવાનું માર્ગદર્શન આપે છે. અંતરને અજવાળીને તન – મનને કેળવણી આપે છે. સૃષ્ટિના સર્જન પાછળ એના સર્જકનો શું આશય અને ધ્યેય છે એ બતાવે છે. આલોકના જીવન પછી પરલોકના જીવનની યાદ અપાવીને હિસાબથી ડરાવે છે. એમની શિખામણોનો ખુલાસો આ છે કે,

સૃષ્ટિનો સર્જનહાર ફકત એક અલ્લાહ જ છે. માનવીનો સર્જક અને માલિક પણ એ જ છે.

દરેક માનવી અલ્લાહનો બંદો અને ગુલામ છે. અને માનવીને એણે પોતાની ઈબાદત માટે જ પેદા કર્યો છે.

મૃત્યુ પછી પણ એક બીજું જીવન છે, જયાં આ માણસના કર્મોનો હિસાબ થશે. નેક લોકોને એમની નેકીઓનો સવાબ (પુણ્ય) અને બુરા લોકોને એમની બુરાઈની સજા (અઝાબ) મળશે.

# હજ્જ

## મહત્વતા, શ્રેષ્ઠતા, ફાયદાઓ, લાભો

હજ્જ ઈસ્લામના પાંચ ફરજોમાંથી એક છે. હઝરત ઈબ્ને ઉમર રદિ.ની રિવાયતમાં ઈસ્લામના જે પાંચ ફરજોનો ઉલ્લેખ છે, એમાં હજ્જ પણ છે. ઈસ્લામના સ્થંભોમાં સૌથી છેલ્લે ફરજ કરવામાં આવેલ હજ્જ જ છે. હિજરતના આઠમાં વર્ષે એના ફરજ હોવાનો આદેશ આવ્યો. ત્યારે ઈસ્લામના ઈતિહાસમાં સૌ પ્રથમ હજ્જ સ.હિ.૯માં હઝરત અબૂ બકર રદિ.ની આગેવાની હેઠળ અદા કરવામાં આવી, સ્વયં નબીએ કરીમ સલ.એ સ.હિ.૧૦માં હજ્જ કરી જે આપ સલ.ની પ્રથમ અને અંતિમ હજ્જ હતી.

હજ્જનો શાબ્દિક અર્થ કોઈક જગ્યાનો ઈરાદો કરવો કે પ્રવાસ ખેડવો, અને શરીઅતની દ્રષ્ટિએ વિશેષ કાર્યો (ઈબાદત) અંજામત આપવા શ્રધ્ધા સહિત કા'બા (મક્કા શરીફ) પ્રતિ જવું એટલે જ હજ્જ.

હજ્જ સમગ્ર જીવનમાં માત્ર એકવાર એવા વ્યકિત પર ફર્ઝ થાય છે, જેની આર્થિક પરિસ્થિતિ સારી હોય, એક હજ્જ સિવાય જેટલી પણ હજ્જ કરવામાં આવશે તે નફલી ગણાશે, હા ! કોઈ વ્યકિત હજ્જ કરવાની મન્નત માને તો એને મન્નત પૂર્ણ કરવા માટે બીજી વખત હજ્જ અદા કરવી જરૂરી છે.

હજ્જની ફરજિયત કુર્આન હદીષ અને ઈજમાઅ ત્રણેવ આધારોથી પૂરવાર થયેલ છે. કુર્આનમાં છે, "લોકોને અલ્લાહ તઆલાનો આદેશ છે કે જે લોકો એના ઘર સુધી પહોંચવાની તાકાત રાખતા હોય તેઓ હજ્જ કરે, અને જેણે એનું આજ્ઞા પાલન ન કર્યુ, તેણે જાણી લેવું જોઈએ કે અલ્લાહ તઆલા સમગ્ર જગતના લોકોથી બેફિકર છે" (સૂરએ આલી ઈમરાન)

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે નબી સલ.એ ફરમાવ્યું અલ્લાહ તઆલાએ તમારા ઉપર હજ્જ ફર્ઝ કરી છે. માટે તમો હજ્જ કરો. (બુખારી, મુસ્લિમ)

હજ્જની મહત્વતા, શ્રેષ્ઠતા અને એનો સવાબ વિષે અનેક હદીષો વર્ણવવામાં આવેલ છે. એમાંથી થોડીક હદીષોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

એક વાર નબી સલ.ને પ્રશ્ન પુછવામાં આવ્યો કે,

સૌથી ઉત્તમ અમલ કયો છે ?

અલ્લાહ અને એના રસૂલ સલ. પર ઈમાન રાખવું,

ત્યાર પછી ?

તો આપે ફરમાવ્યું હજ્જે મબરૂર (સ્વીકૃત હજ્જ) (બુખારી, મુસ્લિમ)

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે નબી સલ.એ ફરમાવ્યું જે વ્યકિત હજ્જ કરે અને એમાં મનેચ્છાઓથી પર રહી કોઈ દુરાચરણ નથી કરતો તો તે વ્યકિત પાપોથી પવિત્ર થઈ એ રીતે પરત ફરે છે જેવો કે તે એ સમયે હતો જયારે તેની માતાએ એને જન્મ આપ્યો (મુસ્લિમ)

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું વૃધ્ધ અશકત અને સ્ત્રીઓનો જિહાદ હજ્જ છે. (નસાઈ શરીફ

ઉપરોકત આયતો અને હદીષોના આધારે સ્પષ્ટ થાય છે કે હજ્જ કોઈ એવી ઈબાદત નથી કે વ્યકિતમાં હજ્જ કરવાની તાકાત હોવા છતાં મનમાં આવે તો અદા કરે અને મનમાં આવે તો એને મુલતવી રાખે, પરંતુ હજ્જ એવી ઈબાદત છે જેની અદાયગી પ્રત્યેક તે માણસ પર જીવનમાં એકવાર ફર્ઝ છે. જેની પાસે કા'બા સુધી પહોંચવાનો ખર્ચ હોય અને શારિરીક રીતે પણ તંદુરસ્ત હોય, હજ્જ ફર્ઝ થયા પછી વહેલી તકે અદા જોઈએ, વિલંબ ન કરવો જોઈએ, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે હજ્જની અદાયગીમાં ઉતાવળ કરો, એટલા માટે કે તમારામાંથી કોઈ વ્યકિત નથી જાણતો કે કયારે કોઈ અડચણ આવી પડે. (અબૂ દાઉદ)

જો આપણે વ્યકિતની ઉત્સુકતા અને હજ્જને લગતી પ્રવૃતિઓનો ધ્યાનથી અભ્યાસ કરીએ તો આપણને એ બંનેમાં એક સંબંધ જોવા મળશે, વાસ્તવમાં ઉત્સુકતા અને પ્રેમ એક જીવિત અને ઉચિત સ્વાભાવ વ્યકિતની પ્રાકૃતિક જરૂરત છે, એ તેની શાંતિ માટે પ્રયત્નશીલ રહે છે અને શાંતિનો માર્ગ શોધે છે.

ખાનાએ કા'બા હજ્જ સંબંધી પ્રવૃતિઓ અને એને લગતા પ્રત્યેક કાર્યો માનવીની પ્રાકૃતિક ઉત્સુકતાની શાંતિનો સામાન ઉપલબ્ધ કરાવે છે.

ઈમાન ગિઝાલી રહ.ના કહેવા મુજબ આશિક અને પ્રેમી પ્રત્યેક તે વસ્તુના આતુર હોય છે કે જેનો સંબંધ એના પ્રેમી સાથે હોય, કા'બાનો સંબંધ અલ્લાહ તઆલા સાથે છે એટલા માટે મુસ્લિમોએ સ્વભાવિક રીતે સૌથી વધુ એના આતુર હોવું જોઈએ. ઉપરાંત તે અજર–સવાબની આશા પણ હોવી જોઈએ, જેનો વાયદો પણ કરવામાં આવ્યો છે. (ઈહ્યા ઉલ ઉલૂમ : ૨૪/૧)

શાહ વલીયુલ્લાહ રહ. તેમની વિખ્યાત કિતાબ હુજ્જતુલ્લાહિલ બાલિગહના ભાગ ૧ પેજ. ૫૯ પર લખે છે "કયારેક વ્યકિત તેના પાલનહાર પ્રતિ અતિઆતુર હોય છે અને મુહબ્બત જોર કરે છે તો એ આતુરતાની શાંતિ માટે તે ચો તરફ ઝાંખે છે, તો ખબર પડે છે કે તેનો સામાન માત્ર હજ્જ છે.

એ જ પ્રમાણે હજ્જ સંબંધી પ્રત્યેક પ્રવૃતિઓ અને કાર્યોમાં જે બાબત સ્પષ્ટ અને આકર્ષક છબી રૂપે સામે આવે છે તે પ્રેમ અને ગાંડાપણુ, બલિદાન અને ન્યોછાવર થવાનો જોશ છે. હજરત મવલાના સૈયદ અબૂ અલ હસન અલી નદવી રહ.ના કહેવા મુજબ હજ્જમાં તન અને મનની લગામ લાગણી અને મહોબ્બતને હવાલે કરી દેવામાં આવે છે. એટલા માટે કે હજ્જ અલ્લાહ તઆલા પ્રતિ માણસની ઉત્સુકતા અને મિલનની ઝંખનાને શાંત કરવા માટે છે.

હજ્જમાં જેમ માનવીની પ્રાકૃતિક આતુરતા અને પ્રેમની શાંતિનો સામાન છે. તેજ પ્રમાણે હજ્જનો વિશ્વ વિખ્યાત સમારંભના બીજા અસંખ્ય એવા ફાયદા અને લાભો પણ આપે છે જેની ગણતરી અશકય છે.

સૌ પ્રથમ આપણે એ મુદા પર વાત કરીએ કે મક્કાની યાત્રા માણસ સ્વયં પોતાની કોઈ ભૌતિક જરૂરત પૂર્ણ કરવા માટે નથી કરતો, પરંતુ અલ્લાહ તઆલા ખાતર હજનો ફરીજો અદા કરવા માટે કરે છે. એટલા માટે એક હાજીમાં હજ્જની નિય્યત સાથે નેકી, સદાચારી અને સંયમના લાભો સ્પષ્ટ થવા લાગે છે, તે માત્ર નેકીના કાર્યોમાં લાગેલો રહે છે, લોકો સાથે તેનો વ્યવહાર સુધારવાનું પ્રારંભી દે છે, એનો લાભ સ્વયં એની જાતને તો થાય જ છે, સાથોસાથ એની આસપાસ વસતા લોકોને પણ તેનો લાભ થાય છે અને જયારે

તે હજ્જની અદાયગી માટે અલ્લાહ તઆલાના ઘરે પહોંચે છે તો એમાં માત્ર આજ્ઞાપાલન અને આનાકાની કર્યા વિના અલ્લાહ તઆલાના આદેશોનું પાલન કરવાનો જજબો જ બાકી રહે છે. અલ્લાહના મહાન નબી હઝરત ઈબ્રાહીમ અલૈ. સાથે નવો સંબંધ બંધાય છે અને એ નવા સંબંધના પરિણામે તવહીદ, અલ્લાહ પર યકીન, અલ્લાહના માર્ગમાં બલિદાન (કુર્બાની) અને એની આજ્ઞાપાલન અને રજામંદી (પ્રસન્નતા) પામવા અને જીવનને અલ્લાહ તઆલાના આદેશ પ્રમાણે અસરકારક, મજબૂત અને ટકાઉ બનાવવાના પ્રયત્નો અને પ્રયોજનનો જોશ પ્રાપ્ત થાય છે. અલ્લાહ તઆલાના માર્ગમાં પોતાનું બધું જ ન્યોછાવર કરી એનો સત્ય ઉપદેશ પ્રત્યેક વ્યકિત સુધી પહોંચાડવાની ઈચ્છા જાગૃત થાય છે.

એક તરફ સમગ્ર મુસ્લિમ જગત માટે હજ્જના દિવસો સમાન છે, તો બીજી બાજુ આપણને એક અન્ય તાજગીના દર્શન થશે, કે જગતના વિવિધ દેશો અને પ્રદેશમાં વસતાં અસંખ્ય મુસ્લિમો કા'બાનો પ્રવાસ ખેડે છે. એ જ રીતે હાજીઓના મક્કા જવાથી લઈ પોતપોતાના વતન પરત આવતા સુધી મુસ્લિમ જગતમાં હલનચલન અને જાગૃતિનું મોજું ફેલાય જાય છે.

હજ્જના સમયે વિશ્વના પ્રત્યેક દેશમાંથી સુખી સંપન્ન મુસલમાનો હજ માટે આવે છે. આ દરેકની ભાષા અને સામાજિક સંસ્કૃતિમાં વિવિધતાં જોવા મળે છે, છતાં આ પ્રત્યેક હાજીઓ એક જ વસ્ત્રોમાં, એક જ કેન્દ્રમાં અને એક જ હેતુ ખાતર એકત્રિત થાય છે. આવી રીતે ઈસ્લામિક એકતાનું દર્શન થાય છે. પરદેશવાદ, વંશવાદ, ભાષાવાદ, વગેરેથી ઉપરવશ થઈ ઈસ્લામિક એકતા પ્રદર્શિત થાય છે અને ત્યાંથી સમગ્ર મુસ્લિમ જગતને ઉપદેશ પહોંચે છે કે સમગ્ર મુસ્લિમ પ્રજામાં સુમેળ, સર્વાનુમતિ, એકમત અને સહમતી હોવી જોઈએ, એટલા માટે કે સમસ્ત મુસ્લિમ વિશ્વ એક શરીરની જેમ છે અને તેમના હેતુઓ સમાન છે.

આ છે હજ્જના કેટલાક લાભો અને ફાયદાઓ જેના વિષે કુર્આને ફરમાવ્યું છે કે લોકો અહીંયા આવી જુએ કે તેઓ માટે હજમાં લાભો છે.

# હજના પાંચ દિવસો અને હજની મુખ્તસર રીત

= હઝ. મવ. ઈકબાલ ફલાહી ખાનપૂરી રહ.

---

હજ્જ : ૮ ઝિલ્હજ્જથી "હજ્જ"ના અરકાનો શરૂ થઈ જાય છે. આઠમીના સૂર્ય ઉગ્યા પછી એહરામની હાલતમાં બધા હાજીઓએ મિના જવાનું છે.

હજ્જનું એહરામ હુદૂદે હરમની કોઈ પણ જગાએથી બાંધી શકો છો, તમે જે મકાનમાં ઉતર્યા છે, ત્યાંથી પણ બાંધી શકો છો. નફલ તવાફ કરીને માથું ઢાંકીને બે રકા'ત વાજિબુત્તવાફ પઢો. પછી માથું ખોલી નાંખો, અને હજ્જના એહરામની નિય્યત કરો.

اَللّٰهُمَّ اِنِّى اُرِيْدُ الحَجَّ فَيَسِّرْهُ لِىْ وَ تَقَبَّلْهُ مِنِّى

(અલ્લાહુમ્મ ઈન્ની ઉરીદુલહજ્જ ફયસ્સિરહુ લી વતકબ્બલહુ મિન્ની.)

ઉપરોકત નિય્યત કરીને પછી "તલ્બિયહ" પઢો.

لَبَّيْكَ اَللّٰهُمَّ لَبَّيْكَ ، لَبَّيْكَ لا شَرِيْكَ لَكَ لَبَّيْكَ

اِنَّ الْحَمْدَ وَ النِّعْمَةَ لَكَ وَ الْمُلْكَ، لا شَرِيْكَ لَكَ

લબ્બયૂક,અલ્લાહુમ્મ લબ્બયૂક લબ્બયૂક લા શરીક લક લબ્બયૂક

ઈન્નલ્ હમ્દ વ ન્નિઅમત લક વલ મુલ્ક, લા શરીક લક

નિય્યત કરવાથી અને તલ્બિયહ પઢવાથી હવે ફરીવાર આપના ઉપર તે બધી જ પાબંદીઓ આવી ગઈ, જે ઉમરહના એહરામ વખતે હતી.

**મિના રવાનગી** : ૮ ઝિલ્હજ્જના "હજ્જ"નું એહરામ બાંધી "મિના" જવાનું છે, "મિના"માં આપને કોઈ ખાસ કામ કરવાનું નથી, પણ ઝુહ્ર,અસ્ર, મગરિબ, ઈશા અને ૯ મી ઝિલ્હજ્જની ફજ્રની નમાઝ "મિના"માં અદા કરવાની છે.

**૯ ઝિલ્હજ્જના અરફાત માટે રવાનગી** : ૯મી ઝિલ્હજ્જના, ફજરની નમાઝ સવારનું અજવાળું સારી રીતે ફેલાઈ જાય ત્યારે પઢો અને સુર્યોદય થાય ત્યારે "અરફાત" જવા રવાના થઈ જાઓ. આજે મગફિરતનો દિવસ છે, આજે અરફાનો દિવસ છે, મસ્અલાના એઅ્તિબારથી ૯ ઝિલ્હજ્જના બપોરથી

૧૦મી ઝિલ્હજ્જની સુબ્હે સાદિક સુધીમાં થોડીકવાર માટેનો અહીંયાં વુકૂફ, એ હજ્જનો મોટો રૂકન છે, જેના વગર હજ્જ થશે નહિ

એ પણ યાદ રાખો કે ૯ ઝિલ્હજ્જની ફજરની નમાઝ પછીથી, ૧૦ ઝિલ્હજ્જ સુધી દરેક ફર્ઝ નમાઝ પછી પ્રથમ તકબીરે તશ્રીક "અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, વ લિલ્લાહિલ હમ્દ." પઢો અને ત્યાર પછી તલબિયહ પઢો. ૧૦,ઝલ્હજ્જની "રમી" (શયતાનને કાંકરા મારવાનો અમલ) શરૂ કરવાની સાથે જ "તલ્બિયહ" પઢવું ખતમ થઈ જાય છે એટલે ૧૩ મી ઝિલ્હજ્જની સાંજ સુધી દરેક ફર્ઝ નમાઝ પછી ફકત "તકબીરે તશ્રીક" જ પઢવામાં આવશે.

વર્તમાન સમયમાં સાવચેતી ખાતર બેહતર એ જ છે કે અરફાતના મેદાનમા પોતાના તંબુમાં ઝોહર અને અસરને દરરોજની જેમ જ પોતાના નિયમિત સમય પર પઢો.

ઝવાલ પછી વુકૂફનો ટાઈમ શરૂ થાય છે અને ગુરૂબે આફતાબ સુધી રહે છે.નમાઝથી ફારિગ થઈ વુકૂફમાં મશ્ગૂલ થઈ જાઓ, જો શકય હોય તો વુકૂફના સમયે છાયડામાં ઊભા રહેવું નહિ બલ્કે તડકામાં ઊભા રહેવું એ બેહતર છે, પરંતુ તકલીફ, કમશકિત અથવા બીમાર થઈ જવાનો ભય હોય તો છાયડામાં ઊભા રહી શકો છો .અને જો થઈ શકે તો કિબ્લહ તરફ મોઢું કરીને ઉભા રહી વુકૂફ કરો,દુઆ તથા તિલાવત પણ કરતા રહો. જો પૂરો ટાઈમ ઊભૂ રહેવું મુશ્કિલ હોય, તો જેટલીવાર ઉભા રહી શકતા હોય તેટલીવાર ઉભા રહો. વુકૂફ વખતે બેસવું બલ્કે સુઈ જવું પણ જાઈઝ છે.

આખરે સુર્ય આથમ્યો, આજે હુકમ છે કે અરફાત વાળાઓ માટે મગરિબની નમાઝની જગા મુઝદલિફહ છે, અને આજે મગરિબની નમાઝનો ટાઈમ ઈશાનો ટાઈમ છે.

**અરફાતથી મુઝદલિફહ માટે રવાનગી** : હવે લાખો માણસોની આ વસ્તી ૩ માઈલ દૂર જતી રહેશે.જુઓ થોડીવારમાં મુઝદલિફહ પણ આવી ગયું. બતાવવામાં આવ્યું છે કે મુઝદલિફહમાં રહેવાવાળા હાજીઓ માટે આ રાત શબે કદ્રથી પણ અફઝલ અને કાબિલે કદ્ર છે.આ રાતની કદ્રો કીંમતને

યાદ રાખશો, આ રાતને જાગીને વિતાવવામાં આવે.ઈબાદત, ઝિક્ર, ઈસ્તિગફાર, તૌબા અને દુરૂદ શરીફમાં મશ્ગૂલ રહેશો.

ફજરની નમાઝ સુબ્હે સાદિક થયા પછી જલ્દીથી અંધારામાં જ પઢશો. જેથી મુઝદલિફહમાં સુબ્હે સાદિક પછી થોભવું, જે વાજિબ છે, તેના ઉપર પણ અમલ થઈ જાય. "મુઝદલિફહ"નો વુકૂફ વાજિબ છે, અને સુબ્હે સાદિક પછી વુકૂફ નો ટાઈમ શરૂ થઈ જાય છે, જે સુર્ય ઉગવાના પહેલાં પહેલાં સુધી રહે છે,

"મુઝદલિફહ"થી મિના રવાના થતાં પહેલા ખાસ યાદ રાખો કે, આપે મિનામાં શૈતાનને કાંકરીઓ મારવાની છે, તે કાંકરીઓની વ્યવસ્થા અહિંયાં મુઝદલિફહમાંથી જ કરી લેશો, એટલે કે ઓછામાં ઓછી ૭૦ કાંકરીઓ વીણીને એક થેલીમાં મુકી આપો, ખૈર, ફજરની નમાઝ પછી તમે જોશો, કે ઈન્સાનોનો આ સમંદર ફરી એકવાર મિના તરફ જઈ રહયો છે.

**મિનામાં કિયામ અને શયતાનને કાંકરી મારવી :** ૧૦ ઝિલ્હજ્જના "મુઝદલિફહ"થી "મિના" આવીને, સૌથી પહેલાં ફકત એકજ જમરહની એટલે કે છેલ્લા શૈતાનની રમી કરવાની છે. આ જમરહ ઉપર પહેલી કાંકરી મારવાના સાથે જ તલ્બિયહ પઢવાનું ખત્મ થઈ જાય છે, રમીનો સુન્નત વખત સુર્ય નીકળ્યા પછીથી ઝવાલ સુધીનો છે. ઝવાલ પછીથી મગરિબ સુધીમાં કરવી જાઈઝ છે,અને મગરિબથી સુબ્હે સાદિક સુધી માં મકરૂહ છે.

"રમી" કરતી વખતે "તકબીર" કહેવું મસ્નૂન છે. અટલે જયારે પણ કાંકરીઓ મારો ત્યારે આ પઢો :

بِسْمِ اللّٰہِ اَللّٰہُ اَکْبَرْ رَغْمَاً لِلشَّیْطَانِ وَ رِضًی لِلرَّحْمَانِ

(બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર, રગ્મન લિશ્શય્તાન વ રિદન્ લિર્રહમાન.)

**કુર્બાની** : અલ્લાહ તઆલાએ આપને "હજ્જે તમત્તુઅ"ની મોટી નેઅ્મત અતા ફરમાવી, તેના શુક્રિયહના તૌર પર, આપે કુર્બાની કરવી વાજિબ છે. માટે રમી કર્યા પછી કુર્બાની કરો અને પછી બાલ મુંડાવી અથવા કપાવીને એહરામ ખોલી નાંખો. હવે સીવેલા કપડાં પહેરી શકાય છે, ન્હાવું, ધોવુ કે ખૂશ્બુ લગાવવું જાઈઝ છે, દરેક વસ્તુની આઝાદી છે, પણ હજુ આપના માટે પોતાની ઓરતથી સુહબત (સંભોગ) કરવી જાઈઝ નથી. તમે જયારે

તવાફે ઝિયારત કરી લેશો, ત્યારે ઓરત પણ તમારા માટે હલાલ થઈ જશે.

તવાફે ઝિયારત : આ તવાફ હજ્જનો ફર્ઝ છે. ૧૦, ઝિલ્હજ્જના કરવો અફઝલ છે, ૧૨, ઝિલ્હજ્જના સુર્ય આથમતા સુધી કરી લેવો પણ જાઈઝ છે, સામાન્ય રીતે આ તવાફ કુર્બાની તથા હજામત કરી, એહરામ ખોલીને, ન્હાવા પછી કરવામાં આવે છે, એટલે સીવેલાં કપડાંમાં કરવામાં આવશે,એટલે એમા "ઈજતિબાઅ" નથી, પણ "રમલ" તો કરવાનો છે, એવી જ રીતે "સઈ" પણ સીવેલા કપડાંમા જ થશે..

હવે તમો ૧૦ ઝિલ્હજ્જના કરવાના બધાંજ કામોથી ફારિગ થઈ ગયા.અને ઓરત પણ તમારા માટે હલાલ થઈ ગઈ છે. તમે હવે પાછા "મિના"માં જતા રહો, કારણ કે "તવાફે ઝિયારત" પછી બે રાતો અને બે દિવસ તમારે 'મિના"માં રોકાવવાનું છે.

૧૧ તથા ૧૨ ઝિલ્હજ્જના ત્રણેવ જમરાઓને "રમી" કરવાની છે અને આજે "રમી"નો ટાઈમ ઝવાલ પછીનો છે. તમો પોતાના ખૈમા (તંબુ) અથવા મસ્જિદે ખૈફમાં ઝુહરની નમાઝ, જમાઅત સાથે અદા કરો અને પછી રમી માટે નીકળી જાઓ.

રસ્તામાં સૌથી પહેલા "જમરએ ઊલા" (પહેલો શૈતાન) આવશે, એટલે ગઈ કાલે જે રીતે "જમરએ અકબહ"ની રમી કરી હતી, એ જ રીતે એની "રમી" પણ કરો, એટલે કે સાત કાંકરીઓ મારો અને દરેક કાંકરી પર :

بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَكْبَرْ رَغْمَاً لِلشَّيْطَانِ وَ رِضًى لِلرَّحْمٰنِ

બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર, રગ્મન લિશ્શયતાન વ રિદન લિર્રહમાન.

પઢવામાં આવે. "રમી" પછી ત્યાંથી થોડાક હટીને કિબ્લહ તરફ મોં કરી ઉભા રહી, દુઆ,તૌબા, ઈસ્તિગફાર અને ઝિક્ર પછી દુરૂદ શરીફ પઢો. પોતાના માટે, પોતાના સગાઓ, દોસ્તો વગેરે માટે દુઆ કરો. ત્યાર પછી આગળ ચાલો અને "જમરએ વુસ્તા" (વચલા શૈતાન) પાસે આવો, અને ઉપર બતાવ્યા મુજબ જ, તેની પણ "રમી" કરો, અને "રમી" પછી એટલી વાર દુઆ કરો, જેટલી વાર "જમરએ ઊલા" ઉપર કરી હતી. ત્યાર પછી "જમરએ અકબહ" મોટા શૈતાન પાસે આવો, અને આજ પ્રમાણે "રમી" કરો, પરંતુ એની "રમી" કર્યા પછી, ત્યાં રોકાવવાનું કે દુઆ કરવાની નથી.

હવે હજ્જના બધા જ, અરકાનો પૂરા થઈ ગયા છે, અને હજ્જની મહાન નેઅમત તમને મળી ગઈ છે. હવે ફકત એક તવાફ એટલે કે તવાફે વદાઅ કરવાનો બાકી છે.

**તવાફે વદાઅ** :જયારે મકકહ મુકર્રમહથી પાછા ફરવાનો વારો આવે, ત્યારે આપે "તવાફે વદાઅ" (રૂખ્સતીનો તવાફ) કરવાનો છે. મીકાતથી બહાર રહેનારા હાજીઓ માટે આ "તવાફે વદાઅ" કરવો વાજિબ છે.

જો ઓરતને હૈઝ આવી ગયું હોય અથવા નિફાસની હાલતમાં હોય અને તે મકકહ મુકર્રમહથી રવાના થતાં સુધી પાક ના થઈ હોય, તો તેના માટે તવાફે વદાઅ માફ થઈ જશે, આવી ઓરતે હરમ શરીફના દરવાઝા બહાર ઉભી થઈને દુઆ માંગી લેવી જોઈએ, હરમ શરીફમાં દાખલ ના થાય.

હજ પૂરી થયા પછી પાછા વળવાનો સમય આવે ત્યારે અલ્લાહનો શુક્ર અદા કરો કે હજની તોફીક અને તાકત આપી. તેમજ હજ પૂરી કરાવી દીધી. આ દુઆ પણ કરો કે હજ કુબૂલ થાય. ઘણો બધો માલ અને તકલીફ ઉઠાવી માણસ હજ કરે છે એટલે એના કુબૂલ થવાની દુઆ કરવી અને ઉમ્મીદ રાખવી જોઈએ. ઉપરાંત ખાનએ કઅબહની જુદાઈ ઉપર અફસોસનો ઈઝહાર કરો. મસ્જિદમાંથી ઉલટા પગે નીકળવું, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાબિત નથી, પરંતુ આલિમોએ અને બુઝુર્ગોએ કઅબહના માન અને ઈઝઝત માટે સારું સમજયું છે.

બયતુલ્લાહના અદબો અને હુકૂકના વિશે જે કંઈ કોતાહીઓ આ દિવસોમાં થઈ ગઈ, તેની માફી માંગતા માંગતા મસ્જિદે હરામથી બહાર નીકળો અને કાયદા પ્રમાણે ડાબો પગ પહેલા (બાબુલ વદાઅ અથવા બીજા કોઈ પણ દરવાજાથી) મસ્જિદે હરામની બહાર કાઢો અને આ દુઆ પઢો.

اَللّٰهِمَّ اغْفِرْ لِیْ ذُنُوْبِی وَ افْتَحْ لِی اَبْوَابَ رَحْمَتِكَ

(અલ્લાહુમ્મ ગફિરલી ઝુનૂબી વફતહ લી અબવાબ રહમતિક)

અલ્લાહ તઆલા આપની હાજરીને કબૂલ ફરમાવે અને ભલાઈ તથા બરકતોથી નવાઝે , ઝિન્દગીનો રૂખ સહીહ થવાનો ઝરિયો બનાવે, દેરક મુસલમાનને તેના મુકદસ ઘરની અને રવઝએ અકદસની ઝિયારતથી માલામાલ ફરમાવે,આમીન. ● ● ● ●

# નબવી દોરની વિવિધ લડાઈઓમાં
# હઝ. અલી રદિ.ની બહાદુરી

• **ગઝવએ બદર**

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને મુસલમાનો હિજરત કરીને મદીના આવ્યા પછી ગઝવએ બદર પ્રથમ મોટી લડાઈ હતી. આ લડાઈ થકી ઈસ્લામની દાવતનો રસ્તો સાફ થઈ ગયો. મુસલમાનોના અસ્તિત્વનો ખાતમો કરવા માંગતા લોકો હવે એમના મહત્વને સ્વીકારતા થઈ ગયા.

૧૭ રમઝાન, શુક્રવારના દિવસે લડાઈ હતી. તે સમયની પ્રથા મુજબ પ્રથમ વ્યકિતગત મુકાબલા માટે એકબીજાને લલકારવામાં આવ્યા. મક્કાના ત્રણ બહાદુરો ઉત્બહ બિન રબીઅહ, શયબહ બિન રબીઅહ અને ઉત્બહનો છોકરો વલીદ સામે આવ્યા. મુસલમાનો તરફથી ત્રણ અન્સારી સહાબા એમના મુકાબલા માટે સામે આવ્યા તો મક્કાના લોકોએ એમને પાછા મોકલીને કહયું કે અમે અમારા સગાઓ સાથે લડવા માંગીએ છીએ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મક્કાના દુશ્મનો અને એમના સમકક્ષ મુસલમાનોને સારી રીતે ઓળખતા હતા. એમની લલકાર સ્વીકારીને હુકમ ફરમાવ્યો કે, હમ્ઝહ આગળ આવો, અલી આગળ આવો. ઉબૈદહ આગળ આવો. ત્રણેવ બહાદુરો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સૌથી નિકટના સગા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમનાથી મુહબ્બત અને લગાવ હતો પણ ખતરાના સમયે અને નાઝુક ઘડીએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને જ આગળ કર્યા. હઝરત ઉબૈદહ રદિ. ઉત્બહના મુકાબલામાં આવ્યા, હઝરત અલી રદિ.એ વલીદને લલકાર્યો અને એક જ વારમાં એનું ઢીમ ઢાળી દીધું. હઝરત હમ્ઝહ રદિ.એ શયબહનું કામ પતાવ્યું અને પછી બન્ને હઝરત ઉબૈદહ રદિ.ને મદદે આવ્યા અને ઉત્બહને માર્યો. હઝરત ઉબૈદહ રદિ. ઝખ્મી થઈ ગયા હતા એમને લઈને લશ્કરમાં પાછા આવ્યા, પણ તેઓ બચી શકયા નહી અને શહીદ થઈ ગયા.

મુસલમાનોના લશ્કરનો ઝંડો હઝરત અલી રદિ.ના હાથમાં હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'ઝુલ્ફિકાર' નામી પોતાની તલવાર

હઝરત અલી રદિ.ને લડવા આપી હતી, અને લડાઈ પછી હમેંશા માટે આપી દીધી. લડાઈ પૂરી થઈ અને ગનીમત વહેંચવામાં આવી તો એક બખ્તર, એક ઊંટ અને એક તલવાર હઝ.અલી રદિ.ના ભાગે આવ્યાં.

### ગઝવએ ઉહદ

હિજરતના ત્રીજા વરસે શવ્વાલમાં ઉહદ મુકામે લડાઈ થઈ. અલ્લાહ તઆલાએ મુસલમાનોની મદદ ફરમાવી અને મુસલમાનો જીતવા લાગ્યા. દુશ્મન હારીને નાસવા લાગ્યો, પણ એવામાં પહાડની પાછલી બાજુએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગોઠવેલા માણસો હટી ગયા, હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર રદિ. અમીર હતા, એમણે સાથીઓને રોકયા પણ બધા લડાઈ જીતવાની ખુશી અને ગનીમત ભેગી કરવા ત્યાંથી ચાલ્યા ગયા. આ જગ્યા ખાલી જોઈને દુશ્મન પાછળથી આવી ચડયો. લડાઈનું પાસું એકદમ પલટાય ગયું. અમુક દુશ્મનો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સુધી પહોંચી ગયા. એક પથ્થર એવો કોઈએ માર્યો કે દાંત તૂટી ગયો અને ચહેરો લોહીલુહાણ થઈ ગયો અને આપ બેસી ગયા. હઝરત અલી રદિ. અહીંયા પાસે જ લડી રહયા હતા. મુસ્અબ બિન ઉમૈર રદિ.ની શહાદત પછી મુસલમાનોનો ઝંડો એમની પાસે જ હતો. સામે પક્ષે અબૂસઅદ નામના વ્યકિત પાસે ઝંડો હતો. એણે આપને લલકાર્યા તો એવો પછાડયો કે જમીન ઉપર તરફડવા લાગ્યો. શરીરના કપડાંનું પણ ભાન ન રહયું. એના ઉપર રહમ ખાયને આપ રદિ. પાછા આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તલ્હા બિન ઉબૈદુલ્લાહ રદિ. સાથે મળીને ઉભા કર્યા અને પછી એક ઉચા સ્થળે ઉભા કરી દીધા. જેથી મુસલમાનો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોઈ શકે અને હિમ્મતથી લડી શકે. લડાઈ ખતમ થઈ ગયા પછી હઝરત ફાતિમહ રદિ. પણ આવી ગયાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના માથામાંથી નીકળતું લોહી ધોવા માટે હઝરત અલી રદિ. પાણી ભરીને લાવ્યા. હઝરત ફાતિમહ ધોતા હતાં પણ પાણીના કારણે લોહી વધારે વહેતું હતું. એટલે એમણે એક ચટાઈનો ટુકડો ફાડીને સળગાવ્યો અને એની રાખ ઝખમમાં ભરી દીધી તો લોહી બંધ થયું.

હિજરી સન ૫, શવ્વાલમાં ખંદકની લડાઈ થઈ. આ લડાઈ અને એના પરિણામો પણ દૂરગામી છે. જેમ બદરની લડાઈ મુસલમાનોના અસ્તિત્વની લડાઈ હતી, એમ ખંદકની લડાઈમાં શત્રુઓની હાર એમના અસ્તિત્વને સદાને માટે કમઝોર કરનાર અને એમના નષ્ટની શરૂઆત કરનારી પુરવાર થઈ.

મુસલમાનોએ શહેરમાં કિલ્લેબંધ થઈને લડવાનો ફેસલો કર્યો હતો. એટલે મદીનાની જે તરફ સપાટ જમીન હતી, ત્યાં લાંબી પહોળી ખાઈ – ખાડી ખોદી લીધી જેથી એક પણ દુશ્મન શહેરમાં પ્રવેશી શકે નહીં. બીજી તરફ પહાડો હતા અને ખતરો ન હતો. મક્કાના સરદારો, યોદ્ધાઓ અને આસપાસના કબીલાઓ બધા ભેગા મળીને મદીના શરીફ અને એમાં વસતા મુસલમાનોને સદાને માટે ખતમ કરવાના ઈરાદે આવ્યા હતા. મદીના સમીપે આવીને જોયું તો એક નવી જ વસ્તુ એમની સામે હતી. શહેરની ફરતે ખાઈ અવરોધ બની જાય એ નવી બાબત હતી. મુસલમાનોને આ યુકિત હઝરત સલમાન ફારસી રદિ.એ બતાવી હતી. એક સ્થળે ખાઈ થોડી સાંકળી હતી, ત્યાંથી અમુક યોદ્ધાઓ પાણીદાર ઘોડાઓ કુદાવીને અંદર આવી જતા હતા.

અરબસ્તાનનો એક મશહૂર યોદ્ધો અમ્ર બિન અબ્દે વુદ એક હઝાર યોદ્ધાઓ સમાન ગણાતો હતો. ઘોડો કુદાવીને અંદર આવી ગયો અને મુસલમાનોને લલકાર્યા. હઝરત અલી એની લલકારનો જવાબ આપવા બે વાર ઉભા થયા પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રોકી દીધા. ત્રીજી વાર વધારે ગુસ્સામાં એણે મુસલમાનોને પડકાર ફેંકયો. તો હઝરત અલી રદિ. ઉભા થયા અને મુકાબલા માટે જવાની પરવાનગી માંગી. આપ સલ્લ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમને ખબર છે ? આ અમ્ર છે. હઝ. અલી રદિ.એ કહયું કે અમ્ર હોય તો શું થયું ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પરવાનગી આપી દીધી. હઝરત અલી રદિ.એ એની સામે જઈને પોતાની ઓળખ આપી તો કહેવા લાગ્યો કે ભત્રીજા ! તારા કાકાઓ વગેરે મોટા લોકોને સામે કર. તને મારવામાં મને મજા નહીં આવે. હઝરત અલી રદિ.એ કહયું કે પણ તને મારવામાં મને ખૂબ મજા પડશે. હઝરત અલી રદિ.નો આ જવાબ સાંભળીને એને ગુસ્સો આવી ગયો. ઘોડા ઉપરથી કૂદીને ઘોડાના આગલા પગો

કાપી નાંખ્યા અને ઘોડાના મોંઢા ઉપર તલવાર મારીને એને પાડી દીધો અને પછી તલવાર તાણીને હઝરત અલી રદિ. સામે આવી ઉભો. થોડી વાર સુધી બન્નેની તલવારો અથડાયી, બન્ને આગળ પાછળ થઈને પેંતરો બદલીને વાર કરતા રહયા, અને એમાં અચાનક હઝરત અલી રદિ.ના એક જ વારમાં એ ભોંય ભેગો થઈ ગયો.

શત્રુઓ થોડા દિવસ સુધી મદીનાની બહાર ઘેરો ઘાલીને બેસી રહયા પછી એક પછી એક એવા સંજોગો બન્યા કે તેઓએ નાસી જવામાં જ સલામતી સમજી. આ લડાઈ પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કુરેશ હવે પછી ચામે ચાલીને કદી તમારી સાથે લડવા નહીં આવે. હવે આપણે સામે ચાલીને લડવા જઈશું.

આ લડાઈથી પરવારીને તુરંત મદીનામાં રહીને મુસલમાનો સાથે ગદ્દારી કરનાર યહૂદી કબીલા બનૂકુરૈઝહને સજા આપવાનું નક્કી કરવામાં આવ્યું. એમાં પણ મુસલમાનો તરફથી હઝરત અલી રદિ.ને ઝંડો સોંપવામાં આવ્યો હતો.

ત્યાર પછી હિજરી સન ૬ માં બનૂસઅદ કબીલા વિશે ખબર પડી કે તેઓ ખૈબરના યહૂદીઓની મદદ કરવાની તૈયારી કરી રહયા છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને ૧૦૦ મુસલમાનોની ટુકડી લઈને રવાના કર્યા. શાબાન મહીનામાં એમના ઉપર હુમલો કરીને એમને નાસીપાસ કરી દેવામાં આવ્યા અને ૫૦૦ ઊંટ તેમજ બે હઝાર બકરીઓ ગનીમતનો માલ લઈને હઝરત અલી રદિ. મદીના શરીફ પાછા આવ્યા.

### <u>સુલહે હુદયબિયહ</u>

મદીનાથી ઉમરહના ઈરાદે નીકળેલા મુસલમાનોને જયારે મક્કામાં પ્રવેશવાથી રોકી દેવામાં આવ્યા તો બધાએ હુદયબિયહ મુકામે પડાવ કર્યો હતો. છેલ્લે આ સ્થળે સુલેહની વાતચીત થઈ. કુરૈશ તરફથી સુહેલ બિન અમ્ર વાર્તાકાર તરીકે આવ્યા હતા. સુલેહનો કરાર લેખિત રૂપે તૈયાર કરવાનું નક્કી થયું તો હઝરત અલી રદિ.ને લખવા માટે બોલાવવામાં આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને ફરમાવ્યું, સહુ પ્રથમ

"બિસ્મિલ્લાહિર્રમાનિર્રહીમ" લખો. સુહેલે કહયું કે રહમાન કોણ છે એ મને ખબર નથી. અરબોના જૂના રિવાજ મુજબ 'બિસ્મિકલ્લાહુમ્મ" જ લખો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કોઈ વાંધો નહીં, એમ જ લખો. પછી આગળ લખાવ્યું :

"આ કરાર મુહમ્મદ રસૂલુલ્લાહ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે."

સુહેલે કહયું કે અમે તમને અલ્લાહના રસૂલ માનતા હોત તો બયતુલ્લાહ આવવાથી રોકત પણ નહીં અને લડાઈ પણ ન કરત.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે તમે ભલે ન માનો. હું અલ્લાહનો રસૂલ છું.

સુહેલે કહયું કે 'રસૂલુલ્લાહ'ના બદલે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ લખવામાં આવે.

આ દરમિયાન હઝરત અલી રદિ. 'મુહમ્મદ રસૂલુલ્લાહ' લખી ચુકયા હતા એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હુકમ ફરમાવ્યો કે એ શબ્દો ભૂંસીને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ લખવામાં આવે. હઝરત અલી રદિ.ની ગૈરતને આ સ્વીકાર્ય ન હતું. કહેવા લાગ્યા કે હું આ શબ્દો ભુંસી શકું એમ નથી. છેવટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે મને બતાવો રસૂલુલ્લાહ કયાં લખ્યું છે, પછી પોતે એ શબ્દો ભુંસ્યા અને હઝરત અલી રદિ.ને આગળની વાતો લખવાનો હુકમ ફરમાવ્યો.

### ખૈબર

હિજરી સન સાતમાં ખૈબરની લડાઈ થઈ. મદીના શરીફની ઉત્તરપૂવે ખૈબર મુકામે યહૂદીઓના અનેક નાના મોટા કિલ્લા હતા. યહૂદીઓનું આ મજબૂત કેન્દ્ર હતું અને એક રીતે અરબસ્તાનમાં વસતા યહૂદીઓની મદદ માટેની સૈન્ય છાવણી પણ હતી. આયોજનબદ્ધ રીતે બનાવવામાં આવેલ આ કિલ્લાઓ અનાજ – પાણીનો સંગ્રહ કરવા ઉપરાંત રક્ષણાત્મક રીતે પણ ઘણા મજબૂત હતા. અત્રેના યહૂદીઓ અન્ય યહૂદીઓ સાથે મળીને મદીના શરીફ ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી રહયા હતા એટલે પહેલેથી જ એમને રોકવાના ઈરાદે નબીએ કરીમ સલ્લલ્લાહુઅ અલયહિ વ સલ્લમે ૧૪૦૦

સહાબા લઈને ખૈબર તરફ કૂચ કરી. અત્રે ખૈબરની લડાઈની આખી દાસ્તાન વર્ણવવાનો આશય નથી. હઝરત અલી રદિ.ના એક મહાન કાર્યનો ઉલ્લેખ કરવો છે.

અત્રે એક પછી એક અનેક કિલ્લા હતા. બધા કિલ્લા ફતેહ થતા ગયા, અલબત્ત એક કિલ્લો 'અલકમૂસ' કોઈ રીતે જીતાતો ન હતો. પહેલાં હઝરત અબૂબક્ર રદિ., પછી હઝરત ઉમર રદિ.,ને લડાઈની કમાન સોંપવામાં આવી, પણ સફળતા ન મળી. છેલ્લે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, કાલે એવા માણસને કમાન સોંપવામાં આવશે જેને અલ્લાહ અને એના રસૂલ પસંદ કરે છે. અને એના હાથે જ આ કિલ્લો ફતેહ થશે. બીજા ઘણા મોટા સહાબા એવી ઈચ્છા કરતા હતા કે આ સઆદત માટે અમારું નામ લેવામાં આવે. પણ અચાનક હઝરત અલી રદિ.નું નામ લેવામાં આવ્યું. લોકોને ઘણી નવાઈ લાગી, કારણ કે એમની આંખો આવી હોવાના કારણે તેઓ બીમાર હતા. આમ છતાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને બોલાવ્યા, આંખોમાં પોતાનું થુંક લગાવ્યું તો એ જ ઘડીએ એવી સાજી થઈ ગઈ જાણે કે કશું થયું જ ન હતું. હઝરત અલી રદિ.ને ઝંડો આપવામાં આવ્યો તો એમણે પૂછયું કે શું હું લડાઈ કરીને એ બધાંને મુસલમાન બનાવી લઉ ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : નહીં. પહેલાં એમને ઈસ્લામની દાવત આપો. એમને સમજાવો કે અલ્લાહ તઆલાના હુકમો એમના માટે શું શું છે ? ખુદાની કસમ ! તમારા હાથે એક માણસને પણ હિદાયત મળે એ તમારા માટે અનેક લાલ ઊંટો કરતાં વધારે મોટી દોલત છે.

હઝરત અલી રદિ. તલવાર લઈને અલકમૂસ કિલ્લા તરફ રવાના થયા. સૌપ્રથમ સામે મશ્હૂર યહૂદી યોદ્ધો મુરહહબ મળ્યો. અત્યાર સુધીની લડાઈમાં એણે મુસલમાનોને ઘણું નુકસાન પહોંચાડયું હતું. હઝરત અલી રદિ. સાથે સામનો થયો તો એક બે વાર પછી મોકો જોઈને એક એવો વાર હઝરત અલી રદિ.એ કર્યો કે બખ્તરની કડીઓ સહિત એનું માથું કપાઈને છૂટું પડી ગયું. અને આ એક જ મુકાબલામાં આખા કિલ્લાની ફતેહનો ફેસલો થઈ ગયો.

હઝરત મવલાના સય્યિદ અલી મીયાં નદવી રહ.એ અલમુરતઝામાં

હઝરત અલી રદિ.ના કારનામાઓમાં ૪૦ માણસો ઉચકી શકે એટલો ભારે ખૈબરના કિલ્લાનો દરવાજો હઝરત અલી રદિ. દ્વારા એકલા હાથે ઉચકીને ઉખેડી ફેંકવાની રિવાયતો પણ નકલ ફરમાવી છે. અને હાશિયહમાં લખ્યું છે કે ઈબ્ને કષીર રહ.એ આ રિવાયતોને ઝઈફ કહી છે, પણ બીજી અનેક રિવાયતોમાં આ બાબતનું વર્ણન છે. એટલે આવી કોઈ ઘટના ઘટી હોય એ શકય છે. અને રિવાયતોથી આ બાબત પૂરવાર થતી હોય તો એ અહલે સુન્નત વલ જમાઅતના અકીદાઓ વિરુદ્ધ પણ નથી. અવલિયાએ કિરામની કરામતો હક છે, એ આપણો અકીદો છે અને હઝરત અલી રદિ. તો તમામ અવલિયાના સરદાર છે.

### ફત્હે મક્કહ

હિજરી સન ૮ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મક્કા ઉપર ચડાઈ કરવાનો ઈરાદો કર્યો અને તેયારી કરવાનો આદેશ આપ્યો તો આ બાબતે એક તકેદારી એ રાખવામાં આવી કે દુશ્મનોને મક્કા ઉપર ચડાઈ બાબતે મુસલમાનોના ઈરાદા અને તૈયારીની બિલ્કુલ ખબર ન પડે. આ છતાં એક નેક અને મુખ્લિસ સહાબી હઝરત હાતિબ ઈબ્ને બલ્તઅહ રદિ.એ પત્ર દ્વારા આ તૈયારીની ખબર મક્કા વાળાઓને પહોંચાડવાના હેતુએ એક સ્ત્રીને પૈસા આપીને રવાના કરી. હઝરત હાતિબ રદિ. એમ વિચારીને કે જીત અને ફતેહ તો અલ્લાહના રસૂલની જ છે. પણ મક્કાવાળાઓને જાણ કરવાથી મારું એમના ઉપર એહસાન રહેશે. બદલામાં તેઓ મક્કામાં રહેતા એમના બાળ બચ્ચાઓ અને સગાઓનો ખ્યાલ રાખશે. પણ અલ્લાહ તઆલાએ વહી દ્વારા આ બાબત અલ્લાહના રસૂલને બતાવી દીધી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ. અને હઝરત ઝુબૈર રદિ.ને બોલાવીને ફરમાવ્યું કે મક્કાના રસ્તે ફલાણા સ્થળે એક સ્ત્રી મળશે એની પાસેથી પત્ર કઢાવી લાવો. આ બન્ને મારતે ઘોડે રવાના થયા અને નક્કી સ્થળે જઈને એ સ્ત્રીને પકડીને પત્રની માંગણી કરી. એના સામાનની જડતી લીધી પણ કોઈ પત્ર દેખાયો નહીં. એને પૂછયં તો તેણે પોતાની પાસે કોઈ પણ પત્ર હોવાનો ઈન્કાર કર્યો. હઝરત અલી રદિ.એ ફરમાવ્યું ખુદાની કસમ ! અલ્લાહના રસૂલ ખોટું નથી

બોલતા. જો તું સીધી રીતે પત્ર નહી કાઢે તો તારા કપડાં ઉતારીને અમે જડતી લઈશું. છેવટે પોતાના વાળમાંથી એણે પત્ર કાઢયો અને બન્ને જણા મદીના પરત આવ્યા. હઝરત હાતિબ રદિ.ને પૂછવામાં આવ્યું કે તમે આવું કેમ કર્યું તો એમણે સાચું બતાવી દીધું કે એમનો આશય આવો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બદરી સહાબી હોવાની બરકતથી એમને માફ કરી દીધા.

મક્કામાં પ્રવેશતી વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નાની મોટી ટુકડીઓ બનાવીને દરેકનો અલગ ઝંડો અને સરદાર નક્કી કર્યા હતા. એક ઝંડો હઝરત સઅદ બિન ઉબાદહ રદિ. પાસે હતો. તેઓ જોશમાં શાયરી ગાતા ગાતા બોલી ગયા કે આજે તો ભારે લડાઈ અને ખુવારીનો દિવસ છે. આજે તો હરમ શરીફમાં પણ લડાઈ થશે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો ફરમાવ્યું : નહીં, આજે તો કાબાના અદબ અને સન્માન કરવાનો દિવસ છે. પછી ઝંડો હઝરત સઅદ રદિ. પાસેથી લઈને હઝરત અલી રદિ.ને આપી દીધો, બીજી રિવાયતોમાં હઝરત સઅદ રદિ.ના પુત્ર કૈસ રદિ.ને અથવા ઝુબૈર રદિ.ને ઝંડો સુપરત ફરમાવવાનું પણ વર્ણન છે. (ફત્હુલ બારી)

### ગઝવએ તબૂક વેળા એક અનોખી સઆદત

હિજરી સન ૯ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તબૂક મુકામે લડાઈ માટે નીકળ્યા તો મદીના શરીફમાં પોતાના ઉત્તરાધિકારી તરીકે હઝરત મુહમ્મદ બિન મસ્લમહ રદિ. અને પોતાના ઘરના સભ્યો અને અહલે બયતના રક્ષણ માટે અલી રદિ.ને નિયુકત ફરમાવ્યા. હઝરત અલી રદિ. બહાદુર અને લડવૈયા હતા. લડાઈથી દૂર હોવાનો અફસોસ હતો અને ઉપરથી મુનાફિકોએ ટોણો માર્યો કે એમને ઘરમાં રહેતી ઓરતો સાચવવા રાખ્યા છે. એટલે હઝરત અલી રદિ. ઘણા જ બેચેન થઈ ગયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ વેળા એમને બોલાવીને ફરમાવ્યું : શું તમને આ પસંદ નથી કે મારા નાયબ તરીકે તમારી હેસિયત એવી જ હોય જેમ હઝરત મૂસા અલૈ.ના નાયબ તરીકે એમના ભાઈ હારૂન અલૈ. હતા. હા, એટલો ફરક રહેશે કે મારા સિવાય હવે કોઈ નબી નહી હોય. ● ● ● ● ●

# ઘરકામ - ગૃહકાર્યમાં ઓરતોનો ફાળો

## ઇસ્લામી દષ્ટિએ સ્ત્રીનું કાર્ય વર્તુળ શું છે ? કયાં છે ?

## કેટલું સિમિત – કેટલું વિશાળ છે ?

આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે એક દળદાર પુસ્તકની આવશ્યકતા છે. પરંતુ ટૂંકમાં એટલું કહી શકાય કે ઘરકામ–ગૃહકાર્ય એ જ ઓરતનું કાર્ય વર્તુળ, કાર્યક્ષિમા છે. અમે અત્રે સહાબીયહ સ્ત્રીઓના અમૂક કિસ્સાઓ વર્ણવીએ છીએ, જેનાથી સ્પષ્ટ થાય છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબા રદિ.ની નજરમાં સ્ત્રીનું કામ શું હતું ?

● નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પુત્રી હઝરત ફાતિમા રદિ. હઝરત અલી રદિ.ના નિકાહમાં હતાં, હઝરત ફાતિમા ઘરકામમાં કેટલા પ્રવૃત રહેતા હતાં, એ દર્શાવતાં હઝરત અલી રદિ. ફરમાવે છે.

"ઘંટી ફેરવી ફેરવીને હાથમાં ચાંઠા પડી ગયા હતા, કુવા પરથી પાણી ભરી પીઠ પર લાદી લાવતાં, જેનાથી ગળામાં નિશાન ઉપસી આવ્યાં હતા, ઘરમાં ઝાડુ લગાવવા અને સફાઈના કારણે કપડાં ધૂળથી ભરાય જતાં, અને ખાણું પકાડવતાં કપડાં ધૂમાથી ભરાય જતાં."

આટલું બધું કામ કરવાથી હઝરત ફાતિમા રદિ.નું થાકી જવું નક્કી છે, અંતે હઝરત અલી અને ફાતિમા રદિ. બન્નેએ નક્કી કર્યુ કે આપ સલ.ની સેવામાં રજૂઆત કરી એક ચાકર – ખાદિમ માંગી લેવામાં આવે, હઝરત ફાતિમા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ગયા, પરંતુ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘરે મોજૂદ ન હતા, પાછળથી જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો સ્વયં હઝરત ફાતિમા રદિ.ના ઘરે આવ્યા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આવકારી હઝરત અલી રદિ. એ દર્શાવ્યું કે કઈ જરૂરતના અનુસંધાનમાં હઝરત ફાતિમા રદિ.એ આવવું પડયું હતું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વિગત સાંભળી હઝરત ફાતિમા રદિ.ને નસીહત કરી :

"ફાતિમા ! અલ્લાહથી ડરો, અલ્લાહ તઆલાની ફરજો પૂરી કરો, અને ઘરકાર્ય કરતાં રહો, અને રાત્રે સુતી વેળા સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુલિલ્લાહ,

અલ્લાહુ અકબર પઢી લો, ચાકર કરતાં આ વધારે બેહતર છે. *(બુખારી, મુસ્લિમ)*

હઝરત ફાતિમા રદિ.ના ઉપરોકત કિસ્સાથી સ્પષ્ટ થયું કે તે સમયે સામાન્ય પણે સ્ત્રીઓ ઘરકામ રૂપે આ કાર્યો અંજામ આપતી જ હતી, બલકે હઝરત ફાતિમા રદિ.નો કિસ્સો દર્શાવે છે ઘરમાં એક જ સ્ત્રી હોય તો એકલીએ પણ એ બધાં કાર્યો કરવા જોઈએ. કિસ્સામાં દર્શાવવામાં આવેલ કાર્યો નીચે મુજબ છે.

અનાજ દળવા ઘંટી ચલાવવી.

કુવેથી પાણી ભરી લાવવું.

ઘરની સફાઈ– ઝાડૂ વગેરે.

ચૂલા પર ખાણું પકાવવું.

આ બધા કાર્યો કરવામાં હઝરત ફાતિમાને ઘણી જ તકલીફ વેઠવી પડતી હતી, છતાં કરતાં હતાં.

● હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) નવયુવાન સહાબી હતા. ઉહદની લડાઈમાં એમના વાલિદ શહીદ થઈ ગયા હતા, ઘણું દેવું પણ તેમનું બાકી હતું, ઉપરાંત નાની–નાની ઘણી બહેનોનો બોજ પર હવે હઝરત જાબિરના શિરે આવી પડયો હતો. આપ સલલ્લલાહુ અલયહિ વ સલ્લમ એમની સાથે ઘણો જ હેત–પ્રેમનો વર્તાવ કરતા હતા. ઉહદની ઘટનાના થોડા સમય પછી અન્ય એક લડાઈથી પાછા ફરતી વેળા હઝરત જાબિર રદિ.એ ઉતાવળે મદીના પહોંચી જવાની પરવાનગી માંગી, આપ સલ્લલાહુ અલયહિ વ સલ્લમે કારણ પુછયું તો બતાવ્યું કે હમણાં આ લડાઈમાં નીકળતાં પહેલાં જ શાદી કરી છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે કુંવારી સ્ત્રીથી શાદી કરી છે કે પછી વિવાહિતાથી ? તેમણે જણાવ્યું કે વિવાહિતાથી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે કુંવારીથી શાદી કરતા તો તમે બન્નેવ વધારે સંતોષ અને ખુશી મેળવી શકત.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ ટકોર ઉપર હઝરત જાબિર રદિ.એ અરજ કરી કે હે અલ્લાહના રસૂલ ! તમે તો જાણો છો કે મારા વાલિદ સાહબ એમની પાછળ નાની–નાની છોકરીઓ (બહેનો) છોડી ગયા છે, માટે મને યોગ્ય ન લાગ્યું કે આ બહેનોમાં એક એમના જેવી જ છોકરીનો વધારો

કરૂં, (જે મારા માટે તો ખુશી અને સંતોષનું સાધન હોય, પરંતુ નાની હોવાના કારણે સ્વયં તેણીની દેખભાળ રાખવી પડે.) આ બધું સામે રાખી મે વિવાહિતા સ્ત્રીથી શાદી કરી છે, જેથી અનુભવ અને મોટી વયની હોવાથી તે મારી બહેનોની દેખભાળ અને સેવા કરી શકે અને એમના માથામાં કાંસકી કરે, વગેરે.. આ સાંભળી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તો પછી વાંધો નથી. એક હદીસમાં છે કે આ વિગત સાંભળી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને દુઆઓ આપી. *(બુખારી, મુસ્લિમ, વગેરે)*

ઉપરોકત કિસ્સાથી પૂરવાર થાય છે કે પતિના કુટુંબીઓ જેમ કે પતિની બહેનોની સેવા કરવી પણ ઓરતનું કાર્ય છે. સહાબીએ આ વાતને સામે રાખી જ શાદી રાખી અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આ મકસદ બતાવ્યો તો તેને યોગ્ય ગણી દુઆઓ આપી.

બુખારી શરીફમાં આવેલ ઉપરોકત કિસ્સા (હદીસ)ના અનુસંધાનમાં અલ્લામહ ઈબ્ને હજર અસ્કલાની (રહ.) લખે છે કે :

ઉપરોકત હદીસથી પૂરવાર થાય છે કે પતિના કુટુંબીજનોમાં જે કોઈ જરૂરતમંદ હોય, અવલાદ, ભાઈ, વગેરેની સેવા કરવી જોઈએ, અને માણસ શાદી કરવામાં આ બાબતનો વિચાર કરે તો ખોટું નથી, શરઈ કાનૂની દ્રષ્ટિએ આ બધાની ખિદમત ઓરત ઉપર જરૂર નથી, પરંતુ આ કિસ્સાથી સ્પષ્ટ થાય છે કે આ બાબત સહાબામાં પ્રચલિત હતી અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એની રોકટોક નથી ફરમાવી. *(ફત્હુલબારી, નિકાહ, ૯/૧૨૩)*

બુખારી શરીફમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના કિસ્સા પર આધારિત એક લાંબી હદીસ છે, જેમાં છે કે મક્કામાં રહેતા રહેતાં હઝરત ઈસ્માઈલ (અલૈ.) યુવાન થઈ ગયા, અને શાદી પણ કરી લીધી, તો ત્યાર પછી કોઈ વાર હઝરત ઈબ્રાહીમ (અલૈ.) મક્કા તશરીફ લાવ્યા અને બેટા હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના ઘરે ગયા, હઝરત ઈસ્માઈલ (અલૈ.) આ વેળા ઘરે મોજૂદ ન હતા, એમનાં બીવીથી ખબર અંતર પૂછયા તો બીવીએ ફકત પરેશાનીઓ અને તકલીફોનો જ ઉલ્લેખ કર્યો, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તરફ (એમની સેવા–ચાકરી) પર કોઈ ધ્યાન ન આપ્યું, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પાછા ફરતાં એને એટલું કહી ગયા કે ઈસ્માઈલ આવે તો એને સલામ સાથે કહેશો કે દરવાજાની ચોખટ (ઉંબરો) બદલી નાંખે, હઝરત ઈસ્માઈલ (અલૈ.) ઘરે

પરત ફર્યા તો બીવીએ સઘળી બીના દર્શાવી, ઉપરાંત હઝરત ઈબ્રાહીમ (અલૈ.) નો ઉલ્લેખ પણ સારી ઢબે કર્યો નહીં, બધું સાંભળી–જોઈ હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ ફરમાવ્યું તેઓ મારા વાલિદ હતા, અને તેમણે મને સુચના આપી છે કે તમને તલાક આપી છોડી દઉ.

ત્યાર બાદ હઝરત ઈસ્માઈલ (અલૈ.) બીજી શાદી કરી, અને થોડા સમય પછી ફરી હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તશ્રીફ લાવ્યા, આ વેળા પણ હઝરત ઈસ્માઈલ (અલૈ.) ઘરે ન હતા, એમના બીજી પત્નિ ઘરે મોજૂદ હતા, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પહેલાંની જેમ પુત્ર હઝરત ઈસ્માઈલ (અલૈ.ના ખબર અંતર પુછયા, આ બીવીએ ઘણી સારી રીતે આરામ અને રાહતનો ઉલ્લેખ કર્યો. આ વેળા હઝરત ઈબ્રાહીમ (અલૈ.) કહીને ગયા કે, ઈસ્માઈલને સલામ સહિત કહેજો કે દરવાજાના ઉંબરાને બાકી રાખે.

પછી જયારે હઝરત ઈસ્માઈલ (અલૈ.) ઘરે પરત ફર્યા તો બીવીએ આખી ઘટના કહી સંભળાવી, અને આવનાર મહેમાનનો ઉલ્લેખ પણ ઘણી જ સારી રીતે કર્યો.

હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ કહ્યું કે તેઓ મારા વાલિદ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) હતા અને તમને પત્નિ તરીકે નિકાહમાં રહેવા દેવાની સુચના આપી ગયા છે.

અમૂક રિવાયતોમાં છે કે આ બીજી પત્નિએ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)થી અરજ કરી કે સવારી પરથી ઉતરી તશરીફ લાવો. કંઈ ખાઓ પીઓ, અને જયારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ ફરમાવ્યું કે મારાથી રોકાય એમ નથી, તો આ બીવીએ અરજ કરી કે તમારા માથાના વાળ ઘણા ખરાબ થઈ રહ્યા છે, રજા આપો તો માથું ધોયને તેલ લગાવી દઉ, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું કે હા, તમને યોગ્ય લાગે તો આટલું કરી દો, હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની બીવીએ આ ખિદમત પૂરી કરી, અને તે પણ એવી રીતે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તો સવારી પર બેસી રહ્યા, બીવીએ એક પથ્થર બાજુ પર લાવી મૂકયો, જેના પર પગ મૂકી હઝરત ઈબ્રાહીમ માથું ઝુકાવતા, આમ બન્ને બાજુએથી સારી રીતે માથું ધોઈ દીધુ અને પછી હઝરત ઈબ્રાહીમ પાછા રવાના થયા. *(જામેઉલ ઉસૂલ : ૧૦/૨૯૫ –૩૦૧)*

ઉપરોકત કિસ્સાથી સ્પષ્ટ થયું કે ઓરતે એના સસરાની સેવા કરવી,

મહેમાન બની આવે તો આગતા– સ્વાગતા કરવી, અને તેમનો સારી રીતે ઉલ્લેખ કરવો આવશ્યક છે અને જો પત્નિ સસરાની આગતા –સ્વાગતા ન કરે, આવકાર ન આપે, અથવા સારી રીતે વાત ન કરે તો એના કારણે પત્નિને તલાક પણ આપી શકાય છે.

● હબ્શહ બિન્તે કઅબ (રદિ.) વર્ણન કરે છે કે એક દિવસ મારા સસરા અબૂ કતાદહ (રદિ.)ને વુઝૂ કરવું, હતું મે એમના માટે વાસણમાં પાણી ભરી મૂકયું, એટલામાં એક બિલાડી કયાંકથી આવી પાણી પીવા લાગી અને મારા સસરાએ એને પાણી પીવા દીધું, હું નવાઈથી એમના તરફ જોવા લાગી તો ફરમાવ્યું તમને નવાઈ લાગે છે, મેં કહ્યું હા, તો તેમણે કહ્યું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું છે કે બિલાડી નાપાક જાનવર નથી, એ તો ઘરોમાં હરતી ફરતી રહે છે. *(તિર્મિઝી શરીફ)*

ઉપરોકત કિસ્સાથી સ્પષ્ટ થયું કે સહાબીયહ ઓરતો તેમના સસરાની ઉપર પ્રમાણે વુઝૂ વગેરેની સેવા પણ કરતી હતી.

પતિના મહેમાનોની આગતા સ્વાગતા અને ખાવાનો બંદોબસ્ત પણ પત્નિ તરફથી કરવામાં આવે એ આવશ્યક છે, એનાથી સમાજમાં પતિનું સ્થાન અને સંબંધો સચવાય છે, અત્રે સહાબાઓ અને તેમની પત્નિઓના અમૂક કિસ્સાઓ વર્ણવવામાં આવે છે.

● હઝરત અબૂ ઉસૈદ સાઈદી (રદિ.) એક સહાબી છે. શાદીના અવસરે તેમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દાવત આપી, આ વેળા એમની બીવીએ જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવા ચાકરી ફરમાવી, (ખાવા, ખવડાવ્યું વગેરે) અને ખાધા પછી ખજૂરનો શરબત પણ પીવડાવ્યો, જે રાતથી જ તૈયાર કરી રાખ્યો હતો. *(બુખારી શરીફ)*

ઉપરોકત કિસ્સો દર્શાવે છે કે ઘરે આવનાર મહેમાનોની સરભરા ઓરતે કરવી જોઈએ અને જો મહેમાનનું આવવું પહેલેથી નક્કી હોય તો તે માટે પૂર્વ તૈયારી કરવી પણ ઓરતે કરવી જોઈએ.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાદિમ હઝરત અનસ (રદિ.)ની વાલિદહ ઉમ્મે સુલૈમ (રદિ.) હતાં, 'ગઝવએ ખંદક' વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહિત સઘળા મુસલમાનો સખત ભુખમરાના શિકાર હતા, આ વેળા જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમએ ભુખની તકલીફ ઓછી કરવા પેટ ઉપર પથ્થર બાંધ્યા હતા, હઝરત અનસ (રદિ.)ના વાલિદ હઝરત અબૂ તલ્હા (રદિ.)એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ભૂખની તકલીફ જોઈ ઉમ્મે સુલૈમ (રદિ.)થી પૂછયું : કંઈ ખાવાનું છે ? એમણે કહ્યું કે જવની અમૂક રોટલીઓ છે. એમણે એ રોટીઓ ઓઢણીના એક ટુકડામાં સંતાડી હઝરત અનસ (રદિ.)ને આપી કહ્યું કે જાઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પહોંચાડી દો, હઝરત અનસ (રદિ.) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે પહોંચ્યા તો પૂછયું કે શા માટે આવ્યા છો ? તેમણે વિગત દર્શાવી કે રોટીઓ લઈ આવ્યો છું, આ સાંભળી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બધા જ સહાબાને દાવત આપી દીધી કે ચાલો, અબૂ તલ્હા (રદિ.)એ ખાવાની વ્યવસ્થા કરી છે. હઝરત અનસ (રદિ.)એ દોડીને અબૂ તલ્હા (રદિ.)ને, અને એમણે ઉમ્મે સુલૈમને બતાવ્યું કે આ પ્રમાણે વાત છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આવી પૂછયું કે લાવો શું છે ? ઉમ્મે સુલૈમ (રદિ.)એ રોટીઓ સામે ધરી દીધી. રોટીઓ તોડવામાં આવી, એમાં ઘી–મધ ભેળવવામાં આવ્યું અને બધા સહાબાએ ભેગા મળી ખાધું. *(જામે.ઉસૂલ ૮/૩૫૮–૫૯)*

ઉપરોકત ઘટનાથી સ્પષ્ટ થાય છે કે શોહરના કહેવાથી બીવીએ જે કંઈ ઘરમાં થોડી રોટીઓ બનેલી હતી, તે પણ આપી દીધી.

ઉપરોકત ઘટના નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો મુઅજિઝો (ચમત્કાર) ગણવામાં આવે છે, કારણ કે એમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બરકતથી થોઠીક જ રોટલીઓ ઘણા સહાબા માટે પૂરતી થઈ ગઈ.

● હઝરત જાબિર (રદિ.)ની શાદી થયે થોડાક જ દિવસો થયા હતા, એટલામાં ખંદકની લડાઈ શરૂ થઈ ગઈ, લડાઈના દિવસોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ભૂખ જોઈને એમણે બીવીથી કહ્યું કે અમૂક માણસોના ખાવાની વ્યવસ્થા કરો, બીવીએ ઘરમાં જે થોડા ઘણા જવ હતા તે દળ્યા, બકરીનું નાનું બચ્ચુ હઝરત જાબિર (રદિ.)એ ઝૂબહ કર્યુ અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખાવાની દઅવત આપી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સઘળા સહાબાને લઈ હઝરત જાબિર (રદિ.)ના ઘરે

રવાના થયા, એમણે આ દ્રશ્ય જોઈ બીવીને દર્શાવ્યું, બીવીએ કહ્યું કે અલ્લાહ માલિક છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત જાબિર (રદિ.)ના ઘરે પહોંચી ફરમાવ્યું : રોટી બનાવનાર બીજી એક સ્ત્રીને બોલાવી લો, અને ગોશતની હાંડલી ચૂલા પરથી ઉતારશો નહિ, એમાંથી જ સાલન કાઢતા રહો, સાથે જ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોટ અને સાલન બન્નેમાં દમ ફરમાવ્યો, અને પવિત્ર થૂંક કંઈક એમાં નાંખ્યું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બરકતથી આ ખાણું તમામ સહાબાએ પેટ ભરી ખાધું. *(બુખારી શ.)*

ઉપરોકત ઘટનામાં આપણે જોઈ શકીએ છીએ કે હઝરત જાબિર (રદિ.)ની બીવીએ તેમના કહેવાથી કેટલી બધી તકલીફ ઉઠાવી, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પણ એમના કાર્ય ઉપર કોઈ ટકોર કરી નહી કે બીવી પાસેથી આમ વધારે માણસોનું ખાણું પકાવવુ? કેવી રીતે કરે ? વગેરે....

● હઝરત અબૂ બક્ર (રદિ.) ના ઘરે એક વાર અમૂક માણસો મહેમાન આવ્યા હતા, તેઓ મહેમાનોને ઘરે છોડી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં તશરીફ લઈ ગયા, પરંતુ ઘરમાં બીવી અને બેટા અબ્દુર્રહમાનને કહીને ગયા, કે મહેમાનોને ખાવું ખવડાવવામાં આવે, એક તરફ એમને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાંથી પરત ફરતાં મોડું થઈ ગયું, તો અહિંયા ઘરે મહેમાનોએ હઝરત અબૂ બક્ર (રદિ.) વગર ખાણું ખાવાથી ઈન્કાર કરી દીધો, ઘરવાળાઓએ ઘણું કહ્યું કે તેઓ આવી નારાજ થશે, તમારે ખાય લેવું જોઈએ, પરંતુ મહેમાનોએ વાત માની નહીં, આખરે હઝરત અબૂ બક્ર (રદિ.) પરત આવ્યા અને એમને ખબર પડી કે મહેમાનોએ ખાધું નથી તો બીવી અને બેટા પર ઘણાં જ નારાજ થયા અને કસમ ખાધી કે હું પણ હવે ખાઈશ નહીં, આ પરિસ્થિતિ જોઈ મહેમાનો અને ઘરવાળાઓએ પણ ન ખાવાની કસમ ખાય લીધી, પરિસ્થિતિ બગડતી જોઈ હઝરત અબૂબક્ર(રદિ.) નરમ પડયા અને કસમ તોડી ખાવા મંગાવ્યું અને પછી બધાએ ખાધું. *(બુખારી, મુસ્લિમ)*

મહેમાનોને ખવડાવવાની તાકીદ કરી જવું, ન ખવડાવવા પર નારાજ થવું, વગેરે બાબતો દર્શાવે છે કે સહાબાના મતે ઘરવાળાઓ (બીવી બચ્ચાઓ)ના માથે આ કાર્યોની ઝિમ્મેદારી નાંખી શકાય છે. ● ● ● ● ● ●

## હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. અને

# ભોપાલનાં બેગમ સુલતાન જહાં

સુલતાન જહાં બેગમનો જન્મ ૯ જુલાઈ ૧૮૫૮, (હિ. ૧૨૭૪)ના રોજ થયો હતો. એમનાં વાલિદહ શાહ બેગમ ભોપાલના નવાબ હતાં, વાલિદનું નામ નવાબ બાકી મુહમ્મદ હતું. ભાપાલના કાબેલ ઉલમા પાસે કુરઆન શરીફ, તરજુમએ કુરઆન, ફારસી વગેરેની તાલીમ મેળવી હતી.

૧૯૦૧માં તખ્ત ઉપર બેસ્યાં હતાં. વીસ વરસ હુકૂમત કરીને એપ્રિલ ૧૯૩૦માં એમની વફાત થઈ.

રાજકાજ, વહીવટ અને લોકસેવામાં કાબેલ હોવા ઉપરાંત તેઓ શિક્ષા અને તાલીમ તરબિયતના ભારે હિમાયતી હતાં. પોતે લગભગ ૬૦ જેટલી કિતાબો લખી હતી. ૧૯૨૦માં જયારે અલીગઢ મુસ્લિમ યુનિ.ની શરૂઆત થઈ તો તેઓ એના સહુપ્રથમ ચાન્સલર બન્યાં હતાં અને જીવતપર્યંત ચાન્સલર પદે સેવા આપી. યુનિ.માં એમણે સુલતાનિયા સ્કૂલ, સુલતાન જહાં મંઝિલ, ઉપરાંત પોતાના દીકરાઓ ઉબૈદુલ્લાહ ખાન અને નસ્રુલ્લાહ ખાનના નામે હોસ્ટેલની ઈમારતો પણ તામીર કરાવી હતી. ઉપરાંત દારૂલ ઉલૂમ દેવબંદ, મઝાહિર ઉલૂમ સહારનપૂર, દારુલ મુસન્નિફીન આઝમગઢ વગેરે તાલીમી સંસ્થાઓની દિલ ખોલીને સખાવત કરતાં હતાં. અલ્લામહ શિબ્લી રહ.ની મશ્હૂર કિતાબ 'સીરતુન્નબી' એમણે જ છપાવીને પ્રસિદ્ધ કરી હતી. મવ. નુરુલ હસન રાશિદ સાહેબ દા.બ લખે છે કે કાંધલા ગામની મશ્હૂર ઈદગાહ બનાવવા માટે એમણે બે હઝાર રૂપિયા આપ્યા હતા, એનાથી ઈદગાહના ૮૫ ફૂટ ઊંચા મીનારાઓ બનાવવામાં આવ્યા.

સુલતાન જહાં બેગમ પહેલેથી જ દીની સ્વભાવ ધરાવતાં હતાં. એમના ખાનદાનના નવાબો પણ હમેંશા દીની સ્વભાવ વાળા અને દીનના પાબંદ હતા. સુલતાન બન્યા પહેલાં પણ જહાં બેગમ દીન અને શરીઅતના હુકમોના પાબંદ હતાં. જયારે તેઓ રિયાસતના સુલતાન

બનીને રાજગાદીએ બિરાજમાન થયાં તો કોઈ બુઝુર્ગના હાથે બયઅત થવા અને તઝકિયએ નફસની તલબ ઓર વધી ગઈ. પોતાના માટે યોગ્ય મુરશિદ અને પીર તરીકે તેઓ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના હાથે બયઅત થવા ઈચ્છતાં હતાં, પરંતુ હાજી સાહેબ હિજરત કરીને મક્કા ચાલ્યા ગયા હતા અને ૧૩૧૭ હિ.માં હાજી સાહેબ રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. ત્રણ ચાર વરસ પછી ૧૩૨૨ હિ.માં સુલતાન જહાં બેગમ હજમાં માટે ગયાં અને હજથી પાછા ફર્યાં તો ફરીવાર બયઅતની આરઝૂ અને તલબ તાજી થઈ. એક રીતે આ આરઝૂ હજની બરકત હતી અને હજના મકબૂલ હોવાની નિશાની પણ. કારણ કે મકબૂલ હજ પછી માણસમાં નેકીની તલબ વધી જાય છે.

વતન પહોંચીને એમણે દરબારના ઉલમાએ કિરામને પૂછયું કે ભારતમાં હોય એવા કોઈ બુઝુર્ગનું નામ બતાવવામાં આવે, જેમના હાથ ઉપર બયઅત થઈને દિલનું સુકૂન મેળવી શકાય. ભોપાલના વડા કાજી મુહયુદ્દીન મુરાદાબાદીએ મશ્વેરો આપ્યો કે ભારતમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના મોટા ખલીફા હઝરત મવ. રશીદ ગંગોહી રહ. મોજૂદ છે અને હઝરત હાજી સાહેબ રહ. પણ આપના વિશે ઘણા ઉચ્ચ વિચારો વ્યકત કરતા હતા અને ફરમાવતા હતા કે એમને મારા સ્થાને સમજવામાં આવે. એટલે પછી સુલતાન જહાં બેગમે રિયાસતના મુન્શી જનાબ મન્સબ અલી સાહેબને આદેશ કર્યો કે હઝરત ગંગોહી રહ.ની સેવામાં પત્ર લખીને બયઅતની દરખાસ્ત લખી મોકલો અને ત્યાં હાજર થવાની ઈજાઝત તલબ કરો.

જે વરસે આપ રહ.ની વફાત થઈ એ છેલ્લા વરસે બયઅતની આ દરખાસ્ત આપની ખિદમતમાં આવી હતી.

આ પત્ર હઝરત ગંગોહી રહ.ની સેવામાં પહોંચ્યો પણ કોઈ કારણસર આપ રહ.ને જવાબ આપવામાં મોડું થયું. એટલે જહાં બેગમ તરફથી બીજો પત્ર લખવામાં આવ્યો. એટલે હઝરત ગંગોહી રહ. એ વિગતવાર જે જવાબ લખ્યો એ નીચે મુજબ છે :

આ બંદા ઉપર ઈનાયતની દષ્ટિ કરનાર !

સલામ મસ્નૂન પછી ..

તમને જાણ થાય કે, હું ખેરિયતથી છું અને તમારા માટે દુઆ કરી રહયો છું. નવાબ સુલતાન જહાં બેગમ તરફથી બયઅતની દરખાસ્ત બાબતનો તમારો પત્ર ઘણા દિવસ પહેલાં પહોંચી ગયો હતો. અલબત્ત અનેક કારણોસર મારી તબિયત હાલમાં કમઝોર રહે છે. અને જવાબ લખવા વિશે હું અસમંજસમાં હતો એટલે હજુ જવાબ લખ્યો ન હતો, અને તમારા તરફથી જવાબ માંગતો બીજો પત્ર આવી ગયો, એટલે હવે જવાબ લખાવી રહયો છું કે,

બયઅત બે મકસદે કરવામાં આવે છે. (૧) રાહે તરીકતની બરકતો અને નિસ્બત મેળવવા માટે. આ મકસદ મેળવવા માટે તો લાંબી મુદ્દત સુધી મુરશિદની સેવામાં રહેવું પડે છે. અને સ્પષ્ટ છે કે હું ત્યાં આવી શકું એમ નથી અને બેગમ સાહેબા અહિંયા આવે એ પણ મુનાસિબ નથી. અને એના વગર બયઅત બેકાર છે. (૨) બુઝુર્ગો સાથે સંબંધ અને અકીદત. આવી બયઅત દ્વારા ફકત સિલસિલામાં જોડાવાનો મકસદ હોય છે. એક તો હું આવી બયઅતને લાભદાયી નથી સમજતો અને બીજું આ કે આ બયઅતના કારણે રઈસા સાહેબા મારા ઉપર જે વિશેષ મહેરબાની કરશે એનાથી મને ઘણી પરેશાની રહેશે. અને પછી એ જ કારણે જરૂરતમંદ લોકો રોજે રોજ મને પરેશાન કરશે, એ બધામાં કોઈના માટે સિફારીશ કરવી યોગ્ય હશે તો કોઈના માટે નામુનાસિબ. અને એમ પણ જો રઈસા સાહેબાને મારા પ્રત્યે મુહબ્બત અને ઈખ્લાસ છે તો પછી આ મકસદ પૂરો થઈ જાય છે.

અને આ બધું છતાં જો એમને બઅયત થવાનો આગ્રહ હોય તો બે શરતો અનુસાર મને મંજૂર છે. એક આ કે મારા સાથે પહેલાંની જેમ જ વર્તાવ કરવામાં આવે. બયઅત થયા પછી કોઈ

ફરક ન આવે અને મારા ઉપર કોઈ એહસાન – ઉપકાર કરવામાં ન આવે. અને બીજી શરત આ કે આ બાબતને જાહેર કરવામાં ન આવે. આ બંને બાબતો સ્વીકાર હોય તો હું આ શરતે એમની બયઅત કુબૂલ કરું છું કે સુન્નત તરીકાની પાબંદી કરે અને બિદઅતોથી બચતાં રહે. સચ્ચાઈનો સાથ આપે, ન્યાય – ઈન્સાફ કરીને પ્રજાની સેવામાં મશગૂલ રહે. વસ્સલામ.

આ જવાબ પછી સામાન્ય પણે એમ જ કહી શકાય કે ભોપાલના બેગમ સાહેબાએ બયઅત થવાનો વિચાર માંડી વાળ્યો હશે. પણ વાસ્તવિકતા એવી નથી. ભોપાલના આ નવાબી ખાનદાનના એહવાલથી વાકેફ લોકો જાણે છે કે આ ખાનદાન દીન – શરીઅતને પોતાની પૂંજી સમજે છે. આ ખાનદાનમાં હાફિજે કુરઆન હોવું જરૂરી છે. ઝિક્ર અને તસ્બીહાતની પાબંદી પણ જરૂરી છે. મુળ અફગાન વંશનું આ ખાનદાન અહલે સુન્નત વલ જમાઅતના મસ્લકને અનુસરતું હતું. એટલે નવાબ સુલતાન જહાં બેગમે આ પત્રનો જવાબ લખાવીને ભોપાલના વડા કાઝી મવલાના મુહયુદ્દીનને પોતાના એલચી તરીકે જવાબી પત્ર લઈને હઝરત ગંગોહી રહ.ની સેવામાં મોકલ્યા. એક બાદશાહે એક ફકીરના નામે લખેલા આ પત્રમાં લખ્યું હતું કે,

આપના પત્રના જવાબમાં મુન્શી મન્સબ અલી દ્વારા લખવામાં આવેલ લેખિત જવાબ લઈને રિયાસતના કાઝી સાહેબ આપની સેવામાં હાજર થઈ રહયા છે. મુન્શી મન્સબ અલી સાહેબના લખાણ અને મહેરબાન કાઝી સાહેબ જે કંઈ મોખિક રજુઆત કરશે એનાથી મારો મકસદ આપની સમક્ષ સ્પષ્ટ થઈ જશે. આશા છે કે આપના ફૈઝથી મને ફાયદો પહોંચશે. ઈન્શાઅલ્લાહ. વસ્સલામ. ૨, રબીઉલ આખર. ૧૩૨૩ હિ.

સુલતાન જહાં બેગમની બયઅતના આ કિસ્સાને જોતાં કહી શકાય છે કે હજમાંથી આવીને બયઅત થવા માટેની તલબ વધી જવી અને એક પછી એક પત્ર લખવા અને જવાબ માટેની એમની આતુરતામાં આ ભેદ છુપાયેલો હતો કે હઝરત ગંગોહી રહ.ની વફાતનો સમય નજીક હતો અને

તકદીર મુજબ એમના બઅયત થવાનું નક્કી હતું એટલે એમની બેચેનીએ જોર કર્યું, એક પછી બીજો પત્ર લખ્યો અને જવાબ મળતાં જ એક સન્માનીય એલચી સાથે જવાબ મોકલ્યો. ૬ રબીઉલ આખરના રોજ હઝરત ગંગોહી રહ.એ બયઅત મંજૂર ફરમાવી, ભોપાલના વડા કાજી આ ખુશખબર લઈને ભોપાલ પરત ફર્યા અને બે મહીના પછી જ ૯ જમાદિલ આખર ૧૩૨૩ હિ.ના રોજ આપ રહ.ની વફાત થઈ.

ભોપાલના વડા કાજી મુહયુદ્દીન મુરાદાબાદી રહ. જેમના મારફત બેગમ સુલતાન જહાંએ એમનો પત્ર હઝરત ગંગોહી રહ.ની સેવામાં મોકલાવ્યો હતો, એમને પાછળથી હઝરત શૈખુલ હિન્દ રહ.ની રેશમી રૂમાલ ચળવળમાં ભાગ લેવાના કારણે પોતાનો હોદ્દો છોડવો પડયો હતો અને મુરાદાબાદ પાછા આવી ગયા હતા.

આ કિસ્સામાં મહત્વની બાબત બુઝુર્ગોની બેનિયાઝી છે. વિશેષ કરીને ચિશ્તીયા મશાઈખની આદત રહી છે કે તેઓ સત્તાધારીઓ, અફસરો, અને અમીરોથી દૂર રહે છે. સુલતાન, વઝીર કે અમીરોના બયઅત થવાથી માલ દોલતના ફાયદો થવાની લાલચ દિલમાં આવે છે. અને એમાં જ નેક માણસની કસોટી છે. હઝરત ગંગોહી રહ.એ માલ – એહસાનનો આ દરવાજો પહેલેથી જ બંધ કરીને શરત કરી દીધી હતી કે મારા ઉપર કોઈ એહસાન કરવામાં ન આવે.

નોટ : બેગમ સુલતાન જહાંની બયઅત વિશેની આ બધી વિગત તઝકિરતુર્રશીદના હવાલાથી અત્રે વર્ણન કરવામાં આવી છે. હઝરત મવલાના નૂરુલ હસન રાશિદ કાંધલ્વી દા.બ.ના લખવા મુજબ આ વર્ણનમાં ઘણી બધી વાતો શામેલ નથી, અને અધૂરી છે. પૂરી વિગત એમણે પોતાના મેગેઝિન અહવાલ વ આષાર, ત્રિમાસિક, ઓકટોબર ૨૦૧૫ના અંકમાં આપી છે. એમના લખવા મુજબ તઝકિરતુર્રશીદમાં ફકત બે પત્રોનું વર્ણન છે. અને બીજા બે પત્રો વિશે કંઈ લખવામાં આવ્યું નથી. વધુ વિગત એમણે ઉપરોકત મેગઝિનમાં જોઈ શકાય છે.

*(મશાઈખે ચિશ્ત. ભાગ : ૨, માંથી સાભાર)*

# એહસાન, બરાબરી અને શોષણ

જયારે કોઈ માણસ કે કુટુંબ કે જમાત કોઈ મુસીબતમાં પરેશાન હોય ત્યારે એમની સાથે લોકોનું વર્તન કેવું હોવું જોઈએ ? આ વિશે ઈસ્લામની ઘણી જ સ્પષ્ટ તાલીમ અને તાકીદ છે કે જયાં સુધી શકય હોય મુસીબતમાં ફસાયેલા લોકો ઉપર એહસાન કરવામાં આવે. અલબત્ત બીજા દરજા એની ગુંજાઈશ પણ છે કે બરાબરીનો મામલો કરવામાં આવે.

એહસાન કરવાનો મતલબ આ છે કે મદદ કરનાર જે કંઈ મદદ કરવામાં આવે એનું કોઈ વળતર ન માંગે. બધું પોતાના ખર્ચે કે પોતાના નુકસાને કરે. જેમ કે કોઈ વસ્તુની કીમત ૧૦૦ રૂપિયા છે, અને કોઈ જરૂરતમંદ ૧૦૦ રૂપિયા આપી શકે એમ નથી તો શકય હોય અને તાકત હોય તો મફત આપી દે, ૮૦ કે ૫૦ની આપી શકતો હોય તો આપી દે અને પૂરી કીમત અથવા જેટલી ખમી શકાય એટલી ખોટ પોતે ખમી લે. આ એહસાનનો હુકમ છે. આ રીત સૌથી બેહતર છે. આવા માણસો અલ્લાહ તઆલાને વિશેષ પ્યારા અને પસંદ છે. એમના વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે : "અલ્લાહ તઆલા મુહસિન લોકોને પસંદ ફરમાવે છે."

બીજા દરજો બરાબરીનો છે. બરાબરીનો મતલબ આ છે કે પોતે પણ કોઈ નુકસાન ઉઠાવે નહીં અને બીજાને નુકસાન પહોંચાડયા વગર એની મદદ કરી દે. જેમ કે ૧૦૦ રૂપિયાની કીમતની વસ્તુના ૧૦૦ રૂપિયા જ લેવામાં આવે. ભલેને ખરીદનાર જરૂરતમંદ કે ગરીબ હોય. શરીઅત મુજબ માણસે એહસાન ઉપર અમલ કરવો બેહતર છે અને બરાબરી ઉપર અમલ કરવો વાજિબ – જરૂરી છે.

એહસાન અને બરાબરીના મુકાબલામાં એક ત્રીજા તરીકો શોષણનો છે. શોષણ એટલે કોઈની મજબૂરીનો ખોટો ફાયદો ઉઠાવવામાં આવે. જેમ કે કોઈ માણસને એક ખાસ વસ્તુની ખરીદ કરવી મજબૂરી છે. આવામાં વેચનાર એની મજબૂરીનો ફાયદો ઉઠાવીને ૧૦૦ રૂપિયાની વસ્તુ એને હઝાર કે પાંચસોમાં વેચે. કોઈ જગ્યાએ જવાનું રિક્ષા કે ટેકસી ભાડું ૧૦૦ રૂપિયા હોય પણ જરૂરત અને મજબૂરીનો ફાયદો ઉઠાવીને ૨૦૦ રૂપિયા લેવામાં આવે. આ શોષણ અને ઝુલમ કહેવાશે.

હદીસ શરીફમાં આવી રીતે કોઈ મજબૂર સાથે ખરીદ કે વેચાણનો સોદો કરવાને હરામ ઠેરવવામાં આવ્યું છે.

આવા શોષણ અને ઝુલમનું એક ઉદાહરણ આ છે કે કોઈ વેપારી ગામડેથી એનો સામાન લઈને શહેરમાં વેચવા આવે છે અને આશા છે કે એ સસ્તા ભાવે માલ વેચીને સાંજે પાછો જતો રહેશે. આવી સ્થિતિમાં શહેરના વેપારીઓ કે કોઈ વેપારી એનો માલ એક સામટો સસ્તા ભાવે ખરીદી લે છે. અને પછી શહેરના લોકોને એ જ મોંઘા ભાવે વેચે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આમ કરવાને પણ મના ફરમાવ્યું છે. આમ કરવામાં સામાન્ય લોકો ઉપર ઝુલમ છે. એમને જે ફાયદો પહોંચવાનો હતો એ રોકી લીધો અને બધો નફો પોતે કમાઈ લીધો.

એક ઉદાહરણ હરાજીનું પણ છે. અમુક લોકોનો ઈરાદો હરાજીમાં કોઈ વસ્તુ લેવાનો નથી હોતો. પણ તેઓ બોલી લગાવીને વસ્તુની કિમત મોંઘી કરતા જાય છે અને આખરે જેને સાચી જરૂરત હોય છે એણે મોંઘી કિમતે લેવી પડે છે. જે એના ઉપર ઝુલમ છે. વેચનાર તો સસ્તા ભાવે વેચવા તૈયાર હતો, પણ ફકત કોઈને નુકસાન કરવા ખાતર એક માણસ વસ્તુ મોંઘી થાય ત્યાં સુધી ભાવ બોલે છે ને પછી ચુપ થઈ જાય છે. ઘણીવાર હરાજી કરનાર પોતે આવા કોઈ માણસને નક્કી કરે છે. એ પણ ખોટું છે. કોઈ વસ્તુની વધારે કીમત લેવી હોય તો પહેલી બોલી જ એ ભાવથી બોલવામાં આવે. પણ લોકોને ધોકો આપવો ખોટો છે.

આજ કાલ મોટી હરાજીઓમાં અમુક પાર્ટીઓ ભેગી મળીને રિંગ બનાવી લે છે, અને બધા નક્કી કરી લે છે કે કોઈએ પણ આપસમાં નક્કી કરેલા ભાવથી વધારે ભાવ બોલવો નહીં, દા.ત. કોઈ મોટા સ્ટોકની હરાજીમાં હાજર બધા વેપારીઓ પોતાની રીતે ભાવ લગાવત તો વસ્તુનો ભાવ લાખ રૂપિયા સુધી જત, પણ બોલીમાં મોજૂદ બધાએ મસલત કરીને નક્કી કરી લીધું કે પચાર હઝારથી વધારે કોઈ બોલવાનું જ નહીં. આમ વેચનાર નાછુટકે આ ભાવે વેચી દે છે, પણ આ રીંગ બનાવીને મસલત કરનાર વેપારીઓ આપસમાં બોલી લગાવે છે. અને પચાસ હઝારથી વધારે જે રકમ આવે આપસમાં વહેંચી લે છે. આ સુરતમાં વેચનારનું નુકસાન છે અને એના ઉપર ઝુલમ છે. આ રીત પણ શરીઅતની દષ્ટિએ ખોટી છે. ● ● ● ● ● ●

# કુરઆન અને વહી શું છે ? બુનિયાદી જાણકારી

કુરઆન શરીફ અલ્લાહની કિતાબ છે. અલ્લાહનું કલામ છે. અલ્લાહ તઆલો ફરમાવેલ વાતો અને હુકમો છે. આપણે બધા એને 'કુરઆન'ના નામે જાણીએ છીએ. કુરઆન વિશે બીજી અમુક જરૂરી અને ઉપયોગી જાણકારી આપણે આ લેખમાંથી મેળવીશું.

અમુક તફસીરકારોએ જેમ કે અલ્લામહ અબુલ મઆલી રહ.એ લખ્યું છે કે કુરઆનના ૫૫ નામો છે. અને અમુક લોકોએ ૯૦ થી વધારે નામો કુરઆનના ગણાવ્યા છે. અલબત્ત સાચી વાત આ છે કે કુરઆનના પોતાના અસલી નામો પાંચ છે. બીજા બધા નામો નથી. બલકે ગુણો છે. જેમ કે કુરઆનમાં જ કુરઆન વિશે કરીમ, મજીદ, હકીમ વગેરે ગુણો વર્ણવવામાં આવ્યાં છે, એ બધા કુરઆનના નામો નથી બલકે ગુણો અને ખૂબીઓ છે.

ઉલમાના મતે કુરઆનમાં જ કુરઆનના અન્ય ચાર નામોનું વર્ણન છે. આમ કુલ નામો પાંચ છે. કુરઆન. ફુરકાન. ઝિકર, કિતાબ તન્ઝીલ.

એમાં સૌથી વધારે મશહૂર નામ 'કુરઆન' છે. અલ્લાહ તઆલાએ કુરઆનમાં જ આ નામ લગભગ ૬૧ વાર વર્ણવ્યું છે.

અરબી મુજબ આ શબ્દનો પ્રથમ અર્થ છે : ભેગું કરવું. પાછળથી આ શબ્દ કોઈ વસ્તુ પઢવા – વાંચવાના અર્થમાં પણ વપરાવા લાગ્યો. અરબી મુજબ આ શબ્દનું ક્રિયાપદ કે કર્મવાચકનામ 'કુરઆન' છે. આમ કુરઆન શબ્દનો અર્થ છે : વાંચવું અથવા વંચાય એવી વાતો.

અલ્લાહ તઆલાની આ કિતાબને આ નામ શા કારણે આપવામાં આવ્યું એ વિશે ઉલમા લખે છે કે, જયારે અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વહી ઉતારવાની શરૂ ફરમાવી અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત એ લોકોને સંભળાવવામાં આવી તો મક્કાના લોકોને આ વાતો ગમી નહીં, એમાં

એમને નસીહત હતી કે બુરાઈઓ, ગુનાઓ, મુર્તિપૂજા વગેરે છોડી દયો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુખે આ બધી વાતો સાંભળવી ન પડે એટલે એમણે નક્કી કર્યું કે જયારે પણ મુહમ્મદ થકી આ વાતો સંભળાવવામાં આવે તો શોર બકોર કરો અને સાંભળો જ નહીં.

આમ એમનો આશય હતો કે એમના શોર બકોર અને દેકારા – પડકારાના કારણે મુહમ્મદને કુરઆન પઢવા – સંભળાવવાનો મોકો જ ન મળે અને અંતે અલ્લાહની વહીની હાલત એવી થઈ જાય કે કોઈ એને પઢવા – સાંભળનાર જ ન રહે. એટલે અલ્લાહ તઆલાએ આ કિતાબનું નામ જ કુરઆન નક્કી ફરમાવ્યું : એટલે કે એવી કિતાબ જે પઢવાની છે, વાંચવાની છે. અલ્લાહનો મુકાબલો કોણ કરી શકે ? અલ્લાહ તઆલાએ જયારે નક્કી કરી દીધું કે આ કિતાબ પઢવા – વાંચવા અને સાંભળવા – સંભળાવવાની છે, તો આજની સ્થિતિમાં લોકો દ્વારા આ કિતાબ વિશ્વભરમાં સૌથી વધારે પઢવા – વાંચવામાં આવે છે.

તફસીર વિદ્યા મુજબ કુરઆનની વ્યાખ્યા નીચે મુજબ છે :

القرآن ، هو المنزل على الرسول ، المكتوب فى المصاحف ، المنقول إليه نقلاً متواترا بلا شبهة

એટલે કે કુરઆન અલ્લાહ તઆલાનું એ કલામ છે : અલ્લાહના રસૂલ ઉપર ઉતારવામાં આવ્યું છે. જે મસાહિફ એટલે કે કુરઆનના સ્વરૂપી કિતાબોમાં લખાયેલ આપણી પાસે છે, અને અલ્લાહના રસૂલથી લઈ આપણા સુધી કોઈ શક – શંકા વગર દરેક કાળે એટલા બધા લોકોના પઢવા, શીખવા, શીખવાડવા અને લખવા – વાંચવા થકી પહોંચ્યું છે કે એટલા બધા માણસોએ એક સમાન રીતે શીખેલ શીખવાડેલ વાત ખોટી હોય જ ન શકે.

કુરઆન શરીફ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર 'વહી' મારફતે ઉતારવામાં આવ્યું હતું. એટલે 'વહી' શું છે, એની જાણકારી પણ જરૂરી છે.

અરબી ભાષા મુજબ વહી શબ્દનો અર્થ કોઈ વાત જલદીથી સમજાવી દેવાનો છે. ચાહે ઈશારો કરીને હોય કે કોઈ અવાઝ કાઢીને હોય કે કોઈ

હાથ પગ કોઈ અવયવ હલાવીને.. વગેરે.

કુરઆનમાં આ શબ્દ બે પ્રકારે વપરાયો છે. કયાંક અરબી શબ્દ أوحينا વિવિધ સ્વરૂપે વપરાયો છે. અને કયાંક وحى. કુરઆનમાં જે પ્રમાણે આ શબ્દોનો પ્રયોગ છે એનો અભ્યાસ કરીને ઉલમા લખે છે કે પ્રથમ શબ્દનો ઉપયોગ અલ્લાહ તઆલા અને એના નબીઓ વચ્ચે થતી વાત ચીત ઉપરાંત અન્ય લોકો વચ્ચેની વાત વગેરે માટે પણ વપરાય છે. જયારે કે 'વહી' શબ્દ ફકત અલ્લાહ તઆલા તરફથી એના નબીઓને કહેવામાં આવતી વાતો માટે જ વપરાય છે.

ખુલાસો આ છે કે 'વહી' એક એવું માધ્યમ છે જેના થકી અલ્લાહ તઆલા એના નબીઓને પોતાની વાત મોકલાવે છે અને સંભળાવે છે. અને પછી નબીઓ – રસૂલો આ વાતોને લોકો સુધી પહોંચાડે છે. આ માધ્યમનો અલ્લાહના અને એના રસૂલો – નબીઓ વચ્ચેનું જ છે, એટલે એની કેફિયત કેવી હોય છે, કેવી રીતે શરૂ થાય છે અન પુરું થાય છે, શું અનુભવાય છે, સંભળાય છે, વગેરે બાબતો બીજા માણસો માટે સમજવી શકય નથી. અલબત્ત જયારે અલ્લાહ તઆલાની વહી આવતી ત્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર જે કેફિયત છવાતી અને આ કેફિયત વિશે જે કંઈ સમજ આપતા તેમજ જે કંઈ સહાબા રદિ. જોતા હતા એ બધું સામે રાખીને તફસીર વિદ્યાના વિદ્વાનો લખે છે કે વહી આવવા અને ઉતરવાની પણ અમુક રીતો હતી. જે પૈકી અમુક રીતો નીચે મુજબ છે.

દિલની વહી. : એટલે કે અલ્લાહ તઆલા કોઈ વાત એના નબી – રસૂલમાં નાંખે દે, અને એમને યકીન થઈ જાય કે મારા દિલમાં આ વાત અલ્લાહ તઆલા તરફથી જ આવી છે. એમાં કોઈ અવાજ નથી સંભળાતી કે કોઈ ફરિશ્તો પણ નબી – રસૂલ પાસે આવતો નથી. આવું બેદારીમાં પણ થઈ શકે છે અને ઊંઘમાં એટલે કે ખ્વાબમાં પણ. હઝરત ઈબ્રાહીમ અલૈ.ને ખ્વાબમાં બેટાને ઝબહ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો, અને એમણે એ મુજબ કરવાની કોશિશ કરી હતી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પણ ખ્વાબમાં અનેક વાતો અલ્લાહ

તઆલા તરફથી દર્શાવવામાં આવી હતી. એટલે જ એક હદીસમાં સાચા ખ્વાબને નબુવ્વતનો એક અંશ ગણવામાં આવ્યો છે.

અલ્લાહ તઆલાની સીધી વાત. : એટલે કે અલ્લાહ તઆલા કોઈ નબી – રસૂલ સાથે સીધી રીતે આમને સામને વાત ચીત ફરમાવે. એમાં પણ કોઈ ફરિશ્તો વચ્ચે નથી હોતો. અલબત્ત નબીને કોઈ વિશેષ અવાઝ જરૂર સંભળાય છે. જે લોકો અને મખ્લૂકની અવાજથી બિલ્કુલ જુદી હોય છે. એનો એહસાસ પણ અનોખો હોય શકે છે. પણ નબીઓ સિવાય કોઈએ એને અનુભવી જ નથી એટલે એની સાચી કેફિયત વર્ણવવી શકય નથી. હઝરત મુસા અલૈ. સાથે તૂર પહાડ ઉપર અલ્લાહ તઆલાએ વાત ફરમાવી હતી. મેઅરાજ વેળા જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાને મળવા અર્શ ઉપર તશરીફ લઈ ગયા ત્યારે અલ્લાહ તઆલાએ સીધી રીતે વાત ચીત ફરમાવી હતી. આવી રીતે અલ્લાહ તઆલા સાથે વાત ચીત થાય છે ત્યારે પણ અલ્લાહ તઆલા અને નબી વચ્ચે એક વિશેષ પરદો અને નુરનું આવરણ હોય છે.

ફરિશ્તાઓ દ્વારા વહી. : એટલે કે અલ્લાહ તઆલા કોઈ ફરિશ્તાને મોકલીને વહી એના નબી સુધી પહોંચાડે. કદી આ ફરિશ્તો નજર આવે છે અને કદી નહીં. અને ફરિશ્તો નજર આવે તો કદી અસલી શકલમાં દેખાય તો કદી કોઈ માસણની શકલમાં.. નબીઓ અને રસૂલો ઉપર મોકલવામાં આવતી વહી માટે અલ્લાહ તઆલાએ વધુ પડતો આ જ તરીકો અપનાવ્યો છે.

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

ما کان لبشر أن یکلمه الله إلا وحیا أو من وراء حجاب أو یرسل رسولاً
فیوحی بإذنه ما یشاء (الشوری : ٥١)

તરજમહ : કોઈ માણસ માટે શકય નથી કે અલ્લાહ એની સાથે રૂબરૂ વાત કરે, અલબત્ત અલ્લાહ તઆલા દિલમાં વાત નાંખીને વાત કરે છે અથવા પરદા પાછળ રહીને (સીધી રીતે) વાત કરે છે અથવા કોઈ એલચી (ફરિશ્તો) મોકલે છે, જે અલ્લાહના હુકમ મુજબ અલ્લાહ ચાહે એ પ્રમાણે વહી આપે છે.

● ● ● ● ● ● ● ● ● ● ●

# મવલાના મુહમ્મદ કાવી રહ.

*મવ. મુફતી ઈબ્રાહીમ બરોડવી સા. યુ.કે.*

હઝ. મવલાના મુહમ્મદ સાહેબ રહ. વિશે યુ.કે સ્થિત એમના નેક અને સાલેહ સાહબઝાદહ મવ. મુફતી ઈબ્રાહીમ સાહેબ દા.બ.નો આ લેખ અમારી પાસે પહોંચી ગયો હતો, અલબત્ત કોઈ કારણસર પાછલા અંકના સંપાદન વેળા રહી ગયો હતો. મુફતી સાહેબે દીકરા હોવાના કારણે મવ. રહ. વિશે ઘણી મર્યાદામાં રહીને અમુક વાતો લખી છે. જે કંઈ લખ્યું છે એના કરતાં મરહૂમની ખૂબીઓ, નેકીઓ અને ઈબાદતો ઘણી વધારે હતી. અલ્લાહ તઆલા મવ. રહ.ની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસ અતા ફરમાવે.

આ દુનિયા ગુજરગાહ છે, સાચી વાત તો આ છે કે જીવન જ મરવાનું કારણ છે, કુર્આને કરીમનું આ કથન છે કે "كل نفس ذائقة الموت"દરેક જીવિત વસ્તુએ મોતનો સ્વાદ ચાખવાનો છે, એટલે કે દરેક જીવિત વસ્તુએ મરવાનુ જ છે, અગર કોઈ વ્યકિત હંમેશા માટે બાકી રહનાર હોત, તો તે અલ્લાહ તઆલાના સૌથી વધુ મહબૂબ બંદા એટલે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જાતે બા બરકત હોત, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પર ગમગીન અને રંજિદા થનાર માટે પણ અલ્લાહ તઆલાનું કથન છે:

"وما جعلنا لبشر من قبلك الخلد،افئن مت فهم الخالدون"

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલાં કોઈના માટે હંમેશા રહેવાનું અમે નકકી કર્યું નથી, અને અગર તમારી વફાત થઈ જશે તો શું તે લોકો હંમેશા દુનિયામાં રહેવાના છે ? જાહેર છે કે કોઈએ આ દુનિયામાં હંમેશા રહેવાનું નથી, તેમજ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત વિશે કુર્આને કરીમમાં છે: إنك ميت و إنهم ميتون નિઃસંદેહ તમારી વફાત થવાની છે અને તે લોકોની પણ વફાત નકકી જ છે.

પરંતુ અમુક લોકો સાથે માણસનો અતુટ સંબંધ હોય છે, જેમની યાદો હંમેશા સાથે રહે છે, યાદ આવતા રહે છે, તેવો જ એક અતુટ સંબંધ માતા–પિતા અને અવલાદનો, મુરશીદ અને મુરીદનો હોય છે.

૩/નવેમ્બર/૨૦૨૩ના યુ.કે.ના વખત મુજબ ૧૧:૫૦ના મદરસમાં

પઢાવીને ઘરે પહોંચ્યો, તો શરીકે હયાતના મોઢા પર પરેશાની દેખાતી હતી. તેને નિહાળી કહયું : બધું હેમખેમ છે ? ખૈરીયત છે ? તો તસલ્લી આપતાં મારા હાથેથી કિતાબ લેતાં અરજ કરી કે વાલિદ સાહબનો ઈન્તેકાલ થઈ ગયો...ઈન્નાલિલ્લાહી... ધ્રાશકો લાગ્યો અને દિલમાં વિચાર આવવા લાગ્યો ગઈ કાલે તો ખૂબ તંદુરસ્ત હતા, વાતચીત પણ કરી હતી, ચાલતા ફરતા હતા, કોઈ બિમારીનો પણ અસર વિગેરે ન હતું, ન તો પથારીવશ હતા અને ન મરણપથારી પર હતા, અગર એમ કંઈક હોત તો તરત જ ભારતમાં હાજર થઈ જત, ખૈર, અલ્લાહ તઆલાની મરજી. ઘણી વાર બને છે કે તંદુરસ્ત વ્યકિત મોતને ભેટે અને બિમાર વ્યકિત તંદુરસ્ત થઈ વરસો સુધી જિવીત રહે, અલ્લાહ તઆલાના કામોની હિકમતો અને રાઝ ફકત તે જ જાણે છે.

પાસપોર્ટ પર લખયા મુજબ મારા વાલિદ સાહબનો જન્મ સન :૧૯૪૨માં થયો હતો, અમારા દાદાનો ઈન્તેકાલનો ઈન્તેકાલ વર્ષો પહેલા થઈ ગયો હતો, દાદી હયાત હતા અને આપે જ મારા વાલિદ સાહબની પરવરીશ કરી હતી, સન ૧૯૬૨–૬૩માં વાલિદે મુહતરમે જામિઅહ હુસૈનિય્યહ રાંદેરથી ફરાગત હાસિલ કરી, કારણકે આપના કહેવા મુજબ સન ૧૯૬૪માં આપે વડોદરા હાથીખાનામાં ઈમામત અને દીની તાલીમની જવાબદારી સંભાળી લીધી હતી, છેલ્લા શ્વાસ સુધી આ જવાબદારી બજાવતા રહયા,૧૯૭૦થી ૮૦ના દાયકાના કાવી ગામ છોડી વડોદરામાં દીની ખિદમત અર્થે સ્થાયી થનાર પ્રથમ વ્યકિત મારા વાલિદ સાહબ(રહ.)હતા, તે સમયે કાવી ગામના ઉલમામાંથી વડોદરામાં દીની ખિદમત બજાવનાર ફકત મારા વાલિદ સાહબ હતા, ત્યાર બાદ હઝરત મવલાના અબ્બાસ સાહબ(રહ.)ખજૂરી મસ્જિદના ઈમામ, હઝરત મવલાના ઈસ્માઈલ સૂફી(રહ.),હઝરત મવલાના વલી ઈસા(ઝિ.મ.)અને હઝરત મવલાના યૂસુફ કાહડછા(ઝિ.મ.)જેમાંથી પ્રથમ બે ચાલ્યા ગયા અને છેલ્લા બે હયાત છે; એટલે કે મવલાના અબ્બાસ સાહબ અને મવલાના ઈસ્માઈલ સાહબ(રહ.)મોત સુધી દીની વિવિધ પ્રકારની દીની, મિલ્લી અને કૌમી ખિદમતો આપી અલ્લાહ તઆલાના દરબારમાં હાજર થઈ ગયા, જયારે કે છેલ્લા બે એટલે કે મવલાના વલી ઈસા અને મવલાના યુસુફ સાહબ (મ.ઝિ.)હયાત છે અને દીની ખિદમતોમાં પરોવાયેલા છે.(અલ્લાહ

તઆલા તેમના જિવનમાં આફિયત સાથે બરકત આપે.આમીન)

મારા વાલિદ સાહબની શાદી તેમના પઢવાના સમયમાં જ થઈ ગઈ હતી, જેના લઈ દર્સે નિઝામીના  છેલ્લા વર્ષોમાંથી કોઈ બે વર્ષો (હિદાયા–મિશ્કાત અથવા મિશ્કાત–દોરએ હદીસ)એક સાથે પઢયા હતા, મારા મત મુજબ તે સમયે આ પ્રમાણે રિવાજ હશે, કારણ કે ઘણા લોકો વિશે આ પ્રમાણે જાણવા મળ્યું છે કે તેઓએ બે વર્ષો સાથે પુર્ણ કર્યા હતા, તે સમયના જામિઅહ રાંદેરના મુહતમીમ હઝરત મવલાના સઈદ સાહબ(રહ.),શૈખુલ હદીસ હઝરત મવલાના અહમદુલ્લાહ સાહબ રાંદેરી ઉર્ફે બુલબુલે ગુજરાત (રહ.) હઝરત મુફતી ઈસ્માઈલ વાડીવાલા સાહબ(રહ.)હઝરત મવલાના અલી સાહબ ખાનપૂરી(રહ.) તેમજ બીજા નામાંકિત ઉલમા જામિઅહ રાંદેરની રોનક હતા, તેઓના થકી જ જામિઅહ વિશ્વ પ્રખ્યાત થયો અને બુલંદી તેમજ તરક્કીના શિખરો ખેડતો ગયો, જે આજે પણ તે જ બુલંદીઓ પર છે. (અલ્હમ્દુલિલ્લાહ)

મારા વાલિદ સાહબ હઝરત મવલાના સઈદ સાહબ(રહ.)અને હઝરત મવલાના અહમદુલ્લાહ(રહ.)ના મન્જૂરે નઝર, મહબૂબ, પ્રિય અને પ્યારા હતા, તેઓના ખાસ ખિદમતકારોમાં આપનો સમાવેશ થતો હતો, ઉપરોકત ઉલમાના વડોદરા તરફ સફર થતા, વિશેષરૂપે તબ્લીગી સફર થતો તો તે લોકો અમારા વાલિદના ત્યાં જ રાતવાસો ફરમાવતા. ફરાગત પછી શરૂઆતમાં જંબૂસર તાલૂકાના નાનકડા ગામ ''ટુંડજ''માં છ મહીના દીની ખિદમત બજાવી, ત્યાર બાદ હઝરત મવલાના યાકૂબ કાસ્મી(રહ.),હઝરત મવલાના સઈદ સાહબ અને હઝરત મવલાના અહમદુલ્લાહ(રહ.)ના હુકમ અનુસાર વડોદરા, હાથીખાના સ્થળે તશરીફ લાવ્યા અને ત્યાંના જ થઈને રહી ગયા, તે સમયે હાથીખાનાનો ઈલાકો બિદઅત અને વિવિધ બુરાઈઓનું ગઢ હતો. આપ રહ.એ ૫૦વર્ષ સુધી એક જ મસ્જિદમાં ઈમામત અને પઢાવવાની ખિદમત આપી,

અંદાજો લગાવી શકાય છે કે આટલા લાંબા સમયમાં કેટલા ઉતાર–ચઢાવ આવ્યા હશે,કેટલી તકલીફોથી વેઠવી પડી હશે, કયારેક તો મુસલ્લીઓ તરફથી તો કયારેક ટ્રસ્ટીઓ તરફથી..છ દસકા સુધી એક જગ્યાએ ખિદમત

બજાવવાની સૂરતમાં ઘણી મસ્જિદ કમીટીઓ બદલાઈ તો ઘણા ટ્રસ્ટીઓની ફેરબદલ થઈ, પરંતુ આ તમામ લોકો સાથે આપનું વર્તન અને વર્તુક ખૂબ જ મુહબ્બતભરી અને લાગણીશીલ રહી.

હઝરત જુનૈદ બગદાદી(રહ.)સાથે ખિદમતમાં એક વ્યકિત લાંબા સમય સુધી રહયા, છેવટે તે ત્યાંથી આ શબ્દો કહેતાં કહેતાં જવા લાગ્યા કે મને તો હઝરતમાં કોઈ કરામત જ નજર નથી આવતી, હઝરત જુનૈદ બગદાદી રહ.એ ફરમાવ્યું કે કોઈ કાર્ય સુન્નતે નબવી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિરૂદ્ધ જોવા મળ્યું ? તો તે વ્યકિતએ કહયું કે નહી, કોઈ પણ કાર્ય સુન્નતના વિરૂદ્ધ તો નથી જોવા મળ્યું, તો આપ રહ.એ ફરમાવ્યું કે સુન્નત પર ઈસ્તિકામત હઝાર કરામતોથી વધીને છે, સાચે જ પુરું જીવન સુન્નત મુતાબિક ગુઝારવું તે પણ એક કરામત જ છે. સાચે જ મેં પુરૂ જીવન વાલિદ સાહબને સુન્નતના પાબંદ નિહાળ્યા, કયારે પણ સુન્નતના ખિલાફ કોઈ પણ કામ કરતા જોવા મળ્યા નથી. તેમજ દરેક પ્રકારના હાલાતમાં સુન્નતે નબવીને કાયમ અને જીવંત કરવાના ઈરાદાથી છેલ્લા શ્વાસ સુધી મહેનત કરતા રહયા, આ વાલિદ સાહબ રહ.ની મોટી કરામત હતી, અલ્લાહ તઆલા આપણ સૌને પણ સુન્નતે નબવી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પાબંદ બનાવે અને તેને જીવંત કરવાની મહેનતો કરવાની તવફીક આપે.આમીન.

મને ખૂબ યાદ છે કે વાલિદ સાહબ જયારે વડોદરા–હાથીખાનામાં ખિદમત આપવા માટે તશરીફ લાવ્યા હતા, ત્યારે મસ્જિદ જુની હતી, દિવારો પણ તુટી જાય તેમ હતી, તેમજ રહેવાનું મકાન પણ કાચુ હતુ, મસ્જિદ અને મકાન પર છાપરા લાગેલા હતા, જેના લઈ ત્રણેવ સિજનમાં મસ્જિદમાં નમાઝ પઢવું તેમજ મકાનમાં રહેવું મુશ્કેલ કામ હતું, ૧૯૬૪ થી ૧૯૭૫ સુધી વાલિદ સાહેબે મસ્જિદના નવયુવાન મુસલ્લીઓ પર મહેનત કરી તેમને હિકમત, પ્યાર અને હમદર્દીથી તૈયાર કર્યા, ત્યાં સુધી કે હાથીખાના મસ્જિદ બિદઅતથી પાક થઈ તબલીગના મરકજ જેમ બની ગઈ અને મસ્જિદ નમાઝીઓ માટે નાની માલુમ પડવા લાગી, જેના લઈ વાલિદસાહેબ અને મસ્જિદના ટ્રસ્ટીઓએ નવી મસ્જિદ બનાવવાની મહેનત શરુ કરી, વાલિદ સાહેબે માલી હેસિયત ધરાવતા લોકોથી રોકડ રકમ લેવાના બદલે મસ્જિદ

બનાવવા માટે કાચો માલ એટલે કે સિમેન્ટ, રેતી,વિગેરે લેવાનું નક્કી કર્યું, આ પ્રમાણે કરવામાં એક હિકમત આ પણ હતી કે રોકડ રકમ લેવામાં તોહમત અને બદનામીનો ભય રહે છે, જ્યારે કે કાચો માલ લેવામાં આ પ્રમાણે ભય નથી રહેતો અને ઈજ્જત સલામત રહે છે, તેમજ આપે નવયુવાનને એ પ્રમાણે તૈયાર કર્યા હતા કે મસ્જિદનો સ્લેપ અને ધાબુ મજુરોએ નહી નવયુવાનોએ સવાબ પ્રાપ્ત કરવા જાતે પોતે ભર્યો હતો.

***અવલાદની તરબિયતની ફિકર***

આપે ઘણી ફિકર કરી નાની ઉંમરે જ મને હાફિજે કુર્આન બનાવ્યો હતો, સબક અને સબકપારો સંભળાવવા દારૂલ ઉલૂમ બરોડામાં અમુક વાર ચાલતા તો અમુક વાર મવલાના ઈબ્રાહિમ બદાત સાથે સાઈકલ પર જવાનું થતું, બપોરના સ્કુલ જતો અને દરરોજ રાતના વાલિદ સાહેબ મારું દોર સાંભળતા હતા અને તે સમયથી તેમને મારા કુર્આનની મારા કરતાં વધારે ફિકર રહેતીહતી, આ બાબતે અત્રે એક કિસ્સો રજુ કરું છું, જ્યારે મારું પઢવાનું પુરું થયું તો જામિઅહ ઉલૂમુલ કુઆનમાં મારી નિમણુક થઈ અને ત્યારથી મદરસાની અમુક જવાબદારીઓના લઈ રમજાનમાં તરાવીહ પઢાવવું શકય ન હતું, જેથી આપને મારા કુર્આનની ફિકર થવા લાગી, આપે એક વાર મને કહયું કે મને તારા કુર્આનની ફિકર થાય છે, એમ ન બને કે તું કુર્આન શરીફ ભુલી જાય, જેના લઈ આપના હુકમથી મેં કુર્આન સંભળાવવાનું શરૂ કર્યું, પહેલા દિવસે સત્તર અને બીજા દિવસે બીજા તેર સિપારા સંભળાવ્યા, જેથી આપને મારા કુર્આનના હિફજ પ્રત્યે વિશ્વાસ થઈ ગયો.

ખુલાસો આ છે કે આટલી બધી ઉમ્ર મારી થવા છતાં આપ મારા કુર્આન અને હિફજની ફિકર ફરમાવતા,જેથી આપની અવલાદની તરબિયત પ્રત્યેની ફિકરો સમજી શકાય છે.

***મદારિસની ખિદમત અને સેવા***

શરૂઆતમાં વાલિદ સાહેબ પાસે એક ડઝનથી વધારે અલગ અલગ મદારિસની રસીદબૂક અને ચંદાની બૂકો રેહતી હતી અને આપ પોતે બધા મદારિસનો ચંદો કરતા હતાં, મને ખૂબ યાદ છે કે તે સમયે રમજાન સખત ગરમીના દિવસોમાં હોતી હતી, બપોરની સખત ગરમીમાં પણ વ્હોરા કોલોની,

મેમણ કોલોની વિસ્તારમાં તેમજ શહેરના વેપારીઓ પાસે જઇ ચંદો વસુલ કરતા હતા, અમુક વર્ષો પછી તે લોકો ઘરે ચંદો પહોચાડી આપતા હતા, અલબત્ત શરૂના વર્ષોમાં ઘણી મહેનત કરવી પડી હતી, રમજાન બાદ પોતાના ખર્ચથી પબ્લિક ટ્રાન્સપોર્ટથી જે તે મદરેસામાં રકમ પહોચાડી આપતા, તેમજ આપે ચંદો કરવા પર ક્યારે પણ મહેનતાણું માગ્યું નથી અને લીધુ પણ નથી, આજે પણ તે મદરેસાના અસાતિઝહ અને જિમ્મેદારો આ વાતને યાદ કરી રહ્યા છે અને આપના હકમા દુઆ કરે છે.

વિશેષ રૂપે જામિઅહ હુસેનિયહ રાંદેર,જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસર, નકીબુલ ઈસ્લામ કાવી, આમોદ બચ્ચો કા ઘર, દારૂલ ઉલૂમ લુણાવાડા તેમજ દારૂલ ઉલૂમ તાંદલજાઅને દારૂલ ઉલૂમ આણંદ છે.

## સુન્નતે નબવીની પાબંદી

વાલિદ સાહેબનું જીવન સુન્નતે નબવીની પાબંદી અને સાદગીથી સુશોભિત હતું, આપ નામ કરવા તેમજ લોકોમાં મશહૂર થવામાં માનતા ન હતા, તે માટે પોતાને લોકોથી છુપાવીને રાખતા હતા, સુન્નતે નબવીની પાબંદીનો અંદાજો આપના જીવનની છેલ્લી ઘડીઓના વાયરલ થયેલ સીસીટીવી કેમેરાના વિડિયોથી પણ લગાવી શકાય છે, આપ મસ્જિદમાં સુન્નતે નબવી મુજબ જમણા પગે દાખલ થાય છે અને ડાબા હાથમાં ચપ્પલ પકડી મુકે છે, જે સુન્નતે નબવીના બિલકુલ મુતાબિક અમલ આખી જિંદગી રહ્યો, ત્યાર બાદ તે જ મસ્જિદમાં જયાં છ દાયકા ખિદમત આપી ત્યાં જ પોતાની જાન જીવન આપનાર માલિકને સુપ્રત કરી, ઉમ્મીદ છે કે આ જ મસ્જિદ આપની દીની ખિદમતોની ગવાહી આપશે.

વફાતના દિવસે પણ પોતાની આદત મુજબ આપ રહ. ઘરેથી વુઝુ કરી મસ્જિદ આવ્યા હતા અને તે જ હાલતમાં આપની વફાત થઇ ગઇ, હદીસ શરીફમાં છે કે જે વ્યક્તિ વુઝુ કરે છે તે અલ્લાહ તઆલાની જિમ્મેદારીમાં આવી જાય છે, તેમજ બીજી એક હદીસમાં છે કે જે વ્યક્તિ ઘરેથી વુઝુ કરી નમાજ માટે મસ્જિદે જાય છે તે એહરામની હાલતમાં હજ માટે જનાર વ્યક્તિ જેમ છે, ઉપરોક્ત બન્ને હદીસથી નેક ફાલી લઇ શકાય છે કે કયામતના દિવસે એહરામની હાલતમાં આપને લાવવામાં આવશે.

## નવાફિલ તેમજ તિલાવતની પાબંદી

આપ દિવસ દરમિયાન બધી જ નવાફિલની પાબંદી કરતા હતા. હિન્દુસ્તાનમાં બચ્ચાઓ માટે મકતબ સવારમાં હોય છે અને બપોરના સ્કુલ હોય છે, આપ સવારમાં મદરેસા જતા પહેલાં ઈશરાક અદા ફરમાવતા અને ત્યાર પછી મકતબ જતા હતા, મકતબથી આવી નાસ્તો ફરમાવતા અને ત્યાર બાદ ચાશતની નમાઝ અદા ફરમાવતા, તેમજ જ્યારથી હું સમજદાર થયો છું ત્યારથી આજ સુધી કોઈ દિવસ આપની તહજ્જુદની નમાઝ છૂટી હોય તેમ થયું નથી, મગરિબ બાદ પણ આપ અવ્વાબીન અદા ફરમાવતા અને આ બધી જ નમાઝની પાબંદી સંપુર્ણ જીવન રહી.

યે નગ્મા ફસલે ગુલો લાલા કા નહીં પાબંદ
બહાર હો કે ખિઝાં લા ઈલાહ ઈલ્લલ્લાહ

આપ નમાઝ ઉભા રહીને જ અદા કરતા હતા,ખુરશી ઉપર અથવા જમીન પર બેસીને ક્યારે પણ નમાઝ અદા કરતા જોવા નથી મળ્યા, તેમજ આપની નમાઝ ખૂબ જ સાવચેતી અને સુન્નત મુજબ હોતી.

આપને કુર્આને કરીમ સાથે ખાસ લગાવ હતો,ગત વર્ષોમાં ડોક્ટરના કહેવા મુજબ મુફતી અહમદ દેવલા (દાબ.)ના મશવેરો લઈ એક આંખ કાઢી નાખવામાં આવી હતી, તેમ છતાં આપ તિલાવત બરાબર કરતા રહેતા હતા, ઘણી વાર આંખમાંથી પાણી વહેતું અને મોડે સુધી પઢવામાં તકલીફ થતી, તેમ છતાં પાણી સાફ કરી તિલાવત જારી રાખતા. ગત વર્ષના યુકે તશરીફ લાવ્યા હતા તો અહિંયા હિફ્જ કલાસના મહેનતી અને બેમીસાલ ઉસ્તાદ મવલાના ઈબ્રાહીમ બદાત તેમના પાસે હિફ્જ કરનાર છોકરાઓને આપ પાસે મોકલતા, આપ ખુબ જ ધ્યાન પુર્વક ખુશીથી તેમનું કુર્આન સાંભળી કહેતા કે યુકેના બચ્ચાઓ ઘણું જ સારી તિલાવત કરે છે.

આપને રોઝા રાખવામાં ઘણો જ લુતફ આવતો હતો. રમજાન સિવાય ઝિલહજ્જ અને મોહરમના અને બીજા પણ રોઝા રાખતા હતા. કમઝોર થયા પછી પણ રાખતા હતા અને ના કહેવા પર ફરમાવતા કે મને આ રોઝા રાખવામાં મજા અને તફ આવે છે.

આપની એક આદત આ પણ હતી કે જ્યારે પણ કોઈ આલીમે દીન,

અકાબિર અને દોસ્ત વિગેરેની મુલાકાત માટે જતા તો કોઈને કોઈ નાનો મોટો હદિયો જેમ કે ટોપી, રૂમાલ,અત્તર વિગેરે જરૂર લઈ જતા હતા. આપની વફાત બાદ કારી અ.રશીદ અજમેરી દાબ.એ તઅઝિયતી ઓડિયોમાં પણ આ વાતનો ઉલ્લેખ કર્યો છે.

## સામાજિક વ્યવહાર અને સિલા રહમી

અમારા વધુ પડતા સગા સંબંધીઓ ગામડાઓ જેમ કે દેવલા, ભડકોદ્રરા, કાવી વિગેરેમાં રહે છે, આપ દરેક ખુશી તેમજ ગમના મોકા પર તેમજ તે સિવાય અવાર નવાર દરેકના ઘરે મુલાકાત માટે જરુર તશરીફ લઈ જતા અને પબ્લિક ટ્રાન્સપોર્ટ બસ વગેરેથી જતા હતા. આંખની તકલીફ બાદ જનાબ મુફતી અહમદ દેવલા દા.બ.એ આ બાબત મને ટકોર કરી કે તમારા વાલિદ સા.ના આ પ્રમાણે જવામાં આંખની તકલીફના લઈ પડી જવાનો ભય છે માટે પ્રાઈવેટ વાહનોમાં સફર કરવાનો આગ્રહ કરો, જેથી મુજ નાચીજે વાલિદ સાહેબ રહ.ને આ માટે આગ્રહ કર્યો હતો અને ત્યાર બાદ આપ રહ. પ્રાઈવેટ વાહનોમાં જતા હતા.

ખુલાસો આ છે કે આપ રહ.ઘણી ખૂબીઓના માલિક હતા. અલ્લાહ તઆલા આપની દરેક પ્રકારની ખિદમતોને કબૂલ કરી બેહતરીન બદલો અતા ફરમાવે. અમે તમામ ભાઈઓ–બહેનોને આપના માટે સદકએ જારિયહ બનાવે. આપની ખિદમતમાં જે કંઈ કમી થઈ હોય તેમજ જે કંઈ ભુલ–ચુક બેઅદબી થઈ હોય તેને માફ ફરમાવે. આપ રહ.ના કમાલાત અને ખુબીઓ અમારામાં પણ મુન્તકિલ ફરમાવે. કંઈ એમ ન થાય કે,

થે તો વહ તુમહારે આબા તુમ કયા હો
હાથ પર હાથ ધરે મુન્તજિરે ફરદા હો

પિદરમ સુલતાન બુદ, તુરા ચે?(તમારા પિતા તો બાદશાહ હતા,પરંતુ તમે શું છો?)બનવાથી હિફાજત ફરમાવે,કોઈ અરબી શાઈર કહે છે:

إن الفتى من يقول ها أناذا
ليس الفتى من يقول كان أبى كذا

સાચો નવજુવાન તે છે જે કહે કે હું આ છું, તે નથી જે કહે કે મારા બાપ દાદા આવા હતા.

–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–

# હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ની અમુક કરામતો

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. ચિશ્તીયા સિલસિલાના મહાન બુઝુર્ગ હતા. સિલસિલાના બુઝુર્ગોમાં આપ રહ.નું સ્થાન ઘણું જ ઊંચું છે. આપ રહ.ની તાલીમ, તરબિયત ઉપરાંત મુરીદોને લખેલા પત્રો અને કિતાબો થકી એમના પછી આવનારા બુઝુર્ગો અને ઉલમાએ ભરપૂર ફાયદો ઉઠાવ્યો છે. અત્રે એમની અમુક કરામતો લખવામાં આવે છે.

હઝરત શેખ રહ.ના એક મુરીદ હતા. એકવાર એમને થયું કે, અહિંયાની તાલીમ તો આપણે જોઈ લીધી, અન્ય બુઝુર્ગો પાસે જઈને પણ અલ્લાહનું નામ લેવાની વાત અને એમની રીત – ભાત જોવી જોઈએ. અલબત્ત આ બાબતની પરવાનગી શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.થી મેળવવામાં એમને સંકોચ હતો. આપ રહ.ને ગમે તેમ આ બાબતની ખબર પડી ગઈ તો પોતે જ એમને ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા ફરમાવે છે કે, જમીનમાં હરો ફરો, તમે પણ ફરી આવો અને કોઈ બુઝુર્ગ મળે તો એમની સોહબતની બરકત મેળવીને અલ્લાહનું નામ લેવાની રીત – ભાત પૂછી લેજો. તેઓ ખુશ થઈ ગયા અને નીકળી પડયા. પરંતુ જે બુઝુર્ગની સેવામાં પણ ગયા, દરેકે એ જ 'પાસે અન્ફાસ'નો વઝીફો આપ્યો. આ જોઈ તેઓ ઘણા ગભરાયા. આ તો દરેક જ બુઝુર્ગ નવેસરથી જ શુરૂ કરાવે છે અને પાછલી બધી મહેનત બેકાર ? છેવટે પસ્તાયને પાછા હઝરત ગંગોહી રહ. પાસે આવ્યા અને તોબા – મઅઝિરત પેશ કરી. આપ રહ.એ ફરમાવ્યું કે, હવે તો તસલ્લી થઈને ! 'દૂર કે ઢોલ સુહાને' (ડુંગરા દૂરથી રળિયામણાં) હવે કોઈ ખુણામાં બેસો અને એકચિત્તે અલ્લાહનું નામ લ્યો.

એકવાર આપ રહ.ના એક અમીર ખાદિમે એના બેટાની વલીમાની દાવતમાં શહેરના અમીર અને ગરીબ બધાની દાવત કરી. આપ રહ. વેશ બદલીને, ખબર ન પડે એવી રીતે રાતના સમયે દાવતમાં પહોંચ્યા અને

ફકીરો – ગરીબો સાથે બેસી ગયા. ખાદિમને જોયો કે જેવી આગતા સ્વાગતા અને ચાકરી અમીરોની કરતો હતો, એવી જ ગરીબોની પણ કરતો હતો. અલબત્ત આપ રહ.એ વેશ બદલ્યો હતો, ખાદિમને આપના આવવા વિશે ગુમાન પણ ન હતું, એટલે આપને ઓળખ્યા નહીં. જયારે લોકો વિખેરાય ગયા તો આપ રહ. પણ પાછા આવી ગયા. બીજા દિવસે ખાદિમ સેવામાં પહોંચ્યો તો ઘણા જ નારાજ હતા. ખાદિમે નારાજગીનો સબબ પૂછયો તો કહેવા લાગ્યા કે તમે મને ઓળખ્યો કેમ નહીં ?

ખાદિમે જણાવ્યું કે, સઘળા સંજોગો ઓળખ ન થાય એવા હતા.

આપ રહ.એ જણાવ્યું કે, તમને અમારી ખુશ્બૂ કેમ ન આવી ? જો તમને અમારાથી મુહબ્બત હોત તો તમને અમારી ખુશ્બૂ આવત અને તમે મને સાદા લિબાસમાં પણ ઓળખી કાઢત.(તારીખે મશાઈખે ચિશ્ત)

એકવાર શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. દિલ્હી પધાર્યા. શેખ હાજી અબ્દુલ વહાબ બુખારી રહ.એ પોતાની તફસીર આપની સેવામાં મોકલાવી. આપ રહ.એ ખોલી તો અહલે બયતની ફઝીલતના બયાન ઉપર નજર પડી. એમાં હાજી અબ્દુલ વહાબે લખ્યું હતું કે, નબીની અવલાદને અંજામ અને મૃત્યુનો કોઈ ખોફ નથી અને એમના માટે 'ખાતિમહ બિલ ખૈર' યકીની વાત છે. આપ રહ.એ હાશિયહ ઉપર લખ્યું કે, આ મસ્અલો અહલે સુન્નત વલ જમાઅતના અકીદાથી વિરુદ્ધ છે અને કિતાબ પરત મોકલાવી દીધી. દિલ્હીમાં આ મસ્અલા ઉપર કેટલાયે દિવસ સુધી ચર્ચા થતી રહી અને છેલ્લે હઝરત ગંગોહી રહ. ફરમાવ્યું હતું એના ઉપર જ બધા સહમત થયા.(તારીખે મશાઈખે ચિશ્ત)

ઈકતેબાસુલ અનવારમાં એક દિલચસ્પ કરામતનો કિસ્સો આ મુજબ છે : ગંગોહમાં જયાં આપ રહ.નો મઝાર છે, ત્યાં એક જોગી રહેતો હતો. આપ રહ. જયારે શાહઆબાદથી ગંગોહ તશરીફ લાવ્યા તો એક દિવસ એના પડાવે પહોંચ્યા. અહિંયા એના સાત સો ચેલા બેસેલા હતા. આપ રહ.એ પૂછયું કે, તમારા ગુરૂ કયાં છે ? એમણે જવાબ આપ્યો કે, એક વરસથી તેઓ અહિંયા જમીન નીચે એક ભોંયતળિયામાં દમ સાધીને તપ

કરી રહયા છે. દરવાજો ઈંટોથી ચણી દેવામાં આવ્યો છે. ફકત એક નાનકડું બાકોરું છે, જેના વડે અમે એમના દર્શન કરી શકીએ છીએ.

આપ રહ.એ જોયું તો જોગી એના તપમાં તલ્લીન હતો. આપ રહ.એ ઝાતે અહદીયતનો મુરાકબહ કર્યો અને પરિવર્તિત થઈને જોગીની કોઠડીમાં પહોંચી ગયા. જોગીએ પૂછયું કે, તમે કોણ છો ? અને અંદર કેવી રીતે આવ્યા ? આપ રહ.એ ફરમાવ્યું કે, અલ્લાહનો બંદો છું અને અલ્લાહની કુદરતથી અહિંયા આવ્યો છું. એ સમજી ગયો કે કોઈ સાહિબે કમાલ હસ્તી છે.

આપ રહ.એ એને પૂછયું કે, તમારી પહોંચ કયાં સુધી છે ? એણે જણાવ્યું કે, હું ચાહું તો પાણી બની શકું છું. આમ કહીને એ પાણી બની ગયો. આપ રહ. એ તુરંત એ પાણીમાં રૂમાલ ભીંજવી લીધો. પછી જોગી પાછો અસલ અવસ્થામાં આવી ગયો. આપ રહ.એ પૂછયું કે, હું પણ પાની બની શકું છું. મેં તારા પાણીથી રૂમાલ ભીંજવી લીધો છે. તું પણ મારા પાણીથી રૂમાલ ભીંજવી લેજે. આપ રહ. પાણી બની ગયા તો જોગીએ પણ રૂમાલ ભીંજવી લીધો. પછી જયારે આપ રહ. અસલ અવસ્થામાં આવી ગયા તો જોગીને કહયું કે, હવે બન્ને રૂમાલ સૂંઘો. એણે રૂમાલ સુંધ્યા તો પોતાના પાણી વાળા રૂમાલમાં ઘણી જ બદબૂ હતી અને આપ રહ.ના રૂમાલમાંથી ઘણી જ ખુશબૂની મહેક આવતી હતી.

જોગીએ પૂછયું કે, હું પણ મારી વિદ્યામાં પૂર્ણ છું અને તમે પણ પૂર્ણ છો. પછી આમ તફાવત શેનો છે ? આપ રહ.એ ઉત્તર આપ્યો કે, હું મુસલમાન છું અને તમે મુસલમાન નથી. એટલે કે તવહીદ અને શિર્કનો આ ફરક છે. જોગીએ આપ રહ. પાસેથી ઈસ્લામ વિશે જાણવાની ઈચ્છા વ્યકત કરી તો આપ રહ.એ એને ઈસ્લામથી વાકેફ કરીને મુસલમાન બનાવ્યો. પછી આપ રહ. એ જ બાકોરામાંથી એને પોતાની સાથે બહાર લાવ્યા તો એના સઘળા ચેલા પણ મુસલમાન બની ગયા અને આપ રહ.ના હાથ ઉપર બયઅત થયા.

---

# દીની તાલીમ અને જાણકારી મેળવવાની આસાન રીત

આજકાલ ઘણા મુસલમાન ભાઈઓ એવા છે જેઓ ઈસ્લામ અને ઈસ્લામી હુકમો, આદર્શો અને ખૂબીઓ વિશે બુનિયાદી અથવા વધારે જ્ઞાન મેળવવા ઈચ્છે છે. પણ નોકરી, શિક્ષણ, વેપાર કે અન્ય કામોમાં મશ્ગૂલ હોવાના કારણે તેઓ દીન અને ઈસ્લામ વિષે ઈલ્મ – જ્ઞાન મેળવવાની એમની ઈચ્છા પૂરી કરી શકતા નથી. એમને અફસોસ થતો હોય છે કે એમની પાસે સમય નથી, નહીતર તેઓ ઈસ્લામ વિશે જરૂર કંઈક જાણકારી મેળવત, કુરઆન, હદીસ અન્ય ઈસ્લામી વિષયોની સમજ પ્રાપ્ત કરત.

આવા લોકોની સેવામાં અત્રે એક ટુંકો પ્રોગ્રામ રજૂ કરવામાં આવે છે, જેના આધારે ટાઈમ ટેબલ બનાવીને આયોજન કરવામાં આવે તો ઘણા ઓછા સમયમાં તેઓ દીન અને ઈસ્લામની સાચી અને બુનિયાદી જાણકારી મેળવી લેવામાં સફળ થશે. ઈન્શાઅલ્લાહ.

પ્રથમ તો આ યાદ રાખવાનું છે કે માણસને બિલ્કુલ સમય મળતો નથી, એવું નથી હોતું. આવા મશ્ગૂલ માણસો પણ દિવસ દરમિયાન બે ત્રણ કલાક મોબાઈલ વાપરી લેતા હોય છે. થોડો સમય ટીવી જોવામાં પણ પસાર થતો હોય છે. દોસ્તો સાથે ગપશપ કે કસરત – જીમ માટે પણ માણસ સમય કાઢી લેતો હોય છે. એટલે પહેલાં તો એવું નક્કી કરી લ્યો કે મારે મારી દિનચર્યામાંથી થોડો સમય દીની ઈલ્મ માટે કાઢવો છે. એના માટે પોતાના દિલ અને મનને સમજાવો કે દીની ઈલ્મ માટે કલાકો સુધી લાઈબ્રેરીમાં નથી જવાનું, બસ રોજ થોડો સમય ઘરે જ અથવા મસ્જિદમાં બેસવાનું છે. અને તે પણ આખા જીવનની વાત નથી. બે ચાર વરસ સુધીની વાત છે. અને તેમાં પણ માણસના મશ્ગૂલી અને સંજોગો મુજબ ફેરફાર, વધઘટ અને રજાઓ – છુટ્ટીઓ આવશે.

સહુપ્રથમ માણસ દૈનિક અથવા સાપ્તાહિક અથવા માસિક રીતે

પોતાના કામોની સમીક્ષા કરે, જરૂરી ન હોય એવા કામો અને એની પાછળ પસાર થતા સમયનો અંદાઝો કરીને એમાંથી દિવસનો એક કલાક કે પોણો કલાક કે અડધો કલાક ઈસ્લામી તાલીમ માટે અલગ કરે. દૈનિક રીતે શકય ન હોય તો દર બે દિવસે એક કલાક. એવું આયોજન પણ કરી શકાય.

પછી પોતાના ટાઈમ ટેબલ અનુસાર કોઈ સારા આલિમને શોધો. જે ટાઈમ ટેબલ મુજબ સમય આપી શકે. પાંચ નમાઝોમાંથી કોઈ બે નમાઝ પહેલાં કે પછીનો અડધો કલાક ઘણો સારો સમય ગણી શકાય. માણસ નમાઝ માટે મસ્જિદમાં આવતો જ હોય, એટલે સવાર સાંજ બે નમાઝો પછી ૩૦ મીનીટ કે ઓછો વધતો સમય આપી દે આ કામ ઘણું સરળ થઈ જાય.

આ માટે પોતાની સાથે બે ચાર દોસ્તો પણ જોડી લેવામાં આવે તો કામ વધારે સરળ બની શકે છે. વધારે કાબેલ અને ઓછા સમયમાં સારી રીતે જરૂરી વાતો સમજાવી શીખવાડી શકે એવા આલિમ મળી જાય અને શીખનાર વ્યકિત સદ્ધર હોય તો આલિમ સાહેબને એમના સમયના વળતર સ્વરૂપે કંઈક મહેનતાણું પણ નક્કી કરી દયો.

અત્રે એ પણ જાણી લ્યો કે બુનિયાદી ઈસ્લામી વિષયોમાં શું શું આવે છે ? જે ઈચ્છુક માણસે કોઈ આલિમ પાસેથી શીખવાનું છે ? અને કદાચ કોઈ આલિમ પાસે શીખવાનો સમય કે સવલત મળી શકે એમ ન હોય તો માણસ પોતાના વાંચન થકી એ શીખી શકે.

ઈસ્લામની બુનિયાદી જાણકારીને આપણે ૬ વિષયમાં વહેંચી શકીએ.

(૧) ઈસ્લામી અકીદાઓ અને માન્યતાઓની જાણકારી.

(૨) કુઆન શરીફ નાઝિરહ, સહી ઉચ્ચાર (તજવીદ) સાથે.

(૩) પાકી નાપાકી, વિવિધ ઈબાદતોને લગતા અને માણસ મશ્ગૂલ હોય એવી પ્રવૃતિ (વેપાર, નોકરી, ખેતી)ને લગતા મસાઈલ અને શરીઅતના હુકમો.

(૪) દુઆઓ, તસ્બીહ, ઝિક્ર વગેરે.

(૫) અખ્લાક, સામાજિક વહેવારો તેમજ ગુનાહોથી બચવાના ઉપાયો, નેકી તકવાને લગતી બાબતો અને વિવિધ નેકીઓની જાણકારી.

(૬) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સીરત, સહાબા અને પછીની ઈસ્લામી ઈતિહાસની બુનિયાદી જાણકારી.

એક માણસ દૈનિક ધોરણે થોડો સમય આપીને ઉપરોકત વિષયો શીખવાનું શરૂ કરી દે તો ત્રણ – ચાર વરસમાં એ જરૂર ઘણું બધું ઈલ્મ મેળવી લેશે. માણસ જે કંઈ શીખે એના ઉપર અમલ કરવાનો એહતિમામ કરે એ પણ જરૂરી છે. મસ્અલાઓ શીખે તો એના ઉપર અમલ કરે. તિલાવત શીખી છે તો કુરઆન પઢવાની આદત બનાવે. દુઆઓ શીખી છે તો જે તે સમયની દુઆ પઢવાની આદત બનાવી લે. આમ કરવાથી શીખેલું ઈલ્મ સચવાય છે.

ત્રણ ચાર વરસમાં આ વિષયો આધારિત કોર્સ પૂરો કરી લેવામાં આવે તો પછી માણસ બીજી ઈસ્લામી કિતાબોનું વાંચન કરવાનું શરૂ કરી દે. અને ત્રણ ચાર વરસ બીજા આમ ઈસ્લામી વાંચન અને અભ્યાસના પસાર થઈ જાય પછી માણસ કુરઆનની કોઈ મોતબર તફસીરનું વાંચન શરૂ કરી શકે છે.

ઘણા લોકો સીધા જ કુરઆનની તફસીર કે તરજુમો વાંચીને દીન શીખવાની શરૂઆત કરવા માંગે છે. જે સદંતર ખોટી રીત છે. માણસને ઈસ્લામ વિશે બુનિયાદી જાણકારી ન હોય, અલ્લાહ તઆલા અને એના રસૂલ વિશે જાણકારી ન હોય તો એને કુરઆન કેવી રીતે સમજ પડે ? દરેક વિષયને સમજવા માટે એક છેલ્લું બુનિયાદી પુસ્તક હોય છે, પણ ત્યાં સુધી પહોંચવા માટે અન્ય નાના પુસ્તકો થકી એ વિષયની બુનિયાદી સમજ કેળવવી પડતી હોય છે. ફકત અંગ્રેજી એ અરબી વાંચતા આવડી જવાથી કોઈ એમ સમજે કે હવે હું આ ભાષાઓમાં લખેલ ગમે તે વિષયનું પુસ્તક વાંચીને એ વિષયને સમજી શકું છું, તો એ માણસ ખોટું વિચારે છે એ બધા જ સમજે છે. આ જ બાબત કુરઆનની તફસીર અને દીની ઈલ્મ વિશે પણ લાગુ પડે છે. ■ ■ ■

# મહમૂદુલ ખસાઈલ

● *જનાબ અહમદહુસેન ગાઝી*

હદીસ નંબર (૪) : હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે મેં લાંબા વાળ વાળો માનવી રાતો પોશાક પહેરેલ રસૂલુલ્લાહ (સલ.)થી વધારે કખુબસુરત નથી જોયો. વાળ મુબારક ખભાને લાગતા હતા. બંને ખભાઓ વચ્ચેનું અંતર થોડું (અન્યોથી) વધુ હતું. આપ (સલ.) ન વધુ ઢીંગણા હતા ન વધુ લાંબા.

## *વાળોની લંબાઈ માપ વિશે રિવાયતમાં મતભેદ કેમ ?*

لـه شعـر يـضرب منكبيه ઉપરની રિવાયતમાં આપના વાળ કાનની ટીશી સુધી હતા અને અહીંયા એ જ રાવી ખભા સુધી ફરમાવે છે. અસલમાં વાત એ છે કે વાળ એવી ચીજ છે જે મોટા થઈ જાય તો કપાવી દેવામાં આવે છે. કપાયેલી હાલતમાં અંતિમ ભાગ કાન સુધીનો છે અને જો નહીં કાપીએ તો આગળ ગરદન સુધી વધી જશે અને જો વધી ગયા તો ખભા સુધી પહોંચી જશે. પછી કાપી નાંખીશું તો નાના થઈ જશે. એટલે વાળો વિશે ભિન્ન પ્રકારની રિવાયતો છે. જે વ્યકિતએ જે જમાનામાં જે હાલતમાં જોયા તે બયાન કરી દીધું બલકે એક જ વ્યકિતએ વિવિધ સમયે વિવિધ હાલતોમાં જોયા તો બધી હાલતો બયાન કરી છે.

હદીસ નંબર (૫) : હઝરત અલી બિન અબી તાલિબ (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ.) ન વધુ લાંબા કદના હતા અને ન વધુ ટૂંકા કદના. આપની હથેળીઓ અને બંને પગ ગોશ્તથી ભરપૂર હતા. મસ્તક—માથું મુબારક સપ્રમાણ મોટું હતું. સાંધા ઉપરના હાડકાં મોટા હતા, છાતીથી દૂંટી સુધી વાળની એક પાતળી રેખા હતી. જયારે આપ ચાલતા તો મહદઅંશે ઝડપથી આગળ તરફ ઝૂકીને મજબૂતીથી પગ ઉઠાવતા, જેથી એવું લાગતું કે આપ (કોઈ ઊંચાઈએથી) નીચાણમાં ઉતરી રહયા હોય. આપ (સલ.) જેવા ખૂબસુરત આપથી પહેલા અને આપથી બાદમાં મેં કોઈને જોયા નથી.

ફાયદો : شثـن الـكفين والقدمين અહીંયા વર્ણનકર્તાએ લખ્યું છે કે આ બંને વસ્તુઓ પુરુષો માટે પ્રિય સમજવામાં આવે છે અને ઓરત માટે ખામી ગણાય છે

## *હુઝૂર (સલ.) નું માથું મુબારક*

ضـخـم الرأس એટલે મોટું પણ એવું જે કદને મુનાસિબ હોય. વ્યકિતનું જેવું

કદ હોય છે તે પ્રમાણે જો તેના માથાની સાઈઝ હોય તો તે વધુ ખૂબસુરત લાગે છે. કદના મુકાબલામાં માથું નાનું હોય તો બદસૂરત લાગે છે. માથાનું મોટું હોવું એ બુદ્ધિની નિશાની પણ છે. ટુંકમાં આપનું માથું મુબારક સપ્રમાણ મોટું હતું.

## હુઝૂર (સલ.) ના સાંધાના હાડકા

خضم الكراديس ؛ كراديس، كردوس સાંધાના હાડકા એટલે જયાં શરીરના બે હાડકા મળે છે જેમકે કોણી કે હાથનું હાડકું અને કાંડાનું હાડકું બંને કોણીને મળે છે. અથવા કોણીથી ખભા સુધી અને તેની નીચેનું હાડકું અથવા ઘૂંટણ ઉપર જાંઘવાળુ હાડકુ અને નીચે પિંડલીવાળું હાડકું, ટુંકમાં આપના હાડકા મળવાની જગ્યા એટલે સાંધા મોટા હતા.

## હુઝૂર (સલ.) ના બદન પર વાળોની પાતળી રેખા

طويل المسربة વાળોની પાતળી રેખા જે છાતીથી દૂટી સુધી જાય છે તેને مسربة કહે છે, હઝરત નબીએ કરીમ (સલ.) ના શરીર મુબારક પર વાળોની એક પાતળી રેખા હતી. જે છાતીથી દુંટી સુધી હતી.

## હુઝૂર (સલ.)ની અભૂતપૂર્વ ઝડપ

اذا مشى تكفأ જયારે આપ (સલ.) ચાલતા તો મહદઅંશે ઝડપથી આગળ તરફ ઝૂકીને મજબૂતીથી કદમ ઉઠાવીને ચાલતા હતા, એવું લાગતું હતું કે આપ (કોઈ ઊંચાઈએથી) નીચાણમાં ઉતરી રહયા છે. નીચાણ તરફ ઉતરનાર વ્યકિત જેમ આગળ તરફ ઝૂકીને ચાલે છે, એવી રીતે હઝરત નબીએ કરીમ (સલ.) આગળ તરફ ઝૂકીને નમ્રતાથી ચાલતા હતા. ઘમંડી અને અભિમાની લોકોની જેમ છતી કાઢીને ચાલતા ન હતા.

## એવા કયાંથી લાવીએ કે તમારા જેવા કહીએ જેને

لم ارقبله الخ એટલે કોઈ વ્યકિત ખૂબસુરતીમાં આપનો મુકાબલો કરી શકતો નથી. આપની ખુબસુરતી વિશે હઝરત આયશા (રદિ.) એક શેઅર કહે છે. તેનો અર્થ છે કે જુલેખાની સહેલીઓએ હઝરત યુસૂફને જોઈને આંગળીઓ કાપી નાંખી જો તેઓ આપ (સલ.) ના ચહેરા મુબારકને જોઈ લેતી તો આંગળીઓ કાપવાને બદલે પોતાના દિલોને કાપી નાંખતી.

હદીસ નંબર (૬) : હઝરત અલી બિન અબી તાલિબ (રદિ.) ના પૌત્ર ઈબ્રાહીમ બિન મુહમ્મદ (રહ.) કહે છે કે હઝરત અલી (રદિ.) રસૂલુલ્લાહ (સલ.) નો હુલ્યો – મુખાકૃતિ બયાન કરતી વખતે ફરમાવતા હતા : રસૂલુલ્લાહ

(સલ.) ન તો વધુ ઊંચા હતા અને ન બિલ્કુલ ઢીંગણા, પરંતુ વચલા ગાળાના લોકો જેવું બદન હતું. વાળ ન બિલ્કુલ સીધા ન બિલ્કુલ વળેલા પરંતુ સીધા હોવાની સાથે કંઈક વળેલા હતા. હા, આપનો ચહેરો લંબાઈની સાથે ગોળ હતો. રંગ સફેદ લાલાશ પડતો હતો, આંખો ઘણી જ કાળી, ભવાં (આંખની ઉપરના વાળ) લાંબા, બદનના જોડ–સાંધાના હાડકા મોટા, બંને ખભાની જગ્યા પણ મોટી ગોશ્તથી ભરેલી, બદન પર વધારે વાળ ન હતા, પરંતુ છાતીથી દુંટી સુધી વાળની એક લાઈન હતી. હાથ અને પગ ગોશ્તથી ભરેલા હતા, જયારે ચાલતા તો પગોને કુવ્વતથી ઉઠાવતા એવું માલૂમ પડતું કે આપ કોઈ નીચાણવાળી જગ્યામાં ઉતરી રહયા હોય, જયારે કોઈ તરફ ધ્યાન આપતા તો પૂરા બદન સાથે ધ્યાન ફરમાવતા. આપ (સલ.) ના બંને ખભાઓ વચ્ચે મુહરે નુબુવ્વત હતી, આપ (સલ.) નબીઓના સિલસિલાને ખતમ કરનાર છે. આપ સૌથી વધુ સખી, સૌથી વધુ સદાચારી, સૌથી વધુ નમ્ર, સૌથી વધુ શરીફ સાથી. આપ (સલ.) ને જે અચાનક જોતો તે એકદમ પ્રભાવિત થઈ જતો. પરંતુ જે માણસ આપ (સલ.) ને ઓળખી લેતો તે આપના અખ્લાક અને મુહબ્બતથી ઘાયલ થઈ જતો. ટુંકમાં આપનો હુલ્યો–મુખાકૃતિ બયાન કરનાર એટલું જ કહી શકે છે કે મેં રસૂલુલ્લાહ (સલ.) જેવા (આંતરિક અને બાહ્ય ખૂબીઓવાળા) ન આપથી પહેલા જોયા અને ન આપના પછી.

અબૂ ઈસા ફરમાવે છે : મેં અબૂ જાફર મુહમ્મદ બિન હુસેનને એવું કહેતા સાંભળ્યા કે મેં આપ (સલ.) ની ખૂબીઓમાં વર્ણન કરેલી રિવાયતમાં ممغط શબ્દની તફસીર ઈમામ અસ્મઈ (રહ.) ને આ રીતે બયાન કરતા સાંભળ્યા છે. الذاهب طولا સહેજ લાંબા અને (અસ્મઈ) કહે છે કે મેં એક આરબ ગ્રામવાસીને પોતાની વાતચીતમાં કહેતા સાંભળ્યા تمغط فی نشابته પોતાનું તીર ખેંચવામાં હદથી વધી ગયો એટલે તીરને ખૂબ જ જોરથી ખેંચ્યું.

متردد ટૂંકા કદને કારણે બદનનો અમુક ભાગ અમુક ભાગમાં ઘુસી ગયો હોય.

قطط ઘણાં ઘૂંઘરિયાલું વાળ

رجل તે વ્યકિત જેના વાળ સહેજ વાંકડિયા હોય.

مطهم ગોશ્તથી ભરેલ ભારે બદન

مکلثم ગોળ ચહેરાવાળા

مشرب સફેદ રંગમાં લાલાશ મળેલી હોય

ادعج તે વ્યકિત જેની આંખ ખૂબ કાળી હોય

اهدب તે વ્યકિત જેના ભવાં લાંબા હોય.
كتد ખભાઓ વચ્ચેનો ભાગ જેને (શબ્દ કોશમાં) كاهل (પણ) કહે છે.
مسربة છાતીથી દુંટી સુધી બારિક વાળોની લાઈન.
شثن હાથ, પગની ગોશ્તથી ભરેલી આંગળીઓ વાળા.
تقلع કુવ્વતથી ચાલવું.
صبب ઊંચાઈવાળા ભાગથી નીચે તરફ ઉતરવું, બોલવામાં આવે છે કે આપણે ઊંચાણવાળી જગ્યાએથી નીચે ઉતર્યા.

અને રાવીના કથન جليل المشاش માં રાવી مشاش થી ખભાના છેડે મુરાદ લઈ રહયા છે. અને عشرة એટલે સાથે તો રહેવું અને عشير એટલે સાથી بديهة એટલે અચાનક પેશ આવતો મામલો, બોલવામાં આવે છે بديهته بأمر એટલે હું કોઈ મામલો લઈને તેની સામે અચાનક આવી ગયો.

ફાયદો : ઈબ્રાહીમ બિન મુહમ્મદ હઝરત અલી (રદિ.) ના પુત્ર મુહમ્મદ બિન અલી જે મુહમ્મદ બિન હનફિયાથી મશહૂર છે, ના છોકરા છે. તેમની મુલાકાત પોતાના દાદા હઝરત અલી (રદિ.) થી નથી થઈ, પોતાના પિતાથી આ બધું સાંભળ્યું હશે. અહીંયા આ રિવાયત નકલ કર્યા પછી ઈમામ તિરમિઝી (રહ.) એ અસ્મઈ જે લુગતના ઈમામ છે તેમના હવાલાથી તેમના શબ્દોની કંઈક તશરીહ પણ કરી છે.

ممغط એવા વ્યકિતને કહ્યો છે જે ઘણાં લાંબા કદનો હોય, પ્રાચીન સમયમાં આરબ ગ્રામવાસીઓ છટાદાર અરબી બોલતા હતા. તેથી અસ્મઈ કહે છે કે મેં એક ગ્રામવાસીને કહેતા સાંભળ્યા تمغط فى نشابته તેણે પોતાની કમાન ખૂબ કુવ્વત સાથે ખેંચી. અહીંયા ممغط કહીને કદની લંબાઈ બતાવવાનો હેતુ છે.

المتردد તેનો અર્થ ઈમામ તિરમિઝી (રહ.) એ અસ્મઈ (રહ.)ના હવાલાથી બયાન કર્યો કે અમુક લોકો એવા નાના કદના હોય છે કે તેમને જોઈને એવું લાગે છે કે તેમના પોતાના જ શરીરનો કંઈક હિસ્સો બીજા હિસ્સામાં ઘુસી ગયો છે. તેને અરબીમાં متردد કહે છે.

كان ربعة من القوم આપ મધ્યમ કદના હતા પરંતુ દેખાવમાં સહેજ લાંબા લાગતા હતા.

المطهم આપ શરીરે જાડા ન હતા, આપનું શરીર સમતોલ કદનું હતું.

المكلثم કેટલાકનો ચહેરો એકદમ ગોળ હોય છે. આપનો ચહેરો એવો ન હતો પરંતુ ગોળ જેવો હતો.

• • • • •

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## ખુરશી પર બેસી નમાઝ પઢનારે સફમાં ઉભા રહેવા બાબત

સવાલઃ સલામ બાદ હું વડોદરામાં રહું છું મારા ઘરની પાસે એક સખીભાઈએ પોતે ઈબાદતગાહ/મસ્જિદ બનાવેલ છે તેનો વહીવટ પોતે એકલા જ કરે છે, ઉપર જણાવેલ નજીકની મસ્જિદ(મોહોલ્લાની મસ્જિદ)માં મુસલ્લીઓ ઓછા આવે છે.

હું મારા ઘુંટણમાં(બન્ને ઘુંટણ)આર્થરાઈટસ છે જેથી પગ વાળી શકાતા નથી તેમજ વ્યવસ્થિત રીતે ચાલી શકાતુ નથી, મારી ઉમર ૭૨ વર્ષ છે.

મોહલ્લાની મસ્જિદમાં ખુરસી મુકેલી છે તેની ઉપર નમાઝ પઢી શકાય છે, મુસ્લલી ઓછા હોવાથી સફ બરાબર શરઈ રીતે પુરી કરવા માટે ખુરશી ખસેડીને સફમાં મુકી નમાઝ પઢું છું.

મસ્જિદના માલિકનું કહેવું છે કે મારે ખુરશી ખસેડવાની નહી અને ડિસીપ્લીનમાં રહેવાનું હકીકતમાં સફમાં જગ્યા હોય છતાં મારે કિનારા પર (દિવાલ પાસે)બેસવું એવું તેમનું કહેવું છે.પરંતુ મારી જાણ મુજબ ગેપ રાખવાથી નમાઝ થતી નથી, સદર માલિકે મને કહયું કે તમારે મસ્જિદમાં આવવું હોય તો હું કહું તે પ્રમાણે કરવું નહી તો આવશો નહી, આ કારણસર મને બે વખત તેમણે બધાની સામે કીધું જેની નોંધ બધાએ લીધી, પરંતુ તે વ્યકિત સમજવા તૈયાર નથી (રોકટોક વધારે પડતી છે) કારણવશ મારે બડી મસ્જિદ, સદર બજારમાં જવું પડે છે વચ્ચે મેઈન રોડ હોવાથી ટ્રાફીક ખુબ જ રહે છે ખાસ કરીને મગરીબ અને ઈશા વખતે તો રસ્તો ક્રોસ કરવામાં મશ્કેલી પડે છે. ઉપર જણાવેલ બાબતે મહેરબાની કરીને મને જવાબ આપશો.

(૧) સફથી દુર રહીને કુર્સી પર બેસીને નમાઝ થઈ શકે ?(બીજા માઝૂર લોકો પોતાના હિસાબે દૂર બેસે છે)

(૨) વધારે ટ્રાફીકના સમયમાં ઘરે નમાઝ પઢી શકાય?(જમાઅતથી

મહેરૂમ રહે છે.)

(૩)મહેરબાની કરીને મને ખુલાસાવાર જવાબ આપશો,હદીસની રોશનીમાં માઝૂર માટે શું રીયાઅત છે તે જણાવશો.

અલ્લાહ તઆલા આપને જઝાએ ખૈર અતા ફરમાવે.આમીન.

જવાબ : حامدا و مصليا و مسلما

શરઈ દ્રષ્ટિએ કુર્સી પર બેસીને નમાઝ પઢનાર વ્યકિત સફની વચમાં નમાઝીઓ સાથે ઉભા રહી નમાઝ અદા કરી શકે છે, સફથી હટી કિનારા પર કુર્સી રાખી નમાઝ પઢવું જરૂરી નથી,પરંતુ જો સફમાં ખાલી જગ્યા રહેવાનો ખતરો ન હોય કે પુર્ણ થઈ જશે,અને વચમાં ખાલી જગ્યા નહીં રહે, તો આવી હાલતમાં કુર્સી પર નમાઝ પઢનાર માટે બેહતર આ જ છે કે સફના કિનારા પર કુર્સી મુકી નમાઝ અદા કરે જેથી કરી સફમાં જાહેરી રીતે અવ્યવસ્થિત હોવાનો આભાસ ન થાય.(કિતાબુન્નવાઝિલ:૪/૪૩૭)અને જો સફ જ પુરી થવાની આશા ન હોય,તો પછી સફમાં નમાઝીઓથી મળીને જ કુર્સી લઈ જઈ નમાઝ પઢવામાં આવે કે સફને મિલાવવાની હદીસમાં ઘણી તાકીદ આવી છે. મિશ્કાત શરીફમાં નસાઈ શરીફના હવાલાથી હઝરત રસૂલૂલ્લાહ સલ્લાહૂ અલયહી વસલ્લમનો મુબારક ઈરશાદ છે કે જે માણસે સફને જોડી (સફ દરમિયાનની ખાલી જગ્યાને પુર્ણ કરી) અલ્લાહ તઆલા તે માણસને (પોતાની) રહમતથી જોડી દેશે અને જે માણસે સફને તોડી(સફના વચમાંથી જગ્યા પુરી નહીં)તે માણસને અલ્લાહ તઆલા (પોતાની) રહમતથી તોડી કાઢશે.(મિશ્કાત શરીફ:૯૯ મઝાહિરે હક:૨/૧૩૫) માટે કિનારા પર કુર્સી રાખી નમાઝ પઢવાની સ્થિતિમાં વચમાં જગ્યા ખાલી રહી જતી હોય,તો કુર્સીને સફ સાથે મિલાવી નમાઝ પઢવામાં આવશે.

આ સમગ્ર તફસીલથી સ્પષ્ટ થઈ જાય છે કે એક સ્થિતિમાં કુર્સી સાઈડ પર રાખી નમાઝ પઢવું બહેતર છે,તો બીજી સ્થિતિમાં કુર્સીને સફમાં જોડી નમાઝ પઢવું બહેતર છે, આથી આ વિશે મસ્જિદના જિમ્મેદાર વ્યકિતઓએ મઝકૂર મસ્અલાથી વાકિફિય્યત હાસિલ કરી, કોઈ પગલું ભરવું જોઈએ અને આ વાત ઘણી જ વખોડવા પાત્ર છે કે એક મસ્જિદમાં નમાઝ પઢતી વ્યકિતને વિના શરઈ કારણે ઘરે નમાઝ પઢવાની સલાહ આપવામાં આવે, કારણ કે મસ્જિદ બધા માટે હોય છે અને મસ્જિદથી રોકવું કુર્આન–હદીષની રૂએ

ગુનાહ છે.

(૨)જમાઅત સાથે જ નમાઝ પઢવાની પુરી કોશિષ કરવામાં આવે કે કુર્આન અને હદીસની રોશનીમાં ફુકહાએ કિરામે જમાઅત સાથે નમાઝ પઢવાની ઘણી જ તાકીદ ફરમાવી છે અને જો જમાઅત સાથે નમાઝ અદા કરવાની આદત હશે અને પછી કોઈ શરઈ કારણસર જમાઅત છુટી જાય, તો તેવી હાલતમાં અલ્લાહ તઆલાની જાતથી ઉમ્મીદ છે કે આપ સવાબથી મહરૂમ નહી રહેશો. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

## *કુર્બાનીના ચામડાના ખર્ચસ્થાન*

સવાલ : સલામ બાદ જણાવવાનું કે છેલ્લા ૨૫ વર્ષથી ગામના એક માણસ વ્હોરાપંચનાં વાસણોનો વહીવટ કરતા હતા, પરંતુ તેમણે ગામના સમાજને આજ સુધી કોઈ હિસાબ આપ્યો નહી અને વાસણો હતા તે પણ ગેરવલ્લે થઈ ગયા એટલે જેટલા હતા તેના કરતા નહિવત છે. જેથી વ્હોરા સમાજના લોકોએ મિટિંગ કરી એક કમિટી બનાવી જેનું નામ વ્હોરાપંચ કમિટી રાખવામાં આવ્યું, જેમાં ૧૧ સભ્યો કામ કરે છે, વાસણો આજ રોજ પંચ પાસે છે, આ મિટીંગમાં એમ નક્કી કરવામાં આવ્યું કે વ્હોરા પટેલ સમાજનું જે 'અંજુમન' છે તેને પણ વ્હોરા પંચ કમિટીમાં લઈ લેવામાં આવે, જેથી અંજુમન બંધ કરી તેનો બધો હિસાબ વ્હોરાપંચ કમિટીમાં લઈ લેવામાં આવ્યો, અંજુમન ચલાવનાર ભાઈએ ૯૦,૦૦૦/ જેટલી રકમ પંચમાં જમા કરાવી અને જણાવ્યું કે આ પૈસા અત્યાર સુધીના ચામડાઓના છે, હાલમાં પંચ પાસે પોતાની કોઈ રકમ નથી, હાલમાં પંચ નીચે મુજબ કામ કરે છે.

(અ) વાસણોનો વહીવટ

(બ) કબ્રસ્તાનનો વહીવટ

(ક) ચામડાનો વહીવટ

(ખ) ગરીબોને કફન–દફન અંગેનો સામાન ફ્રી માં આપવાનું કામ

(ગ) શૈક્ષણિક અને સમાજના વિકાસ અંગેના કામ

(ઘ) કફન–દફનના સામાનનો વહીવટ

ઉપરોકત બાબતોથી આપ વાકેફ થયા હશો, તો હવે અમો વ્હોરાપંચ ઉપરોકત ૯૦,૦૦૦/–માંથી નીચે મુજબના કામ કરવા માંગીએ છે, જેથી આપ અમારા સવાલના જવાબ આપશો.

(૧) હાલમાં વાસણો અપુરતા હોવાથી રકમમાંથી વાસણો લાવી શકાય?

(૨) તે રકમ કબ્રસ્તાનના કફન–દફનના સામાન માટે વાપરી શકાય?

(૩) તે રકમ કબ્રસ્તાનની સાફ–સફાઈ અને વિકાસ કરવા માટે વાપરી શકાય ?

(૪) આ રકમ કયા કયા કામ માટે વાપરી શકાય?

જવાબ : حامدا و مصليا و مسلما

ચામડાઓ વેચાતા આવેલ રકમનું ખર્ચસ્થાન શરીઅત તરફથી નક્કી છે અને તે ઝકાતની હકદાર મુસલમાન વ્યકિતને માલિકી ધોરણે આપવું, નંબર ૧,૨,૩, માં દર્શાવવામાં આવેલ સૂરતમાં મઝકૂર રકમનું વાપરવું જાઈઝ નથી, કારણ કે ગરીબને માલિક બનાવવાની જરૂરી શર્ત ઉપસ્થિત થતી નથી અને મરનાર વ્યકિત ચાહે ગરીબ હોય પણ તેમાં માલિક બનવાની પાત્રતા મરણને લઈ બાકી રહેતી નથી, માટે ૧ થી ૩ ના કામો માં કુર્બાનીના ચામડાં વેચાણ રકમનો ઉપયોગ દુરૂસ્ત નથી.

(૪) મઝકૂર રકમથી ઝકાતની હકદાર એવી ગરીબ મુસલમાન વ્યકિતની મદદમાં માલિકી ધોરણે ખર્ચ કરવામાં આવે મદ્રસામાં પઢતા અથવા દુન્યવી શિક્ષણ મેળવતા ગરીબ વિદ્યાર્થીઓને ગામની ગરીબ મુસ્લિમ વિધવાઓ, મુસ્તહિક બિમારોના ઈલાજ ખર્ચ વગેરે ઝકાતના ખર્ચસ્થાનોએ પણ ખર્ચ કરી શકાય છે.અલબત્તા યાદ રહે કે મદ્રસામાં પઢતા તલ્બાઓ ઉપર આ રકમ ખર્ચ કરવાની સુરતમાં સદકહ તેમજ દીનની મદદ આમ ડબલ સવાબ પ્રાપ્ત થશે.

૧ થી ૩માં જે જરૂરતો દર્શાવવામાં આવી છે, તેમાં સીધી રીતે તો સદર રકમ ઉપયોગમાં ન લઈ શકાય, પરંતુ જો લિલ્લાહ રકમ દ્વારા મઝકૂર કામો પુરા પાડવા શકય ન હોય, તો એવી સ્થિતિમાં સદર રકમનો હીલો–તમલીક કરી, રજુ કરવામાં આવેલ કામો પણ આ રકમથી કરી શકાય છે, કે કોઈ ગરીબ ઝકાતના હકદાર મુસલમાનને માલિકી ધોરણે મઝકૂર રકમ આપવામાં આવે અને તે વ્યકિત રાજી ખુશીથી આ રકમ અંજુમનમાં લિલ્લાહ રૂપે આપે, તો પછી આ રકમથી સવાલમાં દર્શાવવમાં આવેલ કામો કરી શકાય છે.(ઝુબદતુલ ફતાવા:૫/૪૬૦ ઉપરથી)

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. તા.૧૭,મુહર્રમ,૧૪૩૯હિજરી

---

બોધકથા ..

રોજની જેમ આજે સવારે પણ ચાલવા – દોડવા અને જોગિંગ કરવા નીકળ્યો. થોડી વાર પછી મેં જોયું કે અડધો કિલોમીટર મારાથી આગળ એક યુવાન પણ દોડી રહયો છે. મેં ધ્યાનથી જોયું તો મને લાગ્યું કે એ મારાથી ધીરે દોડી રહયો હતો. મને થયું કે આજે એને હરાવવો જોઈએ, અને મેં વધારે ઝડપથી દોડવાનું શરૂ કર્યું. હવે એ ૧૦૦ મીટર દૂર હતો, મેં ઝડપ વધારી અને થોડીવારમાં એને પાછળ પાડી દીધો. હવે મને હાશ થઈ, હું મનોમન ઘણો ખુશ થયો કે મેં એને હરાવી દીધો.

એને હરાવીને જયારે મારો ઉભરો શમ્યો અને મેં આસપાસ જોયું તો હવે મને સમજાયું કે, એને હરાવવાની ફિકરમાં હું મારા ઘરના રસ્તેથી ઘણો આગળ આવી ગયો છું અને ઘરે પહોંચવા માટે મારો વધારે પરસેવો પાડવો પડશે.

મને આ એહસાસ પણ થયો કે એને હરાવવાની ફિકરમાં હું સવારની પહોળમાં જ માનસિક બેચેનીમાં સપડાય ગયો. ઉપરાંત આસપાસની હરિયાળી, દોડતા કુદતા પક્ષીઓ અને નવા ખિલતા ફૂલોની સુંદરતા જેવા દિમાગને સુકૂન આપનાર દશ્યો પણ મને નસીબ ન થયાં.

અને છેલ્લે મને યાદ આવ્યું કે જેને હરાવવાની કે પાછળ પાડવાની કોશિશમાં આ બધું ગુમાવ્યું, એને તો ખબર જ નથી કે અમારા વચ્ચે કોઈ હરિફાઈ છે. બસ એક કાલ્પનિક દોડમાં હું ફસાય ગયો અને ઘણું બધું ગુમાવી બેસ્યો.

આ કોઈ વાર્તા પણ હોય શકે છે અને સાચી ઘટના પણ...

અલબત્ત માણસનો સ્વભાવ આવો જ છે, એમાં કોઈ શક નથી. એક સાથે કામ કરતા બે કર્મચારીઓ, બે શિક્ષકો, સામેસામેના બે દુકાનદારો, બે પાડોશીઓ... આવી માનસિકતામાં પોતાનું ઘણું નુકસાન કરી બેસે છે. બીજાને એવું બતાવવામાં કે હું તારા કરતાં સારો છું, આગળ છું, વધારે સફળ છું, માણસ એની જિંદગીનું ચેન ખોઈ નાંખે છે. જીવનની ખુબસુરતીને માણવાનું ભૂલી જાય છે. બલકે પોતાની મંઝિલ ભૂલીને ખોટા રસ્તે ચાલતો થઈ જાય છે.

---

# Ways for Staying Strong after Ramadan

We need to think about how we can move forward and stay strong after Ramadan and retain that taqwa and retain this beautiful spirituality that we have achieved during Ramadan.

Ramadan was about building something special: your taqwa, your Iman, your good deeds, and your soul getting closer to Allah

What happens in Ramadan is that our hearts are strengthened; the heart is like a castle, it's guarded with new soldiers i.e. your good deeds, your iman, your closeness to Allah… Then on the last day of Ramadan, three things happen

The shayateen who have been chained for the whole month are released, the gates of Jannah are closed, and the gates of Jahannam are but open again.

This is why the shayateen will attack again and again, and your nafs and your heart are battling.

How to fight this, and how to retain your iman, and your taqwa?

A lot of people have said to me, 'in Ramadan, I was getting up for Fajr on time every day, I was praying tahajjud every night, but the first day after Ramadan, I didn't even manage to get up for Fajr."

Why? Because Satan tries to prevent us from doing our worship.

How do we maintain what we built?

Following up the practice and actions that you built during Ramadan is part of something very important that's called sabr (patience). Allah mentions patience many times in the Quran

Ibn Uthman says: "The person who has trained themselves to handle difficulties are of the sabireen."

Ali ibn abi Talib said: “Patience is to seek the help of Allah.”

So, patience actually is divided into different categories and we have to understand what those categories are in order to kind of assess our own selves because sometimes you can be strong in one category but you need development in another category.

But in order to be of the patient, we have to be working on all these categories. But here, we’re just going to speak maybe about some categories.

Ibn al Qayyim talks about:

1- When we have patience at times of hardship.

When you are at a time when you are being very tested by Allah, especially if it’s something that is being taken away from you by Allah and you have no choice in the matter.

For example, you get a sickness, somebody passes away, or you lose your job… we really have only two choices at this time: either we choose to be of the patient and to try and cope as best as we can, or we can choose to try and resist against our test and then we get so anxious, so stressed, and angry…

2- When you are pushing yourself to achieve something; it could be something small or huge. In this case we’re talking about pushing yourself to achieve something of good deeds and worshiping Allah.

3- When we withhold ourselves from doing something haram. So, if you are able to withhold your gaze from looking at somebody whom you find attractive, this is a type of sabr because you’re withholding yourself from sinning.

This is actually the hidden sabr because as human beings actually we judge one another based on the sabr that we can see. ■ ■ ■

# ગુનેગારી અને ઇસ્લામી શરીઅત

ગુનાહોથી પવિત્ર સદગુણો અને સદાચાર પર આધારિત સમાજ રચના ઈસ્લામનું એક મુખ્ય ધ્યેય છે, એટલે ગુનેગારી ડામવા–ખતમ કરવાના યોગ્ય ઉપાયો એણે અપનાવ્યા છે, મુખ્યત્વે એને બે વિભાગોમાં વહેંચી શકાય.

(૧) સંસ્કાર

(૨) કાનૂન.

(૧) સંસ્કાર; એટલે કે માનવીના માનસને કેળવવામાં આવે, એના દિમાગમાં ઠસાવવામાં આવે કે વાણી–વિચાર અને વર્તનની સ્વતંત્રતાની ખુદાઈ નેઅમત અમર્યાદિત કે અનિયંત્રિત નથી; બલ્કે પોતાનું ધાર્યુ બોલવા– કરવા માટે પણ અમૂક શરતો–નિયંત્રણો છે, એ આધારે જ માણસ વર્તી– બોલી શકે છે. જો એમ કરવામાં આવે તો દુનિયા–આખિરતમાં તે સફળતા પામશે અને જો એ શરતોને આધીન રહેવામાં ન આવે, સ્વતંત્રતાને સ્વછંદતા બનાવી દેવામાં આવે તો સમાજ ઉપર ખરાબ અસરો પડશે, ઉપરાંત સજાઓ પણ ભોગવવી પડશે. લાભ–નફાના આ તર્કને સમજાવવા માટે કેટલીયે આયતો કુર્આનમાં છે. સૂરએ ઝિલઝાલ માં છે

"જે રજમાત્ર નેકી કરશે તે એનું સારું પરિણામ જોશે અને રજમાત્ર બુરાઈ કરશે તે પણ એનું પરિણામ જોશે."

આ પણ એક વાસ્તવિકતા છે કે ગમે તેટલા સ્વચ્છ–સારા સમાજમાં અમૂક માણસો એવા જરૂર હોય છે જેમના વાણી, વર્તન નિયંત્રિત કે ભદ્ર નથી હોતાં અને નિર્ધારિત નિયંત્રણો પાબંદીઓનું ઉલ્લંઘન કરતા હોય છે, તેમના આવા કાર્યોને જ "ગુનો"

કહેવામાં આવે છે.

ઈસ્લામી શરીઅતમાં સામાન્ય રીતે અખ્લાકી રાહે આવા ગુનાહોની રોકઠામનો પ્રયત્ન કરવામાં આવે છે, અલબત્ત અનિવાર્ય સંજોગોમાં કાનૂની રાહે સજાકીય પગલાંઓ પણ ભરવામાં આવે છે.

કાનૂન અને વ્યવસ્થાની પહેલી ગરજ–આશય એ છે કે માણસના મૂળભૂત અધિકારોની રક્ષા કરવામાં આવે. આવા અધિકારો–હકો પાંચ હોય શકે. (૧) પ્રાણની રક્ષા (૨) ધર્મની રક્ષા(ધાર્મિક સ્વતંત્રતા) (૩) અક્કલ– સમજની રક્ષા (વૈચારિક સ્વતંત્રતા) (૪) ઈઝઝત આબરૂની રક્ષા (૫) માલની રક્ષા.

આ માટે ઈસ્લામે એક ચોક્કસ પ્રણાલી અને વ્યવસ્થા અપનાવી છે. કિસાસ (પ્રાણના બદલામાં પ્રાણ)ના કાનૂનમાં લોકોના પ્રાણની રક્ષા છે. દારૂ, નશીલા પદાર્થો અને અન્ય વસ્તુઓ ઉપર પાબંદી દ્વારા માનવીની વૈચારિક શકિતને રક્ષાવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ચોરીની એક સ્પષ્ટ સજા નક્કી કરવામાં માલની રક્ષાનો પ્રયત્ન છે. અને તહોમતની સજા (હદેકઝફ) દ્વારા ઈઝઝત આબરૂની રક્ષા કરવામાં આવે છે. આ બધી વસ્તુઓના પાબંદ રહેવા ઉપરાંત દરેકને તેના ધર્મ પ્રમાણે ક્રિયાકાંડો કરવાની છુટ આપી ધર્મરક્ષાની બાંહેધરી આપવામાં આવી છે.

શરીઅતના ધારા ધોરણ મુજબ અમૂક ગુનાહો એવા છે, જેની સજા નક્કી છે. જયારે બીજા ગુનાહોની સ્પષ્ટ સજા દર્શાવવામાં આવી નથી. બલ્કે ફેસલો કાઝી – જજના નિર્ણય ઉપર છોડી દેવામાં આવ્યો છે કે તે જ ગુનો અને ગુનેગારની પરિસ્થિતિની તુલના કરી કોઈ સજા નિર્ધારિત કરે.

————————————————————

–.–.–.–.–.–.–.–.–.–.

### ખુશ માણસ

ખુશી અને સુખના દિવસોમાં સયંમ અને મર્યાદામાં રહેનાર માણસ દુખમાં પણ ગમગીન – પરેશાન નથી થતો.

### માણસ એટલે ?

માણસ બે નાના અવયવોનું નામ છે : દિલ અને ઝુબાન.

### સારું વિચારો

બક્ર બિન અબ્દુલ્લાહ મુઝની રહ. ફરમાવે છે કે જયારે કોઈ પોતાના કરતાં મોટી ઉમરના માણસને જુઓ તો વિચારો કે આ માણસ પાસે મારા કરતાં વધારે નેકીઓ હશે, અને કોઈ નાના માણસને જુઓ તો વિચારો કે એના ગુનાહો મારા કરતાં ઓછા હશે.

### નેકીનો વિચાર

કોઈ નેકી કરવાનો વિચાર આવે તો તુરંત એને કરી લ્યો. નેકીનો વિચાર અલ્લાહ તઆલાનો ગેરતમંદ મહેમાન છે, એના પ્રત્યે થોડી પણ અનદેખી થાય છે તો એ પાછો જતો રહે છે અને પછી એ નેકીની વહેલી તોફીક નથી મળતી.

### અલ્લાહને ખુશ રાખો

ઈમામ શાફેઈ રહ. ફરમાવે છે કે માણસમાં એટલી શકિત – આવડત છે જ નહીં કે બધા લોકોને ખુશ રાખી શકે. બસ અલ્લાહને ખુશ રાખવાની કોશિશ કરે, અને બીજી પરવાહ છોડી દે.

### અખ્લાકની ચોરી કરો

ઈબ્ને કુદામહ રહ. ફરમાવે છે કે જે માણસ સારો બનવા ચાહતો હોય એ નેક અને સારા માણસો પાસે રહે, અથવા લોકોની નેકીઓ – અખ્લાકને જોતો રહે તો નેક બની જશે. કારણ કે માણસની તબિયત ચોર છે, બુરાઈઓ પણ ચોરી કરે છે અને ખૂબીઓ પણ..

### અવલાદની સલામતી

પાછલા બુઝુર્ગોની આદત હતી કે અવલાદ બહાર નીકળતી ત્યારે એમના પર આ આયત પઢીને દમ કરતા :

فَاللّٰه خَيْرٌ حَافِظاً وَّ هُوَ أَرْحَمُ الرَّاحِمِيْنَ

આ દુઆની બરકતથી બાળકો સલામત રહેતા અને સલામત પાછા આવતાં.

### બંદાઓના હકો

બુઝુર્ગો ફરમાવે છે કે બંદાઓ અને માણસોના હકો મારવા – છીનવી લેવાનો વબાલ અલ્લાહની નાફરમાની કરતાં વધારે ખતરનાક છે, કારણ કે કયામતના દિવસે અલ્લાહ તઆલા તો માફ કરી શકે છે, પણ માણસ બદલો લીધા વગર નહીં રહે.

### અવલાદની તરબિયત

અલ્લામહ શુઅરાની રહ. ફરમાવે છે કે મારા શેખ અલી ખવ્વાસ રહ. ફરમાવતા કે ઉલમા – સાલેહીનની અવલાદની તરબિયત માટે સૌથી વધારે નફાકારક વસ્તુ અવલાદ માટે એકાંતમાં દુઆઓ કરીને એમને અલ્લાહને હવાલે કરી દેવી છે.

### કશ્ફ–ઇલ્હામ

સૌથી મોટો કશ્ફ – ઈલ્હામ આ છે કે માણસને પોતાની ખામીઓ – ગુનાહો યાદ આવ્યા કરે.

# હઝ. મવ. મુનીર અહમદ કાલીના રહ.

પાછલા દિવસોમાં તા.૧૮ માર્ચ, ૨૪, મુતાબિક ૭ રમઝાન ૧૪૪૫ હિ. સોમવાર ના રોજ મુંબઈ ખાતે હઝ. મવલાના મુનીર અહમદ સાહેબ રહ. અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. આપ રહ. મુળ યુ.પી. ના રહેવાસી હતા. અને મઝાહિર ઉલૂમ સહારનપૂરમાં દીની તાલીમ ઉપરાંત હઝ. શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ. પાસે બુખારી શરીફ પઢવાની સઆદત મેળવી હતી.

તસવ્વુફ અને સુલૂકમાં આપ રહ. પ્રથમ શાહ વસીયુલ્લાહ ઈલાહાબાદી રહ.ના હાથ ઉપર બયઅત થયા હતા અને એમની વફાત પછી હઝરત મવલાના અબ્દુલ હલીમ જોનપૂરી રહ. પાસે બયઅત થયા અને ખિલાફત પણ મેળવી. ૧૯૭૧થી હઝ. જોનપૂરી રહ.ના હુકમ મુજબ મુંબઈ કાલીના જામેઅ મસ્જિદમાં ઈમામત માટે આવ્યા અને ત્યાં જ જીવન પુરું કરી દીધું. ત્યારે આ એક નાની મસ્જિદ હતી, આસપાસ દારૂ – જુગારનું ચલન હતું. મવલાના રહ.એ મેહનત કરીને લોકોમાં દીન બાબતે જાગૃતિ કેળવી પરિણામે લોકોમાં બેદારી આવી. આજની વિશાળ મસ્જિદ હઝ. રહ.ની મહેનતનું જ ફળ છે. ૫૦ વરસ લગાતાર અહિંયા સેવા બજાવી. મુંબઈમાં ૧૦૦ જેટલા બાળકોની દીની તાલીમ માટે મકતબો પણ શરૂ કર્યા. ઉપરાંત શહેરની વિવિધ મસ્જિદોમાં ઈસ્લાહી મજલિસનું આયોજન પણ કરતા હતા. જેના થકી લોકોને ઘણો ફાયદો થયો.

હઝ. મવ. રહ.ની વફાત ઉલમા અને મુસલમાનો માટે, વિશેષ કરીને એમના મુરીદો અને અકીદતમંદો માટે માટે મોટા સદમાની બાબત છે અને ભારતના તેમજ મુંબઈના મુસલમાનો પણ મોટું નુકસાન કહી શકાય. અલ્લાહ તઆલાના દરબારમાં દુઆ છે કે અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. એમની બધી જ ખિદમતો કુબૂલ ફરમાવે અને સદકએ જારિયહ બનાવીને કયામત સુધી સવાબ જારી ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન આપે અને એમના સગાંઓ, અકીદતમંદો અને મુરીદોને સબ્ર – હિમ્મત અને સકૂન આપે. આમીન.

● મુળ દેવલાના અને જંબુસર ખાતે સ્થાયી અગ્રણી જનાબ હાજી ઐયૂબ ભાઈ બગસ રહ. રમઝાન પહેલાં અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ સ્વભાવે મળતાવડા અને નેકદિલ હતા. જામિઅહની પાડોશમાં આબાદનગર મસ્જિદના પ્રમુખ હતા. સખીદિલ અને નમાઝોના પાબંદ હતા. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવીને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન આપે. અને સગાંઓને સબ્રની તોફીક આપે.